ચોકીદાર જોઈએ છે
(રહેવાની સગવડ)
અપ્પુ ચણાદાળ
એજન્સી આપવાની છે
દયાલ દાલ 98242 00970
પારેવડી ચોક પાસે, રાજકોટ

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૩-૧-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૨૬૨
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સૌરાષ્ટ્ર-કચ્છ દેશનું ગ્રોથ એન્જિનઃ રૂ.૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમઓયુ**

(વાંચો છેલ્લા પાને)

"સાચા મિત્રો વચ્ચેનો મતભેદ બેસીને દૂર થઈ શકે છે"

# ભારત સાથેની ટ્રેડ ડિલ ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશેઃ અમેરિકન રાજદૂત

## બન્ને દેશો વચ્ચે આજથી જ વાતચીત શરૂઃ ટેરિફ અને વ્યાપક દ્વિપક્ષીય વેપાર કરાર બન્ને મુદ્દે ટૂંક સમયમાં નિર્ણય લેવાશે

**અબતક, નવી દિલ્હી**

અમેરિકાએ ભારત ઉપર ટેરીફ તો ઝીકેલો છે પણ આની અસર તેને પણ મોટાપાયે ભોગવવી પડી રહી છે. પરિણામે હવે અમેરિકા પણ ધીમે ધીમે ફરી સંબંધો કેળવવા મથામણ કરી રહ્યું છે. અમેરિકાના ભારતમાં નવા રાજદૂત તરીકે નિયુક્ત સેર્ગિયો ગોરે કહ્યું કે ભારત અને યુએસ આજથી પ્રસ્તાવિત વેપાર કરાર પર ચર્ચા ફરી શરૂ કરશે. ગઈકાલે રાજધાનીમાં પહોંચ્યા પછી સમાધાનકારી વાત કરતા ગોરે દ્વિપક્ષીય સંબંધોને આ સદીના સૌથી મહત્વપૂર્ણ વૈશ્વિક

(અનુ. આઠમા પાને)



### અબતક
### કાલે અંક બંધ

ઉત્તરાયણ પર્વ નિમિતે આવતીકાલે તા.૧૪ને બુધવારના રોજ 'અબતક'કાર્યાલય સંપૂર્ણ રજા રાખશે. જેથી અંક પ્રસિધ્ધ થશે નહીં. તા. ૧૫ને ગુરૂવારથી અંક નિયમિત પ્રસિધ્ધ થશે જેની વાંચકો, વિતરક બંધુઓ અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવી.


– મેનેજીંગ તંત્રી

### અમેરિકા મુશ્કેલીમાં?ઃ ટેરિફ બોમ્બને સુપ્રીમ મંજૂરી નહિ આપે તો મોટી સમસ્યા સર્જાશે

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ચેતવણી આપી કે જો સુપ્રીમ કોર્ટ તેમના વૈશ્વિક ટેરિફને ગેરકાયદેસર જાહેર કરે તો અમેરિકાને મોટું આર્થિક નુકસાન થઈ શકે છે. કોર્ટ ૧૪ જાન્યુઆરીથી નિર્ણય જાહેર કરી શકે છે. આ કેસ પ્રમુખની સત્તાની મોટી પરીક્ષા છે અને તે અમેરિકા તથા વિશ્વની અર્થવ્યવસ્થા પર અસર કરી શકે છે. ટ્રમ્પે ૧૯૭૭ના કાયદા હેઠળ ટ્રેડ ડેફિસિટને રાષ્ટ્રીય કટોકટી જાહેર કરીને આ કરવેરા લાધ્યા હતા. નવેમ્બરમાં સુનાવણી વખતે મોટા ભાગના જજોએ આમાં શંકા વ્યક્ત કરી હતી કે પ્રમુખને કોંગ્રેસ વિના આવા વ્યાપક કરવેરા લાદવાનો અધિકાર છે કે નહીં. ટ્રમ્પે કહ્યું કે જો કોર્ટ વિરુદ્ધ નિર્ણય આપે તો અમેરિકાને સેંકડો બીલીયન ડોલર પરત કરવા પડી શકે છે. તેમાં કરવેરા ભરવાથી બચવા માટે કંપનીઓ અને દેશોએ કરેલા રોકાણો પણ સામેલ છે, જે કુલ મળીને ટ્રિલિયન્સ ડોલર થઈ શકે છે. તેમણે કહ્યું કે આ પ્રક્રિયા સરળ નથી અને તેમાં વર્ષો લાગી શકે છે. સરકારી આંકડા મુજબ, ૨૦૨૫માં આ કરવેરાથી અમેરિકાને ૨૦૦ બીલીયન ડોલર વધુ આવક થઈ હતી. આમાંથી અડધાથી વધુ આવક કટોકટી કાયદા હેઠળના કરવેરાથી આવી છે.ટ્રમ્પ કહે છે કે આ કરવેરાએ અમેરિકાના ઉત્પાદનને મજબૂત કર્યું અને રોકાણ વધાર્યું છે. નીચલી કોર્ટોએ પહેલેથી જ સરકાર વિરુદ્ધ નિર્ણય આપ્યા છે. આ કેસ વ્યવસાયો અને ૧૨ અમેરિકન રાજ્યો (મોટા ભાગે ડેમોક્રેટિક) દ્વારા લાવવામાં આવ્યો છે.

### ઈરાન સાથે વેપાર કરનારાઓને ૨૫ ટકા ટેરિફ ભરવા તૈયાર થઈ જવું પડશેઃ ટ્રમ્પ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વેપાર કરતા દેશો પર ૨૫% ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે સોમવારે રાત્રે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને જણાવ્યું કે જે પણ દેશ ઈરાન સાથે વેપાર કરશે, તેના પર અમેરિકા સાથેના વેપારમાં ૨૫% ટેરિફ લગાવવામાં આવશે.તેમણે જણાવ્યું કે આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગુ પડશે. જોકે, વ્હાઈટ હાઉસ તરફથી આ ટેરિફ અંગે સત્તાવાર દસ્તાવેજ જાહેર કરવામાં આવ્યો નથી. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શનો ચાલુ છે. આ પ્રદર્શનોમાં લગભગ ૬૦૦ લોકો માર્યા ગયા છે. ઈરાન પર અમેરિકા પહેલાથી જ કડક આર્થિક પ્રતિબંધો લગાવી ચૂક્યું છે. રોઈટર્સના અહેવાલ મુજબ, ઈરાન સાથે વેપાર કરનારા મુખ્ય દેશોમાં ચીન, સંયુક્ત અરબ અમીરાત અને ભારતનો સમાવેશ થાય છે. ટેરિફ લાગુ થવા પર આ દેશોના અમેરિકા સાથેના વેપાર પર અસર પડી શકે છે.



# ન હોય ખુદ મુખ્યમંત્રીએ ૧૭ ગુન્હા કરતા ઈડીએ સુપ્રીમ કોર્ટનું શરણું લેવું પડ્યું!

## પશ્ચિમ બંગાળની પોલીસ કોર્ટની પરવાનગી વિના સેન્ટ્રલ એજન્સીને ટચ નહીં કરી શકેઃ ઈડીની માંગ

**અબતક, નવી દિલ્હી**

લોકશાહીમાં જેમના ખભા પર કાયદાનું પાલન કરાવવાની જવાબદારી છે, જો તેમના પર જ ગંભીર ગુનાખોરીના આરોપ લાગે તો પરિસ્થિતિ કેટલી સ્ફોટક હોઈ શકે તેનો આ તાજો પુરાવો છે. પશ્ચિમ બંગાળના રાજકારણમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ દેશની સર્વોચ્ચ અદાલત, સુપ્રીમ કોર્ટમાં એક અત્યંત ચોંકાવનારી અરજી દાખલ કરી છે. જેમાં રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જી, રાજ્યના ડીજીપી અને કોલકાતા પોલીસ કમિશનર સામે સીધી જંગ છેડવામાં આવી છે.

ઈડિનો દાવો છે કે ૮ જાન્યુઆરીએ જ્યારે તેમની ટીમ કોલસા કૌભાંડના મામલે I-PAC ના પ્રતીક જૈનના ઘરે દરોડા પાડવા ગઈ હતી, ત્યારે ખુદ મુખ્યમંત્રી અને ટોચના પોલીસ અધિકારીઓએ તપાસમાં અવરોધ ઊભો કર્યો હતો. એટલું જ નહીં, ઈડી એ તેમના પર ચોરી, લૂંટ, પુરાવાનો નાશ અને તપાસ અધિકારીઓને ધમકાવવા જેવા ૧૭ જેટલા ગંભીર ગુનાઓનો આરોપ લગાવ્યો છે.

આ દરોડા રૂ. ૩,૦૦૦ કરોડના ગેરકાયદે કોલસા માઈનિંગના મની લોન્ડરિંગ કેસ સાથે જોડાયેલા હતા.

ઈડીએ આરોપ લગાવ્યો છે કે પોલીસ અને સત્તાધિશોએ બળજબરીથી ડિજિટલ પુરાવા અને ફાઈલો છીનવી લીધી છે, જેને પરત મેળવવા હવે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની જરૂર પડી છે.

ઈડીએ સુપ્રીમ કોર્ટ પાસે એવી માંગ કરી છે કે પશ્ચિમ બંગાળ પોલીસ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ઈડીના અધિકારીઓ વિરુદ્ધ કોઈ પણ નવી FIR દાખલ ન કરે. ઈડીએ વિનંતી કરી છે કે જે ડિજિટલ ઉપકરણો, ઈલેક્ટ્રોનિક રેકોર્ડ્સ અને દસ્તાવેજો દરોડા દરમિયાન બળજબરીથી છીનવી લેવામાં આવ્યા છે, તેને તાત્કાલિક જપ્ત કરી, સીલ કરીને ફોરેન્સિક તપાસ માટે સુરક્ષિત કરવામાં આવે અને ઈડીને પરત સોંપવામાં આવે.

આ ઘટના માત્ર પશ્ચિમ બંગાળ પૂરતી સીમિત નથી, પરંતુ તે ભારતીય રાજનીતિની એ વરવી વાસ્તવિકતા દર્શાવે છે જ્યાં 'બંધારણ' કરતા 'વ્યક્તિગત સત્તા' મોટી થઈ ગઈ છે. જો દેશના સર્વોચ્ચ હોદ્દા પર બેઠેલા લોકો જ કાયદાને હાથમાં લેશે અથવા કાયદાથી ઉપર હોવાનું વર્તન કરશે, તો દેશની લોકશાહી નબળી પડશે.




# જૈન બાળકી અરિહા શાહને માતા-પિતાને સોંપોઃ મોદીએ જર્મન ચાન્સેલર સમક્ષ વાત મૂકી!!

## ગુજરાતના જૈન પરિવારની દીકરી અરિહાને છેલ્લા ૪ વર્ષથી જર્મની સરકારે સરકારી પાલક દેખભાળ સેન્ટરમાં રાખી છે

**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતની મુલાકાતે આવેલા જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ સમક્ષ બાળકી અરિહા શાહનો મુદ્દો ઉઠાવ્યો હતો.ચાર વર્ષથી આ માસૂમ બાળકી માતાપિતાના પ્રેમથી વંચિત છે.હવે તેને માતાપિતાને સોંપવી જોઈએ.તેવું કહ્યું હતું.

આ અંગે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે બાળકી અરિહા શાહનો કેસ દિલ્હી અને બર્લિનમાં જર્મન અધિકારીઓ સાથે સક્રિય ચર્ચાનો મુદ્દો છે. ગાંધીનગરમાં એક પત્રકાર પરિષદ દરમિયાન, તેમણે પુષ્ટિ આપી હતી કે "વડાપ્રધાને તેમની મુલાકાત દરમિયાન ચાન્સેલરને પણ આ વાતનો ઉલ્લેખ કર્યો હતો".સપ્ટેમ્બર ૨૦૨૧ માં અમદાવાદના અરિહાને માતા ધારા અને પિતા ભાવેશ શાહથી અલગ કરવામાં આવી હતી અને દુર્વ્યવહારના આરોપો બાદ જર્મનીમાં પાલક સંભાળ હેઠળ રાખવામાં આવી હતી. ભારતનું માનવું છે કે, આખરે, માનવતાવાદી મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આ બાબતે બાળકીના માતાપિતા સાથે સંપર્ક કરવો જોઈએ. તેમણે માતાપિતા પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરતા કહ્યું, "હું એમ ન કહી શકું કે અમે પરિવારની તકલીફ અને મુશ્કેલીઓ સમજીએ છીએ કારણ કે ફક્ત તેઓ જ તેમને સમજી શકે છે."

તેમણે ખાતરી આપી કે સરકાર પરિસ્થિતિથી સંપૂર્ણપણે વાકેફ છે અને દરેક શક્ય વળાંક પર મદદ કરી રહી છે.સરકારનું મુખ્ય ધ્યાન બાળકના સાંસ્કૃતિક વારસાનું જતન છે, એમ મિસ્રીએ ઉમેર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, "અમે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે અરિહાનો ઉછેર શક્ય તેટલો ભારતીય વાતાવરણમાં થાય, પછી ભલે તે ભારતીય લોકો સાથે વાતચીત કરવાનો હોય કે જર્મનીમાં ઉજવાતા ભારતીય તહેવારોમાં ભાગ લેવાનો હોય. અમે તેના માટે હિન્દી શીખવાની વ્યવસ્થા કરવા માંગીએ છીએ.

"મિસરીએ નિષ્કર્ષ કાઢ્યો, "અમે આ મુદ્દા પર જર્મન સરકાર સાથે ફોલોઅપ કરવાનું ચાલુ રાખીશું, અને દરેક પગલા પર પરિવારની સાથે રહીશું," તેમણે કહ્યું.તેમણે ઉમેર્યું કે અધિક સચિવ (યુરોપ) પરિવાર સાથે વારંવાર સંપર્ક જાળવી રાખે છે અને વચન આપ્યું હતું કે સરકાર અમે અમારા તરફથી શક્ય તેટલું બધું કરીએ છીએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતનો એક જૈન પરિવાર કે જે જર્મની ખાતે કામ અર્થે રહે છે

(અનુ. આઠમા પાને)





# ભરોસાપાત્ર PSLV રોકેટમાં સતત બીજી વાર ખામી, ૧૬ સેટેલાઈટ અંતરિક્ષમાં ખોવાયા

**અબતક, બેંગ્લોર**

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) માટે વર્ષ ૨૦૨૬ ની શરૂઆત આઘાતજનક રહી છે. સોમવારે સવારે શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવેલું PSLV-C62 મિશન નિષ્ફળ ગયું છે. ઈસરોના સૌથી વિશ્વસનીય ગણાતા 'વર્કહોર્સ' (PSLV) રોકેટની આ સતત બીજી નિષ્ફળતા છે, જેને વૈજ્ઞાનિકો 'માત્ર નસીબનો ખેલ' ગણવાને બદલે સિસ્ટમની મોટી ખામી તરીકે જોઈ રહ્યા છે.

સોમવારે સવારે ૧૦:૧૭ વાગ્યે સતીશ ધવન સ્પેસ સેન્ટરના પ્રથમ લોન્ચ પેડ પરથી PSLV-C62 રોકેટે ગર્જના સાથે ઉડાન ભરી હતી. શરૂઆતના બે તબક્કા (First Second Stage) એકદમ સામાન્ય રહ્યા હતા. પરંતુ, જ્યારે રોકેટ ત્રીજા તબક્કા (PS3) માં પહોંચ્યું, ત્યારે તેમાં ગંભીર ખામી સર્જાઈ હતી.લોન્ચિંગના આશરે ૮ મિનિટ બાદ ત્રીજા તબક્કાના અંતિમ ચરણમાં રોકેટની પરિભ્રમણ ગતિમાં અનપેક્ષિત ખલેલ પહોંચી હતી.આ ખામીના કારણે રોકેટ તેના નિર્ધારિત માર્ગ પરથી ભટકી ગયું હતું.રોકેટ તેના અંતિમ ગંતવ્ય સુધી પહોંચી ન શકવાને કારણે DRDOનો અત્યાધુનિક ઊધજ-ગ૧ (અન્વેષા) સેટેલાઈટ અને અન્ય ૧૫ વિદેશી પેલોડ્સ ભ્રમણકક્ષામાં સ્થાપિત થઈ શક્યા નહોતા અને અંતરિક્ષમાં જ ખોવાઈ ગયા હતા સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે આ મિશન પણ ગયા વર્ષે (૧૮ મે, ૨૦૨૫) ના PSLV-C61 ની જેમ જ નિષ્ફળ રહ્યું છે.



### PSLVના સક્સેસ રેટ પર અસર

દાયકાઓ સુધી અજેય ગણાતા PSLV રોકેટની નિષ્ફળતાથી ઈસરોના વૈજ્ઞાનિકોના મનોબળ પર પણ અસર પડી છે.

" ગયા વર્ષે PSLV-C61 ની નિષ્ફળતાથી રોકેટનો સક્સેસ રેટ ૯૫.૨% થી ઘટીને ૯૩.૭% થયો હતો, જે આ મિશન બાદ વધુ નીચે આવશે.

" PSLV ના ૬૪ મિશનમાંથી આ ચોથી મોટી નિષ્ફળતા છે.

### ઈસરોએ શું કહ્યું?

ઈસરો ચીફ વી. નારાયણે જણાવ્યું છે કે આ ખામીનું વિગતવાર વિશ્લેષણ કરવા માટે એક ફેલિયર એનાલિસિસ કમિટી (FAC) ની રચના કરવામાં આવશે. ત્રીજા સ્ટેજમાં વપરાતા સોલિડ ફ્યુઅલ મોટર, નોઝલ કંટ્રોલ અથવા કવોલિટી કંટ્રોલમાં ક્યાં ચૂક રહી ગઈ છે તેની તપાસ કરવામાં આવશે.

# બુલિયન બજારનો પતંગ આસમાને સોના-ચાંદીના ભાવ આજે પણ વધ્યા

## સ્થાનિક બજારમાં ચાંદીના ભાવમાં રૂ. ૪૦૦૦ અને સોનાના ભાવમાં રૂ.૫૦૦નો ઉછાળોઃ એમસીએક્સ પર ભાવ ઘટયાઃ શેરબજારમાં નરમાશ

**અબતક, રાજકોટ**

બિલિયન બજારનો પતંગ સાતમાં આસમાને ચગી રહ્યો છે. સોના ચાંદીના ભાવમાં સ્થાનીક બજારમાં ઉછાળો જોવા મળ્યો હતો. જયારે એમસીએકસ પર ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ આજે પણ શેર બજારમાં નરમાશ રહેવા પામી હતી.

એમસીએકસ પર આજે ચાંદીના ભાવ રૂ.૨,૭૨,૨૦૨ની સર્વોચ્ચ સપાટીએ આંબી ગયા હતા ત્યારબાદ ઘટાડો નોંધાયો હતો. ઉપલા મથાળેથી રૂ.૫ હજારનો ઘટાડો રહ્યો હતો. જયારે સોનાના ભાવ આજે એમસીએકસ પર રૂ.૧૪૨૨૦૬ની સપાટીએ

(અનુ. આઠમા પાને)

ગુજરાતી થાળી • કાઠીયાવાડી
દરરોજ શુધ્ધ ઘીના ચુરમાના લાડુ
ઉંધીયુ
દરરોજ સ્પે.રજવાડી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
SINCE:1991
શ્રી યાદવ રેસ્ટોરન્ટ
૮૦ ફુટ રોડ, સોરઠીયાવાડી ચોક, રાજકોટ. મો. ૯૯૭૮૮ ૨૦૨૯૪,૮૦૦૦૦૭૭૭૦

**સ્વાદ અને સ્વાસ્થ્યનો સંગમ શેઠ બ્રધર્સની ડીટોક્ષ ગ્રીન-ટી બીજી બધી ગ્રીન-ટી ભુલી જશો**

ગ્રીન-ટી તો અનેક કંપનીઓની આવે છે પરંતુ આપ એકવાર શેઠ બ્રધર્સની પ્રતિકાર ડીટોક્ષ ગ્રીન-ટી પીશો તો અન્ય તમામ ભુલી જશો. કારણ કે આ ગ્રીન-ટી ટેસ્ટમાં તો બેસ્ટ છે જ સાથોસાથ તેમાં આદુ, હળદર, અશ્વગંધા, ગળો, કાળા મરી, એલચી, તુલસી, સરગવાના પાનનો સમાવેશ છે તેથી તે સ્વાસ્થ્યવર્ધક પણ છે. ચહેરાની ત્વચામાં ચમક લાવવામાં, વજન નિયંત્રીત કરવામાં, શરદીમાં, કોલેસ્ટ્રોલ ત્થા હૃદય માટે ઉત્તમ ગુણકારી છે. આ પ્રતિકાર ડીટોક્ષ ગ્રીન-ટીનું નિયમિત સેવન આપને સ્વાદની મજા અને સ્વાસ્થ્યનો સાથ આપશે.

આકાશમાં રંગ ભરો, જીવનમાં ઉડાન ભરો

# વિશ્વનાં સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં સૂર્ય માટે "પતંગ" શબ્દ વપરાયો હતો

## આખું વર્ષ વિશ્વના વિવિધ દેશમાં ઉડતી રહે છે પતંગઃ હડપ્પા અને મોહે-જો-દરોની સિંધુ સંસ્કૃતિના મળી આવેલા અવશેષોમાં અમુક ચિત્રલિપીમાં પતંગની આકૃતિ જોવા મળે છેઃ ભારતમાં પતંગ નામનો સર્વ પ્રથમ ઉલ્લેખ મંઝન નામના કવિએ તેની મધુમાલતી કવિતામાં કર્યો હતો

આવતીકાલે ભારતીય સંસ્કૃતિના અને ખાસ ગુજરાતીઓનો પતંગ ઉડાડવાનો દિવસ છે, આ દિવસ આપણી પંચાંગની ગણતરી મુજબ, અત્યારે મકર સંક્રાંતિ અને ઉત્તરાયણ એક જ દિવસે (૧૪ જાન્યુઆરી) ઉજવવામાં આવે છે. પરંતુ પૃથ્વીના ધરીભ્રમણને કારણે હજારો વર્ષો પહેલા આ બંને ઘટનાઓ એકસાથે થતી હતી, જે હવે થોડા દિવસોના અંતરે થાય છે. વિજ્ઞાન મુજબ સૂર્ય ૨૨ ડિસેમ્બરથી જ ઉત્તર તરફ ખસવાનું શરૂ કરી દે છે.

મકર સંક્રાંતિનો અર્થ સંક્રાંતિ એટલે સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં પ્રવેશવું. જ્યારે સૂર્ય ધન રાશિમાંથી નીકળીને મકર રાશિમાં પ્રવેશ કરે છે, ત્યારે તેને 'મકર સંક્રાંતિ' કહેવામાં આવે છે. આ એક જ્યોતિષીય ઘટના છે. આ દિવસે દાન-પુણ્ય અને તલ-ગોળ ખાવાનું વિશેષ મહત્વ હોય છે. ઉત્તરાયણનો અર્થ ઉત્તરાયણ 'ઉત્તર + અયન'. સૂર્યની ગતિ જ્યારે ઉત્તર દિશા તરફ વળે તેને ઉત્તરાયણ કહેવાય છે. વૈજ્ઞાનિક મહત્વ વર્ષના છ મહિના સૂર્ય દક્ષિણ તરફ નમેલો હોય છે, તેથી તેને દક્ષિણાયન અને બાકીના છ મહિના ઉત્તર તરફ હોવાથી ઉત્તરાયણ કહેવાય છે. ઉત્તરાયણ શરૂ થતા દિવસો લાંબા અને રાત ટૂંકી થવા લાગે છે.

આપણે મકર સંક્રાંતિએ પતંગ ઉડાડીએ છીએ પણ આજે કે કાલે કે આવતા મહિને પણ વિશ્વના અલગ અલગ દેશોના પ્રદેશોમાં પતંગ ઉડતી જ રહે છે. આપણાં દેશમાં પતંગને તિલંગી, પાળોલ, મકડા, ગાલપિટ્ટ અને પડાઈ જેવા નામોથી બોલાવાય છે. વિશ્વમાં અલગ અલગ દેશોમાં તેના આકાર, કદ, દેખાવ મુજબ તેના નામો જાણીતા છે. પતંગ શબ્દ હકિકતમાં સંસ્કૃત શબ્દ છે. આપણા દેશમાં કે વિશ્વમાં તેના આકાર, કદ મુજબ વિવિધ નામો છે. તેમ આપણાં ગુજરાતમાં પણ તેને ફૂમતાવાળા, પૂછડીવાળા, કાગડી, આંખદાર, પીળી, બગલું, ભૂરીભાત બાળા જેવા વિવિધ નામો છે. તેના ઝુંડ ને પંજો અને ૨૦ પતંગોને કે જથ્થાને કૂડી કહેવાય છે. પતંગો વિશેની અનેક કથા અને વાતો જાણીતી છે. તુલસીદાસ કૃત રામાયણના બાલ કાંડની ચોપાઈ તેનો ઉલ્લેખ અને રામે પતંગ ઉડાડી હોવાનો ઉલ્લેખ જોવા મળે છે. ત્રણ હજાર વર્ષ પહેલા વનસ્પતિના પાંદડામાંથી પણ પતંગો બનતી હોવાનું માનવામાં આવે છે. સૌ પ્રથમ



વિશ્વમાં ઈ.સ. પૂર્વે ૨૦૬માં પ્રથમ પતંગ ચગાવનાર ચીનના હુઆન થેંગ હતા. વિશ્વનો સૌથી મોટો પતંગ ૬૩૦ ચોરસમીટર નું કદ ધરાવતો હતો, જયારે લાંબો પતંગ ૧૦૩૪ મીટરની લંબાઈ ધરાવતો હતો. જાપાનના એક પતંગ બાજે એક જ દોરી ઉપર ૧૧૨૮૪ પતંગ ઉડાડવાનો વર્લ્ડ રેકોર્ડ ધરાવે છે. સૌથી દુર ઉડાવવાનો વર્લ્ડ રેકોર્ડ કલાકની ૧૯૩ કી.મી. ઝડપે પતંગ ઉડાવવાનો છે. થાઈલેન્ડમાં પતંગ ઉડાડવાના ૭૮ નિયમો નકકી કરાયા છે. ગુજરાતના અમદાવાદમાં તો બે દિવસ ઉત્સવ જેવો માહોલ હોય છે. અહિં વાસી ઉતરાયણનું પણ વિશેષ મહત્વ છે. સુરત, બરોડા, રાજકોટ જેવા અનેક શહેરોમાં પતંગ રસીયાઓએ દોરો પાવાથી લઈને પતંગના આયોજન પણ કરી નાખ્યા છે. ધાબા ઉપર પરિવાર સાથે મિત્રો સાથે સવારથી સાંજ જલ્વામાં ડીજે, ચીકી, બોર, જીંજરા, ખજુર, ઉંધીયુ જેવા વ્યંજનો પણ સામેલ થાય છે. અત્યારે તો બજારમાં પતંગ દોરા, ફિરકી વિગેરેની ધુમ લેવાલી નીકળી પડી છે. નીત નવા પતંગો પણ આ વર્ષે જોવા મળી રહ્યા છે. આપણા ગુજરાતમાં છેલ્લા અઠવાડિયાથી વિવિધ શહેરોમાં પતંગ ઉત્સવ યોજાઈ રહ્યા છે, જેમાં વિદેશી પતંગબાજો પણ પોતાની નિત નવી પતંગ લઈને આવ્યા છે. આપણાં સૌરાષ્ટ્ર ગુજરાતમાં વર્ષમાં એક જ વખત મકર સંક્રાંતિ એ જ પતંગ ચગાવાય છે. પરંતુ દેશના અલગ અલગ પ્રદેશોમાં કોઈને કોઈ પર્વને નિમિત બનાવીને લોકો પતંગ ઉડાડે છે. તેથી દેશમાં અને વિશ્વમાં આખુ વર્ષ કોઈને કોઈ તહેવારે પતંગ ઉડતી જ રહે છે. પશ્ચિમ બંગાળમાં મુળ બંગાળીઓ નવરાત્રી દરમ્યાન વિશ્વકર્મા જયંતિ ઉજવણીએ પતંગ ઉડાવીને પતંગ પર્વ ઉજવે છે. રાજસ્થાનમાં ખાસ કરીને બિકાનેર શહેરમાં અખાત્રીજે પતંગ રસીયા પતંગ ચગાવે છે. આ પાછળના કારણોમાં રાજસ્થાનના રાજવી રાવ બિકાજીએ અક્ષય તૃતીયા ના દિવસે બિકાનેર શહેર વસાવેલ તેથી સ્થાપના દિવસે ઉજવણીના ભાગરુપે પતંગ ઉડાડાય છે. આ દિવસે ખીચડો ખાવાનું વિશેષ મહત્વ છે. અખાત્રીજ પહેલા બીજના દિવસથી જ પતંગ ઉડાડાય છે. રાજસ્થાનના બીજા એક શહેર જોધપુરમાં અખાત્રીજે પતંગ ચગાવવાનો રિવાજ છે, પરંતુ અખાત્રીજ કરતાં રક્ષાબંધનના દિવસે પતંગો વધુ ચગાવાય છે. રાજયના જયપુરમાં મકર સંક્રાંતિએ જ પતંગ ઉડાડાય છે.પાટનગર દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં સ્વાતંત્ર્ય પર્વે પતંગ ચગાવાય છે. જયારે બોલીવુડ નગરી મુંબઈમાં દિવાળી દરમ્યાન પતંગ રસીયા પતંગ ચગાવે છે. જો કે હવે મુંબઈમાં ગુજરાતી સ્થાય થયેલા ગુજજુ પરિવારો ૧૪મી જાન્યુઆરી મકર સંક્રાતિએ જ પતંગ ઉડાડે છે. દક્ષિણના પ્રમુખ રાજય તામિલનાડુમાં પોંગલ ઉત્સવમાં પતંગ પ્રજા ચગાવે છે. આખા દેશમાં પતંગ ઉડાવવાનું વિશેષ મહત્વ ઉત્તર પ્રદેશમાં છે, અહીં પતંગ રસીયાઓ બારે માસ પતંગ ઉડાડતા જોવા મળે છે. લખનૌમાં દિવાળી પર્વે તો કાનપુરમાં રક્ષાબંધને, મુરાદાબાદમાં વસંત પંચમીએ પતંગ ઉડાડવાનો રીવાજ છે. આપણા ગુજરાતમાં અપવાદ રુપ પ્રભાષ પાટણમાં મકર સંક્રાતિ એ પતંગ નથી ઉડતી પણ ભર ચોમાસે પિતૃશ્રાધ્ધના દિવસોથી પતંગ ઉડાડવાનું શરુ કરાય છે. જે છેક દેવદિવાળી સુધી ચાલે છે. પંજાર હરિયાળામાં મકર સંક્રાંતિ 'માઘી' નામથી ઓળખાય છે. સંક્રાંતનો એક દિવસ પહેલા 'લોહિડી' નો ઉત્સવ મનાવે છે.આપણા દેશમાં અલગ અલગ નામથી દેશભરમાં સંક્રાતનું પર્વ મનાવાય છે અને આખુ વર્ષ પતંગના પડછાયા દેશમાં ક્યાંયને કયાંક ઝીલાતા રહે છે.



### ત્રણ હજાર વર્ષ પહેલા પાંદડામાંથી પ્રથમ પતંગ બનાવ્યો હતો

વિશ્વનો સૌથી નાનો પતંગ પાંચ મિલીમીટર જેટલું ઉંચુ ઉડયો હતો. દુનિયાના સૌથી મોટા પતંગને 'મેગા ફલેગ' તરીકે ઓળખાય છે. સૌથી પહેલો પતંગ વૃક્ષના પાંદડામાંથી ત્રણ હજાર વર્ષ પહેલા બનાવ્યો હતો. અત્યાર સુધી સૌથી ઝડપી ઉડાડવામા આવેલો જે પતંગ કલાકની ૧૯૩ કી.મીની ઝડપ ધરાવતો હતો. ન્યુઝીલેન્ડમાં પક્ષીના આકારોની પતંગોનો ક્રેઝ છે. જાપાની લોકો પતંગ ઉડાવવામાં જ પ્રવૃત રહેતા હોવાથી ૧૭૬૦ માં તેની ઉપર પ્રતિબંધ મુકાયો હતો. અમેરિકન સૈનિકો પતંગોનો સંદેશા વ્યવહાર તરીકે ઉપયોગ કરતાં હતા. ચીનમાં ડ્રેગન આકારના પતંગો ખુબ જાણીતા છે. ૧૯૦૧ માં માર્કોની એ પતંગની મદદથી પ્રથમવાર રેડીયો તરંગોના માધ્યમથી સંદેશાઓને એટલાન્ટિક સમુદ્રની પાર મોકલવામાં સફળતા મળી હતી.

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

**રાજસ્થાનમાં અખાત્રીજે તો મુંબઈમાં દિવાળીએ અને દિલ્હીમાં સ્વાતંત્ર્ય પર્વે પતંગ ઉડે છે : અમદાવાદમાં પતંગોત્સવ બે દિવસ ચાલે છેઃ જાણકારોના મત મુજબ પતંગનું મહત્વ કે અસ્તિત્વ રામાયણ અને મહાભારતમાં પણ જોવા મળે છે**

# વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં સ્વચ્છ ઉર્જા યોજનાઓ રજૂ કરતું 'એસ્સાર ગ્રુપ'

## ભારે પરીવહન ક્ષેત્રોમાં કાર્બન ઉત્સર્જન નોંધપાત્ર પ્રમાણમાં ઘટશેઃ ભારતની ગ્રોથગાથામાં ગ્રીન પરીવહન મહત્વની ભૂમિકા અદા કરશે

**અબતક,રાજકોટ**

રાજકોટ ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ દરમિયાન એસ્સાર ગ્રૂપે દેશમાં માલ પરિવહનને વધુ સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી બનાવવાના પોતાની વિવિધ પહેલો દર્શાવી છે. આ કાર્યક્રમ સાથે યોજાયેલ ટ્રેડ શોમાં ભાગ લેતા એસ્સાર ગ્રૂપે પોતાની ગ્રીન મોબિલિટી ઈકોસિસ્ટમ અને સમગ્ર ભારતમાં ભારે વાહનોમાંથી પ્રદૂષણ ઘટાડવા માટેની અસરકારક યોજનાઓ રજૂ કરી. એસ્સારની ગ્રીન મોબિલિટી ઈકોસિસ્ટમમાં, એલએનજી અને બેટરીવાળા ઈલેક્ટ્રિક હેવી-ડ્યુટી ટ્રકનું નિર્માણ કરતી - બ્લૂ એનર્જી મોટર્સ, આ ગ્રીન




ફ્લીટનું સંચાલન કરતી - ગ્રીનલાઈન મોબિલિટી સોલ્યુશન્સ અને આ ફ્લીટ માટેનું ઈંધણ - એલએનજી અને બેટરી રી-ચાર્જિંગનું મલ્ટી-ફ્યૂઅલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નેટવર્ક પૂરું પાડતી - અલ્ટ્રા ગેસ એન્ડ એનર્જી લિ. (યુજીઈએલ), શામેલ છે. ભારતમાં ભારે ટ્રક્સ પ્રદૂષણના સૌથી મોટા સ્ત્રોતોમાંથી એક છે. આ સમસ્યાના ઉકેલ માટે, એસ્સાર ગ્રુપ ઓછા ઉત્સર્જનવાળા પરિવહન વિકલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને એક મહત્તવપૂર્ણ વિકલ્પ તરીકે કંપની લાંબી અંતરના પરિવહનમાં એલએનજી (લિક્વિફાઈડ નેચરલ ગેસ) ટ્રક્સનો ઉપયોગ કરે છે અને નિકટ અંતરના માર્ગો માટે ઈલેક્ટ્રિક ટ્રક્સનો ઉપયોગ કરે છે. એલએનજી ટ્રક્સ ડીઝલ ટ્રક્સની તુલનામાં ઓછું પ્રદૂષણ કરે છે, જ્યારે ઈલેક્ટ્રિક ટ્રક્સના વપરાશ દરમ્યાન કોઈજ ઉત્સર્જન થતું નથી. આ પહેલના એક મહત્વપૂર્ણ ભાગરૂપે એસ્સાર ગ્રૂપે તાજેતરમાં મુંબઈ અને પુણે વચ્ચે ભારતનું પહેલું ઈલેક્ટ્રિક ફ્રેઈટ કોરિડોર પણ લોકાર્પિત કર્યું છે.એસ્સાર હાલમાં મુખ્ય માલ પરિવહન માર્ગો પર ૮૦૦થી વધુ એલએનજી ટ્રક્સનું સંચાલન કરી રહ્યું છે, જેના ઈંધણ રી-ફ્યુઅલીન્ગને હાલ કંપનીના ૬ એલએનજી સ્ટેશનો સપોર્ટ કરી રહ્યા છે. ગ્રુપના આ ટ્રકોએ કુલ મળીને લગભગ ૭૦ મિલિયનથી વધુ સ્વચ્છ કિલોમીટરની પરિવહન મુસાફરી કરી છે અને ૧૮,૦૦૦ ટનથી વધુ કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જન ઘટાડ્યું છે - જે લગભગ ૭.૫ લાખ વૃક્ષો લગાવવા સમાન છે. આવનારા સમય દરમિયાન, એસ્સાર તેની સ્વચ્છ પરિવહન યોજનાઓને આગળ વધારવા કટિબદ્ધ છે. આગામી ત્રણ વર્ષમાં, લગભગ યુએસડી ૧ બિલિયન રોકાણ થકી, કંપની ૧૦,૦૦૦ એલએનજી અને ઈલેક્ટ્રિક ટ્રકની ફ્લીટનું નિર્માણ કરશે અને ભારતમાં ૧૦૦ એલએનજી ફ્યુઅલ સ્ટેશનો ખોલવાનું આયોજન પણ કરશે. કંપનીના આ પ્રયત્નથી લગભગ ૧ મિલિયન ટન સુધીના કાર્બન ડાયઑક્સાઈડ ઉત્સર્જનને ઘટાડવામાં મદદ મળી શકે છે. રાજકોટ ખાતે યોજાયેલ આ વાઈબ્રન્ટ ગુજરાતમાં, એસ્સાર ગ્રૂપે ભારતની સસ્ટેનેબલ ગ્રોથ ગાથામાં ગ્રીન પરિવહનની ભૂમિકાનું મહત્વ સમજાવી, ગ્રીન પરિવહન ક્ષેત્રે પોતાની ભાગીદારી થકી તેની પહેલો, સફળતાઓ અને ભવિષ્યની યોજનાઓને હાઈલાઈટ કરી છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૦૧-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ફક્ત મહિલાઓ માટે)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રાગી નો શીરો)+(વેજ.કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૧૫ ગુજરાતી નાટક (આ કોકિલાનું કંઈક કરો)
૦૭:૧૫ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૦૧-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૩:૦૦ ગુજરાતી મુવી (વિઠ્ઠલ તીડી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઉંધીયું)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.પ્રિયા કોડરાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૧૦ ગુજરાતી નાટક (કાકાની કમાણી પડોશણમાં સમાણી)
૦૭:૧૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૫-૦૧-૨૦૨૫ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## ઈવનીંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે ચાર દિવસ સંગીત સંધ્યા કાર્યક્રમ

**અબતક,રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં તા. ૧૪/૧/૨૬ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે "ઉમર જેડા એન્ડ પાર્ટી" દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૬/૧/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે "રાધે મ્યુઝીકલ ગ્રૂપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૭/૧/૨૬ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ઓમ ઈન્ટરનેશનલ કુરીયર એન્ડ કાર્ગો દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૮/૧/૨૬ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ફ્રેન્ડઝ મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, ઉમરભાઈ જેડા, પ્રફુલભાઈ સોનેજી, બિપીનભાઈ ઠાકર, નીલાબેન હિંડોચા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

## અબતક પંચાગ

**તા. ૧૪-૧ -૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** પોષ વદ અગીયારશ મકર સંક્રાંતિ
**નક્ષત્ર** અનુરાધા
**યોગ** ગંડ **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૭.૨૯ **સુર્યાસ્તઃ** ૬.૨૩
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૧૮

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૬ | | | |
| | ૫ | ૩ | | | | ૧ | ૮ | |
| | | | | | | | ૩ | ૬ |
| ૯ | | | ૫ | | | | | |
| | | | ૬ | | | | ૭ | ૮ |
| | ૬ | ૪ | | | ૮ | | | ૯ |
| ૨ | | | | ૩ | | ૭ | ૬ | |
| | | | | ૪ | | | | |
| ૩ | | | | | | | ૫ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૩૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૫ | ૧ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ |
| ૪ | ૨ | ૭ | ૮ | ૫ | ૬ | ૧ | ૩ | ૯ |
| ૩ | ૧ | ૯ | ૪ | ૨ | ૭ | ૮ | ૫ | ૬ |
| ૧ | ૯ | ૮ | ૩ | ૭ | ૫ | ૬ | ૪ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૯ | ૬ | ૪ | ૫ | ૮ | ૧ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૧ | ૮ | ૭ | ૯ | ૩ |
| ૯ | ૫ | ૧ | ૭ | ૮ | ૩ | ૨ | ૬ | ૪ |
| ૬ | ૭ | ૩ | ૫ | ૪ | ૨ | ૯ | ૧ | ૮ |
| ૨ | ૮ | ૪ | ૬ | ૯ | ૧ | ૩ | ૭ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૪.૧.૨૦૨૬, બુધવાર, સંવંત ૨૦૮૨, પોષ વદ અગિયારસ, ષટ્તિલા એકાદશી, અનુરાધા નક્ષત્ર, બાલવ કરણ આજે જન્મેલાંની વૃશ્ચિક (ન,ય) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** અંગત જીવનમાં સારું રહે, મનોમંથન કરી શકો, વિચારોમાં પરિવર્તન જણાય, શુભ દિન.
**વૃષભ (બ,વ,ઉ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો, દિવસ શુભ રહે.
**કર્ક (ડ,હ) :** વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.
**સિંહ (મ,ટ) :** નવી વસ્તુની ખરીદી થાય, સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો, દિવસ સંતોષજનક રહે.
**કન્યા (પ,ઠ,ણ) :** ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**તુલા (ર,ત) :** આર્થિક બાબતોમાં મધ્યમ રહે, આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.
**વૃશ્ચિક (ન,ય) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** કોઈ બાબતમાં વધુ દલીલથી દૂર રહેવું, વાદ-વિવાદથી દૂર રહેવું, અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.
**મકર (ખ,જ) :** આકસ્મિત લાભ થાય, મુશ્કેલીમાં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.
**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય, નવીન તક હાથમાં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

## ૧૪ જાન્યુઆરી બુધવારે મકરસંક્રાંતિ અને ષટ્તિલા એકાદશીના સંયોગમાં ગ્રહ લેશે પરીક્ષા!!!

૧૪ જાન્યુઆરી બુધવારે મકરસંક્રાંતિ અને ષટ્તિલા એકાદશી બેઉ સાથે છે ગ્રહોને મજબૂત કરવા વર્ષો પછી આવતા આ વિશેષ સંયોગનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે અત્રે જાણવું છું. આ દિવસે છ પ્રકારે તલનો ઉપયોગ કરવાની એકાદશી, જે ભગવાન વિષ્ણુને સમર્પિત છે અને પાપ નાશ તથા સમૃદ્ધિ માટે તલના દાન, માલિશ ,સ્નાન, ભોજન, હવન, તર્પણ અને ઉપવાસમાં તલનો ઉપયોગ થાય છે. ખાસ બાબત આજના દિવસે દાનની છે જેમાં તલ ગોળ શેરડી વસ્ત્ર વિગેરે આપવામાં આવે છે જે વિષે રાશિ મુજબ શું દાન કરવું તે પણ અલગ લેખમાં જણાવી ચુક્યો છું. આ બેઉના સંયોગમાં એક બાબત ખ્યાલમાં રાખવાની એ છે કે આ દિવસે જે વ્યક્તિ તમારી સામે આવે તેને કઈ પ્રકારની મદદની જરૂર છે તે મુજબ જો મદદ કરવામાં આવે તો સુંદર પરિણામ પ્રાપ્ત થાય છે જેમ કે આ દિવસે કોઈ દુઃખી વ્યક્તિને માર્ગદર્શનની જરૂર હોય તો તેને યોગ્ય માર્ગદર્શન આપવું એ પણ એક પુણ્યનું કામ છે આ દિવસે આપણા જીવનમાં આવતા લોકોના ક્ષેમ કુશળ જોવા એ આપણી ફરજ બની જાય છે, આ દિવસે ગુરુને, ગુરુ સત્તાને નમન કરી તેમને પણ કૈક અર્પણ કરવું જોઈએ જેથી વર્ષો પછી આ સંયોગમાં આવેલી મકરસંક્રાંતિ અને ષટ્તિલા એકાદશીનું ફળ પ્રાપ્ત થાય છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

### આયુર્વેદ–રસોડાથી રિસર્ચ સુધીનું સંપૂર્ણ વિજ્ઞાન

# ‘આયુર્વિવેક મહોત્સવ’થી પ્રાચીન વિદ્યાનો નવ ઉદયઃ ભાવિ પેઢી માટે નવી દિશા






તસવીરઃ દર્શન વાડોલિયા

## દેશભરમાંથી ૨૦૦૦ અનુભવી વૈદ્યો અને ૩૦૦૦થી વધુ આયુર્વેદ વિદ્યાર્થીઓની હાજરી, અસાધ્ય રોગોના ઉપચાર પર લાઈવ વર્કશોપનું આયોજન

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં આયુર્વેદના પ્રચાર-પ્રસાર અને નવી પેઢીના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે આયુર્વેદ વ્યાસપીઠ દ્વારા ત્રણ દિવસીય આયુર્વિવેક મહોત્સવનો ભવ્ય પ્રારંભ થઈ ચૂક્યો છે. આ મહોત્સવમાં દેશભરમાંથી આશરે ૨૦૦૦ જેટલા અનુભવી વૈદ્યો તેમજ ૩૦૦૦થી વધુ આયુર્વેદના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે.

આ મહોત્સવનો મુખ્ય હેતુ નવી પેઢીના વિદ્યાર્થીઓને આયુર્વેદની પ્રાચીન, વૈજ્ઞાનિક અને અસરકારક સારવાર પદ્ધતિઓથી માહિતગાર કરવાનો છે. કાર્યક્રમ દરમિયાન રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન, પોસ્ટર મેકિંગ, ઘઙઉ પ્રેક્ટિસ, અગ્નિ કર્મ, પેકેજીંગ સહિતના અનેક ઉપયોગી વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

મહોત્સવમાં અસાધ્ય રોગોના ઉપચાર માટે ‘કર્ણ પાલી વૈદ્ય’ (કાન વિંધવાની પદ્ધતિ દ્વારા શ્વાસરોગ ઉપચાર) તથા ‘વિદ્ધ કર્મ’ (સોય દ્વારા સારવાર) જેવી આયુર્વેદિક પદ્ધતિઓના લાઈવ વર્કશોપ અને ડેમોન્સ્ટ્રેશનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જે વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક જ્ઞાનનું ઉત્તમ માધ્યમ બન્યું છે.

સ્પર્ધક વિદ્યાર્થીની દેવાંશી અને હીરેએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ મહોત્સવ દ્વારા અમને ઘઙઉ પ્રેક્ટિસ, અગ્નિ કર્મ અને આધુનિક આયુર્વેદિક પેકેજીંગ અંગે ઘણું નવું શીખવા મળ્યું છે. આ પ્લેટફોર્મ અમારા સપનાઓને સાકાર કરવા માટે ઉત્તમ સાબિત થયું છે.

આયુર્વિવેક મહોત્સવ દ્વારા આયુર્વેદિક સારવારને લોકજીવન સાથે વધુ મજબૂત રીતે જોડીને સ્વસ્થ જીવનશૈલી અને રોગમુકત સમાજના નિર્માણમાં મહત્વનું યોગદાન આપવાનો સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો છે.



### વિદ્યાર્થીઓ માટે આયુર્વિવેક માર્ગદર્શક મંચ વૈકલ્પિકઃ ડો. શુશુંક્ત કાનજીયા



આયુર્વિવેક કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે અત્યંત લાભદાયી અબતક સાથેની વાતચીતમાં ડો. શુશુંક્ત કાનજીયાએ જણાવ્યું હતું કે આયુર્વિવેક જેવા કાર્યક્રમો વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા આયુર્વેદ પ્રેક્ટિસ કરતા વૈદ્યો માટે ખૂબ ઉપયોગી છે. નવી ઊભરી રહેલી બીમારીઓ અંગે આયુર્વેદિક દૃષ્ટિકોણથી જાણકારી આપવી આજની જરૂરિયાત છે. આયુર્વેદની શરૂઆત ઘરનાં રસોડાથી થાય છે અને તેનું નિયમિત પાલન રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદરૂપ બને છે.

### દેશભરના ૫૦૦૦ વૈદ્યોની હાજરીથી આયુર્વિવેક બન્યો ઐતિહાસિકઃ વૈદ્ય ફાલ્ગુન પટેલ



વૈદ્ય ફાલ્ગુન પટેલે જણાવ્યું કે આયુર્વિવેક કાર્યક્રમમાં દેશના ૧૮ રાજ્યોમાંથી અંદાજે ૫૦૦૦ ચિકિત્સકો અને નિષ્ણાતોએ ભાગ લીધો. સ્ટાર્ટઅપ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓએ પોતાના નવતર વિચારો રજૂ કર્યા હતા. ગુજરાતના તમામ આયુર્વેદ કોલેજોના પ્રિન્સિપાલોની વિશેષ બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### આયુર્વેદ એ પ્રોપર સાયન્સ છેઃ વૈદ્ય મેહુલ જોષી



વૈદ્ય મેહુલ જોષીએ જણાવ્યું કે આયુર્વિવેક કાર્યક્રમનો હેતુ આયુર્વેદ સાથે જોડાયેલા તમામ વર્ગોને એક મંચ પર લાવવાનો છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની હાજરીમાં લોકજાગૃતિ લેકચર, ઓપીડી તથા પ્રદર્શન યોજાયા હતા. આયુર્વેદિક દવાઓ સંપૂર્ણ જાણકારી સાથે લેવી જોઈએ, કારણ કે આયુર્વેદ વૈજ્ઞાનિક આધાર ધરાવતું તંત્ર છે.







### આયુસત્વ અને બેશીલ કફ્સ દવાઓને મળ્યો પ્રતિસાદઃ વૈદ્ય સ્નોવિયા દેવાણી



વૈદ્ય સ્નોવિયા દેવાણીએ જણાવ્યું કે રાજકોટમાં ઉત્પાદન થતી આયુસત્વ ટેબલેટ પિત્તજન્ય રોગો અને પાચન તકલીફમાં અસરકારક છે. બેશીલ કફ્સ આયુર્વેદિક ઘટકોમાંથી બનેલી દવા છે, જે લાંબા સમય સુધી લેવાથી શરીરને રોગમુક્ત બનાવે છે.

### આયુર્વેદિક દવાઓ પણ એલોપેથી જેટલી અસરકારકઃ વિશાલ પટેલ



વિશાલ પટેલે જણાવ્યું કે તેમની કંપની દ્વારા પાઈલ્સ અને કેન્સર દર્દીઓ માટે ખાસ આયુર્વેદિક દવાઓ બનાવવામાં આવે છે, જેમાં કોઈ આડઅસર થતી નથી. આયુર્વેદ તાત્કાલિક રાહત આપતું નથી એવી માન્યતા ખોટી હોવાનું તેમણે જણાવ્યું હતું.

### આયુર્વેદ કોચિંગથી ૬૧૮ વિદ્યાર્થીઓને સરકારી નોકરી વૈકલ્પિકઃ વૈદ્ય ધવલ ધોળકિયા



આયુર્વેદ કોચિંગથી ૬૧૮ વિદ્યાર્થીઓને સરકારી નોકરી વૈદ્ય ધવલ ધોળકિયાએ જણાવ્યું કે સ્માર્ટ લર્નિંગ સંસ્થા દ્વારા આયુર્વેદ ક્ષેત્રની તમામ પરીક્ષાઓ માટે માર્ગદર્શન આપવામાં આવે છે. અત્યાર સુધી ૬૧૮ વિદ્યાર્થીઓને સરકારી નોકરી મળવામાં સફળતા મળી છે.

### ઈન્ડસ્ટ્રીઝ મીટથી આયુર્વેદ વિદ્યાર્થીઓ બનશે ઉદ્યોગપતિ વૈકલ્પિકઃ વૈદ્ય રણજિતપુરાણી



ઈન્ડસ્ટ્રીઝ મીટથી વિદ્યાર્થીઓને ઉદ્યોગ સ્થાપનનું માર્ગદર્શન વૈદ્ય રણજિત પુરાણીએ જણાવ્યું કે આયુર્વેદ ઈન્ડસ્ટ્રીઝ મીટમાં વિદ્યાર્થીઓને વિષયના મૂળ સુધી સમજ આપવામાં આવી, જેથી તેઓ માત્ર ડોક્ટર નહીં પરંતુ ઉદ્યોગપતિ પણ બની શકે. આ માર્ગદર્શનથી વિદ્યાર્થીઓને ચાર ગણો લાભ થશે.





### કેન્સર સારવાર માટે યુનિક આયુર્વેદિક દવા પર સંશોધન : ડો.તેજપાલ મોદી



અબતક સાથેની વાતચીતમાં ડો. તેજપાલ મોદીએ જણાવ્યું હતું કે તેમની દ્વારા વિકસિત પારસલ એસેસ નામની યુનિક આયુર્વેદિક દવા કેન્સરની ગાંઠ સંબંધિત સમસ્યાઓમાં અસરકારક પરિણામ આપે છે. આ દવા પર લાંબા સમયથી સંશોધન અને પ્રયાસો કરવામાં આવ્યા છે. વિવિધ રોગો માટે ઉપયોગી એવી અનેક આયુર્વેદિક દવાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. યોગ્ય માર્ગદર્શન હેઠળ સારવાર લેવાય તો ટૂંકા સમયગાળામાં દર્દીઓમાં સકારાત્મક સુધારો જોવા મળે છે.

### માત્ર પ્રેક્ટિસ નહીં, હવે આયુર્વેદમાં બિઝનેસનો ક્રેઝઃ શીતલ ભાડીયા



આયુર્વેદમાં માત્ર પ્રેક્ટિસ જ નહીં પણ વ્યવસાયની પણ વિપુલ તકો છે. શીતલ ભાંડિયાએ માહિતી આપતા જણાવ્યું કે, વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા વધે તે માટે ’સ્ટાર્ટઅપ સ્પીચ’ સ્પર્ધા રાખવામાં આવી છે, જેમાં ૩૦ જેટલા નવતર સ્ટાર્ટઅપ્સ રજીસ્ટર થયા છે. વિદ્યાર્થીઓને પ્રોડક્ટ આઈડિયા, પેકેજીંગ અને સરકારી ગ્રાન્ટ કેવી રીતે મેળવવી તેનું નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાયું હતું.

### આયુર્વેદિક થાળી નિરોગી જીવનનું રહસ્યઃ ડો.નિશ્મા નાણાવટી



નિષ્ણાત ડો. નિશ્મા નાણાવટીએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું કે, કુકિંગ કોમ્પિટિશનમાં વિદ્યાર્થીઓએ ’ફાસ્ટ ફડ’ના બદલે ’આયુર્વેદિક ફડ’નો કોન્સેપ્ટ રજૂ કર્યો હતો. જેમાં ૨૬ જેટલી અલગ-અલગ વાનગીઓ, સરગવાની થાળી અને ઋતુચર્ય મુજબના આહાર પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આહાર દ્વારા વાત, પિત અને કફનું સંતુલન જાળવીને ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જેવા જીવનશૈલીના રોગોથી કેવી રીતે બચી શકાય તેની સમજ આપવામાં આવી હતી.

### આયુર્વેદના પ્રાચીન જ્ઞાનને આધુનિકતાનો ઓપ મળ્યોઃ મિલન ભટ્ટ



કાર્યક્રમના ઉદ્દેશ્ય અંગે માહિતી આપતા મિલન ભટ્ટએ જણાવ્યું હતું કે, ‘‘આ આયુર્વેદ મહોત્સવનો મુખ્ય હેતુ બાળકોમાં રહેલા ઈનોવેટિવ વર્કને પ્રોત્સાહન આપવાનો છે. આયુર્વેદને આધુનિક સમય સાથે જોડીને કેવી રીતે પ્રેક્ટિસમાં લાવી શકાય અને તેને કેવી રીતે આગળ લઈ જવું, તેનો માર્ગ આ મહોત્સવ દ્વારા પ્રશસ્ત થયો છે. વિદ્યાર્થીઓએ આયુર્વેદના મૂળને જાળવીને જે મોડર્ન અને ઈનોવેટિવ કામ કર્યું છે તે ખરેખર સરાહનીય છે.‘‘

# વેસ્ટ ઝોન હેન્ડબોલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ઐતિહાસિક સિદ્ધિ

## વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી હેન્ડબોલમાં બ્રોન્ઝ મેડલ સાથે ગુજરાતની પ્રથમ યુનિવર્સિટી બની: જયપુર ખાતે યોજાયેલી સ્પર્ધામાં ભાઈઓની ટીમે સેકન્ડ રનર્સ-અપ બની ઈતિહાસ રચ્યો





**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે રમતગમતના ક્ષેત્રે એક ઐતિહાસિક અને ગૌરવભર્યું અધ્યાય ઉમેરાયો છે. યુનિવર્સિટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ મેનેજમેન્ટ, જયપુર (રાજસ્થાન) ખાતે યોજાયેલ વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી હેન્ડબોલ ભાઈઓ સ્પર્ધા ૨૦૨૫-૨૬ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ભાઈઓની ટીમે ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો

આ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમે વેસ્ટ ઝોન માટે ક્વોલિફાય થઈને લીગ મેચોમાં પણ સતત શ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું અને સેકન્ડ રનર્સ-અપ બની. યુનિવર્સિટીના ઈતિહાસમાં આ સર્વ પ્રથમ ઘટના છે કે અન્ય રાજ્યમાં યોજાયેલી વેસ્ટ ઝોન હેન્ડબોલ સ્પર્ધામાં ભાગ લઈને ટીમે ક્વોલિફિકેશન સાથે લીગ તબક્કામાં પણ સફળતા મેળવી છે. આ સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વેસ્ટ ઝોન હેન્ડબોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતનાર સમગ્ર ગુજરાતની પ્રથમ યુનિવર્સિટી બની છે.

આ ઐતિહાસિક સિદ્ધિ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડો. ઉત્પલ જોશી સાહેબ, રજીસ્ટ્રાર યુનિવર્સિટીના અધિકારીગણ તેમજ ખાસ કરીને શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશભાઈ રાબા સાહેબના સક્રિય માર્ગદર્શન, સહકાર અને પ્રોત્સાહનથી આ સફળતા પ્રાપ્ત થઈ છે. સાથે સાથે સમગ્ર શારીરિક શિક્ષણ વિભાગ તથા

(અનુ. આઠમા પાને)

# મોટી વાતો સાથે યોજનાના નામ બદલવાની રાજનીતિ બંધ કરો: કોંગી અગ્રણી જેનીબેન ઠુંમર

## કોંગ્રેસ દ્વારા મનરેગાના નવા કાયદા અને વેરા વસુલાત માટે સામાન્ય જનતાને કરાતી કનડગત મુદ્દે આકરા પ્રહારો કરી આંદોલનની ચીમકી આપી

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે પ્રદેશ મહિલા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જેનીબેન ઠુમર, શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા અને અગ્રણી હિતેશભાઈ વોરાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા કાયદાને નબળો પાડવાના પ્રયાસો અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા વસૂલાતમાં સામાન્ય જનતાને કરાતી કનડગત મુદ્દે આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા જેનીબેન ઠુમરે જણાવ્યું હતું કે, ભાજપ સરકારે બદઈરાદાપૂર્વક 'મનરેગા' કાયદો રદ કરી તેને બદલે 'રોજગાર અને આજીવિકા અભિયાન (ગ્રામીણ)



કાયદો, ૨૦૨૫' લાવીને ગરીબોના કામ કરવાના અધિકાર પર તરાપ મારી છે.જેમાંલઘુત્તમ વેતન વધારીને રૂપિયા ૪૦૦ કરવામાં આવે.મનરેગા યોજનાને તેના મૂળ સ્વરૂપે તાત્કાલિક પુનઃસ્થાપિત કરવામાં આવે.કામ મેળવવાના કાનૂની અધિકારની ગેરંટી જાળવી રાખવી.અગાઉ ૧૦૦ દિવસની કામની ગેરંટી હતી, જે હવે જોખમમાં છે. અગાઉ પંચાયતો કામ આપતી હતી, હવે મળતીયા કોન્ટ્રાકટરોને ફાયદો કરાવવાની પેરવી છે. કેન્દ્ર સરકાર હવે વેતનનો ૧૦૦% ને બદલે ૬૦% જ ભાગ આપશે, જે રાજ્ય સરકારો માટે બોજ બનશે અને અંતે

(અનુ. આઠમા પાને)

# પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીની સાતમી માસિક પૂણ્યતિથિએ ગરીબ પરિવારના બાળકોને મળી ઉપહારની હૂંફ

## પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા માનવસેવાનો અવિરત સેવાયજ્ઞ



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ફૂટપાથ અને ઝુપડપટ્ટી વિસ્તારમાં વસતા ગરીબ તથા નિરાધાર લોકોને શિયાળાની ઠંડીથી રાહત મળે તે હેતુસર પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ તથા ડર્ટી ડઝન ગ્રુપ દ્વારા હૃદયસ્થ શ્રી વિજયભાઈ રૂપાણીની ૭મી માસિક પુણ્યતિથિ નિમિત્તે ધાબળા અને ચિકિનુ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શિયાળાની કડક ઠંડીમાં ગરીબ અને નિરાધાર લોકોના સ્વાસ્થ્યની કાળજી લેવાના ઉદ્દેશથી રાજકોટ શહેરના વિવિધ ફૂટપાથ અને ઝુપડપટ્ટી વિસ્તારો આશાપુરા મંદિર, બાલાજી મંદિર, શાસ્ત્રી મેદાન, એરપોર્ટ ફાટક, મહિલા કોલેજ ચોક, અંદર બ્રીજ ઉપર, કાલાવડ રોડ, કે.કે.વી.ચોક, ઈન્દિરા સર્કલ, રેસકોર્ષ રીંગ રોડ, રૈયા ચોકડી, હનુમાન મઢી ચોક વગેરે વિસ્તારના ફૂટપાથ પર વસતા લોકોને રાત્રે ૧૦.૩૦ થી ૧.૩૦ સુધી ધાબળા તથા ચિકિનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સત્કાર્યને સફળ બનાવવા પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ ડર્ટી ડઝન ગ્રુપના જ્યોતીન્દ્રભાઈ મહેતા, મુકેશભાઈ મહેતા, હરીશભાઈ શાહ, શૈલેષભાઈ વ્યાસ, નિસર્ગભાઈ મહેતા, જ્યોતિબેન મહેતા, મીરાંબેન મહેતા, ધનરાજભાઈ તથા

(અનુ. આઠમા પાને)

# સફળતા મેળવવા માટે પ્રમાણિકતા અને નૈતિકતા હોવી જરૂરી: પૂષ્પાદીદી

## બ્રહ્માકુમારીઝ દ્વારા હેલ્ધી લાઈફ સ્ટાઈલ ફોર યુથ વિષય અંગે તેમજ મૂલ્યનિષ્ઠન જીવન જીવવા અંગે યુવાનોને પ્રેરણા આપી

**અબતક, રાજકોટ**

અગર દિલ મેં જઝબા (ઈચ્છા શક્તિ) હો તો રાખ સે ભી એક મજબૂત ઈમારત ખડી કી જા સકતી હૈ...એક હતા અર્જુન અને એક હતા સ્વામી વિવેકાનંદ, જેમણે યુવાનોને લક્ષ્યવેધ કરતા શીખવ્યું. શીખવ્યું કરતાં પણ એવું કહી શકાય કે તેમને તેમના લક્ષ્ય તરફ ધ્યાન દોર્યું. જી હા, તારીખ ૧૨ જાન્યુઆરીને વિશ્વભરમાં ''યુવા દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. કેમકે, ત્યારે યુવાનોના આદર્શ એવા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી હોય છે. દુનિયાભરમાં આ દિવસે ઘણા



બધા કાર્યક્રમો થયા, જે પૈકી રાજકોટમાં બ્રહ્માકુમારીઝ રિટ્રીટ સેન્ટર હેપી વિલેજ ખાતે પણ એક સુંદર મજાનો કાર્યક્રમ યુવાનો પ્રેરિત થઈને કંઈક નવું વિચારી શકે, નવી ચર્ચા છેડી શકે, નવા



આયામને આંબી શકે તેવા લક્ષ્યથી હેલ્ધી લાઈફ સ્ટાઈલ ફોર યુથ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને નવી દિલ્હીથી ખાસ રાજકોટ પધારેલા બ્રહ્માકુમારી પુષ્પા હદીદીજી હતા. સાથે ગુજરાત બ્રહ્માકુમારીઝના ડાયરેકટર ભારતીદીદીજી પણ આશીર્વચન આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

હેલ્ધી લાઈફ સ્ટાઈલ ફોર યુથ કાર્યક્રમમાં માઈન્ડ હેકર્સ, ઈમોશનલ એક્સપ્લોરર, ડિજિટલ ડીટોક્ષ, પર્પસ ધ એનર્જી જેવા વિભિન્ન ગેમ્સ દ્વારા વર્કશોપ કરવામાં આવ્યું હતું. આ અવસર પર બ્રહ્માકુમારી પુષ્પાદીદીજીએ પ્રેરણાદાયી ઉદ્બોધનમાં યુવાનોને આંતરિક શક્તિ અને સ્વયમની સત્ય પહેચાન મેળવી સ્ટ્રેન્થફૂલ લાઈફ સ્ટાઈલ અપનાવવા બોધ આપ્યો હતો.

તેઓએ કહ્યું કે વર્તમાન યુથ આગળ વધી રહ્યા છે દોડી રહ્યા છે પરંતુ ચેક કરો મારા કદમ કઈ તરફ દોડી રહ્યા છે.

એકંદરે આ કાર્યક્રમમાં યુવાઓને સ્વયમની ભીતર રહેલી શક્તિને અને ટેલેન્ટને ઓળખીને મૂલ્યનિષ્ઠ જીવન જીવવાની પ્રેરણા આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં યુવા શક્તિને વિવિધ વર્કશોપ દ્વારા જ્ઞાન સાથે ગમ્મત કરાવાઈ હતી તેમને ગ્રુપ ડિસ્કશન તેમજ વિવિધ ગેમ દ્વારા બોધ જ્ઞાન અપાયું હતું.

યુવા શક્તિઓની વિશેષતાઓનું વર્ણન કરતા બ્રહ્માકુમારી વિધિ બેને કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું.

આ સેમિનારમાં ૧૮ થી ૪૦ વર્ષના ૧૫૦ યુવા ભાઈ બહેનોએ લાભ લીધો.

# વોર્ડ નં.૧૮માં મેટલીંગ કામનો શુભારંભ કરાવતા કોર્પોરેટરો



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં ખોડીયાર ઈન્ડસ્ટ્રીઝ, વિરાણી અઘાટ, ઘનશ્યામ, પ્રગતિ ઈન્ડસ્ટ્રીઝમાં મેટલીંગ કામનો શુભારંભ વોર્ડના કોર્પોરેટરો દ્વારા કરવામાં આવ્યો હતો.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, નટુભાઈ વાઘેલા, ધર્મેશભાઈ કિહોર, રામભાઈ ડાંગર, રસિકભાઈ ખૂંટ, દિનેશભાઈ કિડીયા, બાબુભાઈ મકવાણા, વર્ષાબેન સભાયા, જગદિશભાઈ સરવૈયા તેમજ વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વોર્ડ નં.૨માં પ્રાથમિક શાળા નં.૭૪નું નવીનીકરણ થશે: ખાતમુહૂર્ત કરાયું

## મેયર, ધારાસભ્ય, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને દંડકે કામનો આરંભ કરાવ્યો



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૨ સ્થિત કોર્પોરેશનની પ્રાથમિક શાળા નં.૭૪નુ નવીનીકરણ કરવામાં આવશે.આ કામનું ખાતમુહુર્ત આજે મેયર નયનાબેન પેઢડિયા, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર અને શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા દ્વારા શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા ઉપસ્થિતમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વોર્ડ નં.૨ના પ્રભારી કુલદીપસિંહ જાડેજા, પ્રમુખ ભાવેશભાઈ ટોયટા, મહામંત્રી ધૈર્યભાઈ પારેખ, મહામંત્રી હર્ષવર્ધનભાઈ કહોર, રાજેન્દ્રસિંહ ગોહિલ, શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન પ્રવિણભાઈ નિમાવત, શિક્ષણ સમિતિના સભ્ય વિક્રમસિંહ જાડેજા, જયદીપભાઈ જલુ, રસિકભાઈ બદ્રકીયા, હિતેશભાઈ રાવલ, જગદીશભાઈ ભોજાણી, વિરમભાઈ સાંબડ, સુરેશભાઈ રાઘવાણી, મનસુખભાઈ વેકરીયા સંગીતાબેન છાયા, જાગૃતિબેન ભાણવડિયા, તેમજ જયસુખભાઈ પરમાર, જેન્તીભાઈ બુધેલિયા,

(અનુ. આઠમા પાને)

# સાહિત્યની વર્તમાન દિશા અને દશા પર સાહિત્યિક સંગોષ્ઠિ

## અરવિંદભાઈ મણીઆર સેન્ટર આયોજીત સાહિત્યિક સંગોષ્ઠિમાં સુમન શાહ સહિતના સાહિત્યકારોનો જમાવડો

**અબતક, રાજકોટ**

તાજેતરમાં અરવિંદભાઈ મણીઆર રિસર્ચ સેન્ટર દ્વારા ગુજરાતી સાહિત્ય અને પશ્ચિમી સાહિત્યનાં વિદ્વાન તથા લબ્ધપ્રતિષ્ઠ સારસ્વત સુમન શાહ સાથે એક સાહિત્યિક સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની અંદર લગભગ દોઢ કલાક





સુધી સુમનભાઈએ વર્તમાન સાહિત્ય અને વર્તમાન સાહિત્યની સ્થિતિની વાતો કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન ટ્રસ્ટી કલ્પકભાઈ મણીઆરે કર્યું હતું. ત્યારબાદ મહેમાનોનું અભિવાદન બૂક, રૂમાલ અને પુષ્પગુચ્છથી ટ્રસ્ટીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની ભૂમિકા ગુજરાતી ભાષાનાં સાહિત્યવિદ ડો. બળવંતભાઈ જાનીએ આપી હતી. કાર્યક્રમ દરમિયાનમાં પંકજભાઈ વોરા (બ્રિટિશ-ગુજરાતી ડાયસ્પોરા કવિ) નાં બે કાવ્યસંગ્રહોનું વિમોચન પ્રોફે. સુમનભાઈ શાહ, હંસીકાબેન મણીઆર, ડો. બળવંતભાઈ જાની, જૈમિની શાસ્ત્રી કલ્પકભાઈ મણીઆર, ભાનુભાઈ દેસાઈ વગેરે મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં રાજકોટનાં ખ્યાતનામ સાહિત્યકારો તેમજ કવિમિત્રો ઉપસ્થિત રહ્યા હતાં. તે પૈકીનાં અંબાદાનભાઈ રોહડીયા, સંજુ વાળા, ડો. લલિત ત્રિવેદી, મહેન્દ્ર જોશી, પ્રો. સુનિલ જાદવ, ઈલિયાસ શેખ, જયેશ રાષ્ટ્રકુટ, આર. પી. જોષી, રાજુલભાઈ દવે, નિર્લોકભાઈ પરમાર જેવા અનેક સાહિત્યવિદો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ભાનુબેન દેસાઈ દ્વારા પોતાની સ્વલીખિત કાવ્યસંગ્રહ 'શમણાંની સોગાત પુસ્તકનું અર્પણ પ્રો. સુમન શાહ અને મહાનુભાવોને અર્પણ કરવામાં આવ્યું હતું.

# કેનેડાના ઈતિહાસની સૌથી મોટી સોનાની ચોરીમાં એક ઝડપાયો: મુખ્ય સુત્રધાર ભારતમાં હોવાની શંકા

**અબતક, રાજકોટ**

કાગડા બધે કાળા.. વિશ્વભરમાં વધી રહેલા સોનાના ભાવના કારણે સોનાની ચોરી તસ્કરો લુંટારા ઓ માટે હથેળીનો ગોળ બની ગઈ હોય તેમ કેનેડામાં ૨૦૨૩ માં થયેલી ૧૬૦ કરોડના સોનાની ચોરી ભેદ ઉકેલમાં પોલીસે તાત્કાલિક ધોરણે ટોરેન્ટોમાંથી એકની ધરપકડ કરીને શંકાસ્પદની પૂછપરછ કરતા તેનો સાગરીત ભારત ભાગી ગયો હોવાનું બહાર આવ્યું છે આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ કેનેડા ક્રાઈમ હિસ્ટ્રી માટે પડકારરૂપ બની ગયેલા ૧૬૦ કરોડની સોનાની લગડીયો ની ૨૦૨૩માં થયેલી ચોરી ની તપાસમાં પોલીસે ટોરોન્ટોમાંથી એક વ્યકિતને ઝડપી લઈ પૂછપરછ કરતા ચોરીનો અનડીટેકટ ગુનો ઉકેલો હતો અને તેનો સાગરીત ભારત ભાગી આવ્યો હોવાનું આરોપીએ કબૂલ્યું છે કેનેડા ના ઈતિહાસમાં સૌથી મોટી ગણાતી ૧૬૦ કરોડના સોનાની લગડીયોની ચોરીમાં ૨૧ થી વધુ આરોપીઓ સામે તોહમત નામો ઘડવામાં આવ્યું છે જેમાં હજુ બે શંકાસ્પદ માસ્ટરમાઈન્ડ પોલીસના હાથમાં આવ્યા નથી

કેનેડાની સૌથી મોટી ચોરી અંગે પીલ પોલીસે તપાસ હાથ ધરી છે અને ગઈકાલે દુબઈથી ટોરંટો આવેલી ફ્લાઈટમાં થી ૪૫ વર્ષના અસલાન ચૌધરી ની ધરપકડ કરી હતી જ્યારે આ ચોરીમાં મુખ્ય સૂત્રધાર મનાતા ૩૩ વર્ષના સિમરન પ્રીત પાનેસર ભારત ભાગી ગયો હોવાનું માનવામાં આવ્યું છે, અસલાન ચૌધરી અને તેની પર અગાઉ ૫૦૦૦ ડોલર ની ચોરી અને સીમરણની મિલકત પર કબજો કરવાનો કેસ છે કેનેડાના ઈતિહાસમાં સૌથી મોટી સોનાની ચોરી'મા અત્યાર સુધીમાં સાત શખ્સોને અગાઉથી જ અટકાયતમાં લઈ લીધા હતા.

પીલ પોલીસ વડા નિશાન દુરૈઅપ્પાએ જણાવ્યું હતું કે આ ધરપકડ થી ગુનેગારોની આંતરરાષ્ટ્રીય સાઠગાંઠ અને નેટવર્ક ની પોલ ખુલ્લી છે. તપાસકર્તાઓ બ્રેમ્પટનના ૩૬ વર્ષીય વ્યક્તિ પ્રશાંત પરમાલિંગમની પણ શોધ કરી રહ્યા છે, જે ૧૯ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ કોર્ટમાં હાજર ન થયા બાદ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યો હતો.

# ઉત્તરાયણ પર્વે સિવિલ હોસ્પિટલનો સ્ટાફ ઘવાયેલાના સારવાર માટે સજ્જ

## આગામી ૩૬ કલાક માટે હોસ્પિટલના સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફને ખડેપગે

**અબતક, રાજકોટ**

સમગ્ર ગુજરાત ઉતરાયણના પર્વ પર આકાશમાં પતંગોની પેચબાજી જામશે, પરંતુ બીજી તરફ આ આનંદના ઉત્સવ વચ્ચે પતંગની દોરીથી ગળા કપાવવા, ધાબા પરથી પડી જવું કે વીજ કરંટ જેવી દુર્ઘટનાઓનો ભય પણ રહેલો છે. આ જાનલેવા દુર્ઘટનાઓને રોકવા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે આગામી ૩૬ કલાક માટે હોસ્પિટલના સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફને ખડેપગે રહેવા આદેશ અપાયા છે, તા. ૧૪ જાન્યુઆરીના દિવસે સરેરાશ અનેક ઈમરજન્સી કેસો નોંધાતા હોય છે. આ સ્થિતિમાં હોસ્પિટલમાં અફરાતફરી ન સર્જાય તે માટે સત્તાવાળાઓ દ્વારા આગામી ૩૬ કલાક માટે વધારાનો મેડિકલ સ્ટાફ ખડેપગે રાખવામાં આવ્યો છે.જેની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. સિવિલ હોસ્પિટલ દ્વારા ગંભીર ઈજામાં દર્દીને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે, જેમાં ૨ નાક-કાન-ગળાના તબીબ, ૨ સર્જન, ૨ ઓર્થોપેડિક નિષ્ણાત અને ૨ મેડિકલ ઓફિસર સતત ફરજ પર હાજર રહેશે. ઈમરજન્સી સર્જરીની જરૂરિયાતને પહોંચી વળવા માટે બે સ્પેશિયલ ઓપરેશન થિયેટર અનામત રાખવામાં આવ્યા છે, જ્યારે સામાન્ય ઈજાઓ કે ટાંકા લેવા માટે ઈમરજન્સી વિભાગમાં જ 'મીની ઓપરેશન થિયેટર' કાર્યરત કરાયું છે. આ ઉપરાંત, દર્દીઓના ધસારાને ધ્યાને રાખીને ઈમરજન્સી વોર્ડમાં વધારાના બેડની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે. જેથી દરેકને સમયસર અને યોગ્ય સારવાર મળી રહે.

હોસ્પિટલમાં પ્રાથમિક સારવારથી લઈને ગંભીર ઓપરેશન માટે જરૂરી તમામ દવાઓ અને ઈન્જેકશનોનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. તો જો કોઈ પતંગની દોરીથી ઈજાગ્રસ્ત થાય અથવા અકસ્માતનો ભોગ બને, તો સમય બગાડ્યા વિના તરત જ સિવિલ હોસ્પિટલનો સંપર્ક કરવું. હોસ્પિટલ તંત્ર દરેક પરિસ્થિતિને પહોંચી વળવા સંપૂર્ણ સજ્જ છે.

# રૂ.૧૭.૪૪ લાખની છેતરપિંડીના ગુનામાં હરેશ ભાનુશાળીને જામીન મુક્ત

## ગૃહિણીને શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી રૂપિયા લાખોની ઠગાઈ કરી

**અબતક , રાજકોટ**

શહેરમાં રહેતી ગૃહિણીને શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી રૂપિયા ૧૭.૪૪ લાખની છેતરપિંડીના ગુનામાં જેલ હવાલે રહેલો વલસાડના હરેશ ભાનુશાળીને હાઈકોર્ટે જામીન ઉપર છોડી મૂકવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ બાલાજી હોલ પાછળ રુક્ષ્મણી હાઈટ્સમાં રહેતા નિશાબેન યશવંતભાઈ પેઢીયા નામની મહિલાએ તારીખ ૨૬/૦૨/૨૦૨૪ ના રોજ શક્ષતફિંલફિળમાં એક જાહેરાત જોયેલ હતી જે સ્ટોક માર્કેટમાં રોકાણ બાબતે હતી જે જાહેરાત મા વફતિંફા ગ્રુપ લિંક આપેલી હતી.લિંક માંથી એક ગ્રુપ ખુલેલ હતું. ફરિયાદી એડ થયેલા હતા. ગ્રુપ ની ટીપ્સ મારફત અરજદારે શેર લે વેચ કરેલા અને સામાન્ય નફો મેળવેલો હતો જેથી ફરિયાદીને વ્યક્તિ આ ટીપ્સ આપતી હતી તેના ઉપર ભરોસો બેસેલો હતો ત્યારબાદ ફરિયાદીએ તેમના એપલ ફોનમાં એપલ સ્ટોર માંથી ઈંફખભવ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરેલ હતી. આ એપ્લિકેશન શેર લે વેચ માટેની હતી જેમાં ફરિયાદીએ તેમના આધાર કાર્ડ અને મોબાઈલ નંબર તેમજ બેંકની માહિતી આપી હતી. બાદ ફરિયાદીએ રૂપિયા ૫૦,૦૦૦ ના શેર લીધેલા હતા. સામેવાળાના પંજાબ નેશનલ બેંકના ખાતામાં આ રકમ ટ્રાન્સફર કર્યા હતા. ફરિયાદીએ ટુકડે ટુકડે આરોપીના બેન્ક એકાઉન્ટમાં રૂપિયા ૧૭,૪૪,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. ફરિયાદી સાથે ઓનલાઈન ફ્રોડ થયાનું જણાઈ આવતા સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધવામાં આવી હતી. તપાસ દરમીયાના વલસાડના હરેશ વેલજીભાઈ ભાનુશાળીની ધરપકડ કરી હતી. જેલ હવાલે રહેલા હરેશ ભાનુશાળીની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજુર થતા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમા બંને પક્ષોની રજૂઆત બાદ બચ્ચાઓ પક્ષના એડવોકેટ દ્વારા કરેલી દલીલ અને હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમા રાખી હાઈકોર્ટ દ્વારા આરોપીઓને જામીન મુક્ત્ત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આરોપી વતી એડવોકેટ તરીકે સાહિસ્તાબેન એસ. ખોખર, રણજીતભાઈ એમ. પટગીર, નીમેશ વી. જાદવ, દયા કે. છાયાણી , સહાયક તરીકે શ્રધ્ધા આર. ખખ્ખર અનેએ હાઈકોર્ટમાં એમ. આઈ. સૈયદ રોકાયેલ હતા.

# સગીરાનું દુષ્કર્મના ગુનામાં આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ

## કુવાડવા પંથકની ૧૨ વર્ષની સગીરાનું અપહરણ હવસનો શિકાર બનાવી તી

**અબતક, રાજકોટ**

કુવાડવા પંથકની ૧૨ વર્ષની સગીરાનું અપહરણ દુષ્કર્મ અને પોકસો એક્ટ હેઠળ જેલહવાલે રહેલા આરોપીને રાજકોટની સ્પે. પોકસો કોર્ટે નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે. કુવાડવા ગામમાં રહેતા પરિવારની ૧૩ વર્ષની સગીર પુત્રીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ થયા અંગે માતાએ ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ રાજકોટના કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં પોકસો એકટની કલમ ૪, ૬ અને આઈપીસી મુજબ ફરીયાદ નોંધાવી હતી. જેના અનુસંધાને પોલીસે તપાસ કરતા સગીરાને કચ્છ મુકામે રહેતા જયેશ વેલાભાઈ કોળી સાથે પ્રેમ સંબંધ હોય જેથી સગીરાને આરોપી સાથે લગ્ન કરવા હોય, જેથી રાજકોટથી કચ્છ મુકામે ગયેલ. જયાં બસ સ્ટેન્ડે ભોગ બનનાર આરોપીની રાહ જોઈને બેઠા હોય ત્યારબાદ આરોપી ત્યાં આવી પોતાની સાથે બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના તાતીયાણા ખાતે લઈ ગયેલ અને એક ઓરડીમાં ભોગ બનનારની ઈચ્છા વિરૂધ્ધ આ કામના આરોપીએ અવાર નવાર શરીર સંબંધ બાંધેલાની હકીકત તપાસમાં ખુલવા પામતા તેમજ સગીરા આરોપી સાથે હોવાની હકીકત ખુલવા પામતા આરોપીની ધરપકડ કરીને રાજકોટ સ્પે. પોકસો કોર્ટના જજ સમક્ષ રજૂ કરતા આરોપી ન્યાયીક હિરાસતમા મોકલી અપાયો હતો. જે કેસ ચાલવા ઉપર આવતા આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી કુલ-૭ સાહેદોને તપાસવામાં આવેલ તેમજ ૧૬-ડોક્યુમેન્ટરી પુરાવાઓ રજુ કરવામાં આવેલ, આ કામમાં અતિ મહત્વના ગણતા સાહેદ એટલે કે ભોગ બનનારની કોર્ટ સમક્ષ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં બનાવથી વિપરીત હકીકત રેકર્ડ પર આવેલ, તેમની જુબાની શંકાશીલ હોવાનું કોર્ટના રેકર્ડ પર લાવેલ, જેથી સરકાર પક્ષ પોતાનો કેસ શંકારહીત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાના મતલબની દલીલો ધ્યાનમાં લઈ આરોપી જયેશ વેલાભાઈ કોળીને સ્પે. પોકસો કોર્ટના જજે શંકાનો લાભ આપી સદરહું ગુન્હામાં નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. આ કામમા આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ એ.જાદવ તથા મદદનીશમાં અભય ચાવડા, વિક્રમ કિહલા, સંજય મકવાણા, વિશાલ ડેડાણીયા, ગૌરવ જરીયા રોકાયા હતા.

# રિસામણે બેઠેલી પુત્રવધુને તેડવા ગયેલ સસરા સાથે વેવાઈ પક્ષે ઝઘડો કરતા યુવાને ફિનાઈલ પીધું

## અઢી વર્ષનો સંસાર, એક બાળક ધરાવતા દંપતિ વચ્ચે કંકાસથી યુવાન કંટાળી ગયો

**અબતક, રાજકોટ**

કહેવાય છે કે ઘર કંકાસથી ગોરા નું પાણી પણ સુકાઈ જાય... રાજકોટ સિવિલ હોસ્પિટલ મેડિકલ ૧૦ માં દાખલ પ્રશાંતભાઈ લક્ષ્મણભાઈ મકવાણા (૩૦) નજરબાગ રેલવે સ્ટેશન બોધ નગર સોસાયટી શેરી નંબર એક મોરબી વાળાએ ગઈ તારીખ ૧૨ ૧ ના રોજ પોતાના ઘરે જ ફિનાઈલ પી લેતા રાજકોટ સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પારિવારિક સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રસાદ મકવાણા ના અઢી વર્ષ પહેલા જાંબુડીયા વાળા વૈશાલીબેન સાથે લગ્ન થયા હતા અને સંતાનમાં એક દીકરી છે થોડા દિવસ પહેલા પતિ-પત્ની વચ્ચે પણ બનાવ થતા વૈશાલીબેન તેના પિયર રિસામણે ચાલ્યા ગયા હતા પુત્રવધુ રીસામણા હોય પ્રસાદ ભાઈ ના પિતા લક્ષ્મણભાઈ વેવાઈને ત્યાં સમાધાન માટે ગયા ત્યારે વેવાઈ પક્ષે લક્ષ્મણભાઈ સાથે ઝઘડો કરી બખેડો કર્યો હતો આ બનાવથી હતા થયેલા પ્રશાંત એ ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે આ અંગે મોરબી સીટી બી ડિવિઝને તપાસહાથ ધરી છે.

# અકસ્માત કેસમાં કાર ચાલકનો નિર્દોષ છુટકારો

## કારની અડફેટે બુલેટ ચાલકને ઈજા પહોંચી હતી

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર પાસે કાર હડફેટે બુલેટ ચાલકને ઈજા પહોંચી હતી. જે અકસ્માત કેસમાં રાજકોટના કાર ચાલકને નિર્દોષ મુક્ત કરતો કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ વઢવાણમાં રહેતા મહેન્દ્રભાઈ પરમાર તા.૧૪/૪/૨૦૨૨ના રોજનાં પોતાના પોતાનું બુલેટ લઈ સુરેન્દ્રનગર જતા હતા. ત્યારે રાજકોટ રહેતા કુણાલ હરેશભાઈ પાંભર પોતાની કાર સાઈડ સિગ્નલ આપ્યા વગર અચાનકવાળી ફરિયાદીના બુલેટને હડફેટે ચડાવ્યું હતું. જે અંગે બુલેટ ચાલક મહેન્દ્રભાઈ પરમારના પુત્ર જયમીન પરમારે સુરેન્દ્રનગર સીટી બી ડીવિજન પોલીસ મથકમાં ભારતીય દંડ સહિતની કલમ - ૨૭૯, ૩૩૭, ૩૩૮ અને મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૧૭, ૧૮૪ મુજબની ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલવા ઉપર આવતા ૧૩ જેટલા સાહેદો, પંચો તેમજ ડોકટરની ઉલટ તપાસ અને આરોપીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા વિવિધ ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ વઢવાણનાં જયુડીશીયલ મેજિસ્ટ્રેટે આરોપી કુણાલ પાંભરને નિદોષ ઠરાવી છોડી મુકાવા હુકમ કર્યો હતો.

આ કામમાં આરોપી વતી ધારાશાસ્ત્રી બીનાબેન આર. નિમાવત રોકાયા હતા.

# સોરઠીયાવાડી સર્કલ નજીક બેફામ બનેલી સિટી બસએ છ ને ઠોકરે લીધા

## પૂરપાટ ઝડપે દોડતી બસે એકસાથે છ રાહદારીઓને અડફેટે લીધા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર સ્માર્ટ સિટી રાજકોટમાં રાત દિવસ વધતી જતી ટ્રાફિક વચ્ચે વારંવાર સીટી બસના અકસ્માતો ની ઘટનાઓમાં વધુ એકનો ઉમેરો થયો હોય તેમ ગઈકાલે ૮૦ ફૂટ રોડ ઉપર બે કાબુ બનેલી સીટી બસે ૬ રાહદારીઓને અડફેટે લેતા ભારે અફરાતફરી મચી ગઈ હતી.અંગે પ્રાપ્ત વિગત મુજબ ૮૦ ફુટ રોડ પર હાઈસ્કુલ પાસે ગઈકાલે રાજનાથ સમયે એક સીટી બસ એ રસ્તે જતા ૬ રાહદારીઓને હડફેટે લેતા ભારે દેકારો મચી ગયો હતો. નાની મોટી ઈજા સાથે યુવાન સહિત છ વ્યક્તિઓને સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યાં પ્રાથમિક સારવાર બાદ રજા અપાય હતી શહેરમાં વારંવાર થતી સીટી બસ ની અકસ્માતની ઘટનાએ શહેરમાંથી જગાવી છે આગે સીટી બસના ચાલકને અટકાયત કરી પોલીસે તપાસ હાથ ધરી છે.

# પડધરી નજીક અકસ્માતમાં પરપ્રાંતીય શ્રમિકનું મોત

## ડમ્પરની સાઈડ કાપવાની ઉતાવળમાં બાઈકને લીવર મારતા કાબૂ ગુમાવ્યો: છ સંતાનોએ પિતાની છત્રછાયા ગૂમાવી

**અબતક, રાજકોટ**

મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના વતની અને હાલ પડધરીના ઉકરડા ગામે વાડીએ ખેતમજૂરી કામ કરનાર યુવાન બાઈક લઈ જતો હતો ત્યારે કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થતા રોડ પર પટકાયો હતો. અકસ્માતમાં યુવાનને માથાનાભાગે ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર મળે તે પૂર્વે જ મોત થયું હતું. બનાવને લઈ પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ડુંગરવા ગામના વતની અને હાલ પડધરી તાલુકાના ઉકરડા ગામ પાસે વાડીએ ખેત મજૂરી કામ કરનાર યુવાન પ્રતાપ સુરલા મેડા (ઉ.વ. ૩૨) ગઈકાલે બપોર બાદ ૩:૪૫ વાગ્યા આસપાસ બાઈક લઈને જતો હતો. દરમિયાન ઉકરડા પડધરી રોડ પર સાનવી કંપની સામેના રોડ પાસે બાઈક સ્લીપ થઈ જતા યુવાન રોડ પર પટકાતા તેને માથાનાભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને સારવાર માટે પડધરી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવતા અહીં ફરજ પરના તબીબે જોઈ તપાસી યુવાનને મૃત જાહેર કર્યો હતો.અકસ્માતના આ બનાવની વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, બનાવ અંગે યુવાનના ભાઈ વેસ્તા સુરલા મેડા (ઉ.વ.. ૩૮ રહે. હાલ બાદલપુર તા. જોડિયા, મૂળ અલીરાજપુર) દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે તે તેના ભાઈ પ્રતાપભાઈ જ્યાં ખેતમજૂરી કામ કરે છે ત્યાં ઉકરડા ગામે ગયા હતા. ત્યાંથી જમીને તે તથા તેમનો ભાણેજ રાહુલ બંને એક બાઈક પર બાદલપુર જવા માટે નીકળ્યા હતા જ્યારે તેનો નાનો ભાઈ પ્રતાપ પોતાનું બાઈક નંબર એમપી ૬૯ ઝેડબી ૫૯૬૧ લઈ બીજી વાડીએ જોતો હતો. દરમિયાન થોડેક આગળ જતા ઉકરડા પડધરી રોડ પર આગળ જતા એક ડમ્પરની સાઈડ કાપવા તેણે લીવર મારતા બેલેન્સ ગુમાવ્યું હતું અને તેનું બાઈક સ્લીપ થઈ જતા તે રોડ પર પટકાયો હતો જેમાં તેનું મોત થયું છે. યુવાન છ ભાઈ ત્રણ બહેનના પરિવારમાં વચેટ હતો અને તેને સંતાનમાં બે પુત્ર અને ચાર પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. બનાવને પગલે યુવાનના પરિવારમાં માતમ છવાય ગયો હતો.






## -: અખબારી યાદી :-

આથી અખબારી યાદી આપી સંબંધિતોને જણાવવામાં આવે છે કે,મામલતદાર રાજકોટ શહેર (પૂર્વ)માં સમાવિષ્ટ સ.નં.૨૫૬ પૈકી ટી.પી.સ્કીમ નં.૬(રાજકોટ) ના એફ.પી.નંબર ૧૩૩ ચો.મી.૭૫૫૬, એફ.પી.નંબર ૧૩૬ ચો.મી.૯૨૪૫, એફ.પી.નંબર ૧૩૭ ચો.મી.૩૯૭૮, એફ.પી.નંબર ૧૫૯ ચો.મી.૮૫૦૨૧ મળી કુલ ચો.મી.૧૦૫૮૦૦ બાબતે સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરેલ હોવાનું જણાતા અત્રેથી નોટીસની બજવણી કરી પ્રથમ અને બીજી મુદતની નોટીસ પાઠવી દબાણ કેસની સુનાવણી હાથ ધરવામાં આવેલ.

જે બાબતે લાગતા વળગતા સંબંધિતોને જણાવવામાં આવે છે કે, ઉપરોકત નોટીસની બજવણી ન થયેલ હોય તેવા તેમજ તે સિવાય અન્ય હિત ધરાવનાર વ્યકિતઓ જો રજૂઆત કરવા માંગતા હોય તો ન્યાયના હિતમાં અંતીમ વાર જમીનને સંબંધિતો જે કોઈ માલિકીના આધાર પુરાવા કે વિશેષ રજૂઆત કે દલીલો રજૂ કરવા માંગતા હોય તો, તા.૧૯/૦૧/૨૦૨૬ સોમવારના સવારે ૧૧:૦૦ રોજ જાતે,કુલ મુખત્યાર મારફતે કે એડવોકેટ મારફતે મામલતદાર કચેરી,રાજકોટ શહેર(પૂર્વ),જુની કલેકટર કચેરી કંપાઉન્ડ ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે,ગેરહાજર સબબ વિશેષ કોઈ રજૂઆત કે દલીલો રજૂ કરવા માંગતા ન હોય તેમ માની ધોરણસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

Ajmera
મામલતદાર
રાજકોટ શહેર(પૂર્વ)

માહિતી/ રાજ/૧૬૦૩/૨૫-૨૬


HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૦૦૨૯૩૮૪, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો.૭૦૪૮૩૩૬૬૦૧
સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮, ત્રિશુલ પટેલ મો. ૯૬૬૪૬૯૨૯૨૩,
શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭ ઇ-મેલઃ auction@hindujahousingfinance.com

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટેરેસ્ટ એક્ટ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓક્શન સેલ નોટીસ આવી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર હિન્દુજા હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે સાંકેતિક કબજો લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતનોનું વેચાણ કરવા માટે ઈચ્છુક બિડર્સ પાસેથી સીલબંધ કવરમાં નીચે જણાવેલી **પ્રત્યક્ષ કબજાવાળી** મિલકતો માટે - જ્યાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે ઓફરો મંગાવે છે. જેની વિગતો મુજબ છે :

| નં. | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારોના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ | રીઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉધારકર્તા : શ્રીમતી મંજુબેન ઉઘરેજીયા સહ-ઉધારકર્તા : શ્રી જીવરાજભાઈ ઉઘરેજીયા | GJ/RJK/LMDK/A000000159 | તા. ૨૭/૦૨/૨૦૨૫ રૂા. ૧૨,૦૫,૯૧૨/- | ૦૫/૧૧/૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | ૨૦.૦૧.૨૦૨૬ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૧૨,૯૮,૭૦૦/- | રૂા. ૧,૨૯,૮૭૦/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના તાલુકા જસદણ અને **જિલ્લો રાજકોટના** રેવન્યુ સર્વે નં. ૧૨૫૭પીપ/પી૧/પી૧/પી૧ ના પ્લોટ નં. ૩૫ ના એનએ જમીન ૮૨-૫૧ ચો.મી. ધરાવતી સ્થાવર મિલકતના બધા ટુકડાઓ અને ટુકડાઓ ઉપરોક્ત મિલકત જેની ચતુ:સીમા આ મુજબ છે; ઉત્તર: સર્વે નં. ૧૨૫૭ ની જમીન, દક્ષિણ: પ્લોટ નં. ૩૪, પૂર્વ: રોડ, પશ્ચિમ: સર્વે નં. ૧૨૫૭ ની જમીન | | | | | | |
| 2 | ઉધારકર્તા : શ્રી શૈલેષભાઈ મકવાણા સહ-ઉધારકર્તા : શ્રીમતી જશુબેન મકવાણા શ્રી યોગેશ મકવાણા | GJ/RJK/LMDK/A000000145 | તા. ૨૭/૦૨/૨૦૨૫ રૂા. ૯,૭૪,૫૫૪/- | ૦૫/૧૧/૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | ૨૦.૦૧.૨૦૨૬ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૯,૨૫,૮૩૦/- | રૂા. ૯૨,૫૮૩/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના **રાજકોટ તાલુકા** અને જિલ્લાના આનંદપર (નવાગામ) ગામ ખાતે આવેલ રહેણાંક ફ્લેટ નં. ૧૦૨ સ્થાવર મિલકતના બધા ટુકડાઓ અને પાર્સલ. જેમાં બિલ્ટ-અપ વિસ્તાર ૩૦-૩૩ ચોરસ મીટર પહેલા માળે "શ્રી સોમનાથ રેસીડેન્સી" ના "વિંગ-ડી" તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં પ્લોટ નં. ૪૩ થી ૫૭/૨ ના સબ-પ્લોટ નં. ૪૩ થી ૫૭/૨ ના ચોરસ મીટર ૧૭૨૯-૪૫ આરએસ નં. ૨૮પી પર આવેલ જેની ચતુ:સીમા આ મુજબ છે; ઉત્તર ખુલ્લો પછી ફ્લેટ નં. ૧૦૧ વિંગ-બી, દક્ષિણ ફ્લેટ નં. ૧૦૧, પૂર્વ: પેસેજ અને લિફ્ટ, પશ્ચિમ: ખુલ્લો પછી ફ્લેટ નં. ૧૦૩ વિંગ-સી. | | | | | | |

શરતો અને નિયમો :૧.બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખ નિશ્ચિત ટેન્ડર ફોર્મસ સાથે ઈએમ્ડી અને કેવાયસી સાથે **તા. ૨૭-૦૧-૨૦૨૬ ના રોજ ૫.૦૦ વાગ્યા પહેલા** ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાય: https://sarfaesi.auctiontiger.net અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે ઈએમડી પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે. ૨. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ): **૨૮-૦૧-૨૦૨૬ ના** https://sarfaesi.auctiontiger.net ઉપર **બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે** ટેન્ડર ખોલવામાં આવશે. ૩. ઉપર જણાવેલી મિલક્ત પર રહેલી કોઈ પણ પ્રકારની જવાબદારીઓ માટે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ જવાબદાર રહેશે નહીં મિલકતનું વેચાણ જયાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે કરવામાં આવશે.૪ . ડીમાન્ડ ડ્રાફ્ટ હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડની તરફેણમાં આપવાનો રહેશે. ૫. ઓકશન/બીડીંગ માત્ર' ઓન લાઈન ઈલેક્ટ્રોનિક બીડીંગ દ્વારા જ https://sarfaesi.auctiontiger.net ઉપર થશે.બીડરોને વેબસાઈટની મુલાકાત લઈ વિગતવારનિયમો અને શરતો જાણી લીધા બાદ જ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવાની સલાહ છે.૬. રસ ધરાવનાર બીડરોએ તેમના નામ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન પ્રા.લિ.ના પોર્ટલ ઉપર મળનારી લીંક www.auctiontiger.in ઉપર નોંધાવી તેમના યુઝર આઈડી, પાસવર્ડ વિના મુલ્યે મેળવી લેવા, સંભવિત બીડરો ઈ-ઓકશન માટેની ઓન લાઈન તાલીમ પણ સર્વિસ પ્રોવાઈડર મે. ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીસ પ્રા. લિ. (ઓકશન ટાઈગર) ની વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net ઉપરથી મેળવી શકશે. ૭. વધુ જાણકારી માટે હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી શ્રી સૌરભકુમાર નાપિત સંપર્ક નં. ૮૭૯૦૦૨૯૩૮૪ શ્રી હિતેશકુમાર પટેલ સંપર્ક નં.: ૭૦૪૮૩૩૬૬૦૧ શ્રી નીતિન સમુન્દ્રે સંપર્ક નં.: ૮૧૨૮૩૧૦૬૭૮, ત્રિશુલ પટેલ મો. ૯૬૬૪૬૯૨૯૨૩ અથવા સર્વિસ પ્રોવાઈડર મે. ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીસ પ્રા. લિ. (ઓકશન ટાઈગર) હેડ ઓફિસ : બી-૭૦૫, વોલ સ્ટ્રીટ-II, ઓરીએન્ટ ક્લબ સામે, ગુજરાત કોલેજ પાસે, એલિસ બ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ગુજરાત (ઈન્ડિયા) (સપર્ક નં. ૯૨૬૫૫૬૨૮૧૯ / ૯૨૬૫૫૬૨૮૨૧) નો સંપર્ક કરી શકે છે. સપોર્ટ support@auctiontiger.net,, શ્રી રામ શર્મા મોબ. ૮૦૦૦૦૨૩૨૯૭. ઇમેઇલ કરો: ramprasad@auctiontiger.net હજુ સુધી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકતોના વેચાણ અટકાવવાનો કે ફેરફાર કરવા અંગેનો કોઈ કોર્ટનો આદેશ મળ્યો નથી.૮. વધુ માહિતી તથા નિયમો અને શરતો અને વેચાણ માટેના નિયમો અને શરતો માટે ની માહિતી વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net ઉપરથી મેળવી શકશે.૯. ઓક્સન માં બોલી વધારાની રકમ રૂ.૧૦૦૦૦/- રહેશે.

સ્થળ : રાજકોટ
તારીખ : ૧૩.૦૧.૨૦૨૬

નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

અધિકૃત અધિકારી, હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

તંત્રી લેખ

# ભારતના જીડીપી ગ્રોથમાં ગુજરાતની મહત્વની હિસ્સેદારી

ભારતના જી.ડી.પી. ગ્રોથમાં ગુજરાતના ૮ ટકાથી વધુના મહત્વપૂર્ણ યોગદાન છે.જર્મન સાથે વેપાર વધારવા હવે ગુજરાતમાં ઉદ્યોગોના રોકાણોને વધુ સુવિધાપૂર્ણ બનાવવા હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવશે.પરસ્પર સહભાગીતાથી ગ્રોથ રેટને વધુ ઉંચાઈએ લઈ જઈ શકશે.એસ.એમ.ઈ. સેક્ટર-રિન્યુએબલ એનર્જી અને સપ્લાય ચેઈનમાં સંબધો વધારવા તત્પરતા દેખાય રહી છે.

પ્રિસિઝન એન્જીનીયરીંગ અને ટેક્નોલોજી સેક્ટરની જર્મનીની એક્સપર્ટીઝનો લાભ ગુજરાતને મળશે.

હવે દેશના રાજ્યો ગ્રોથ રેટ વધારવા આગળ વધ્યા છે. જર્મનીના ઉદ્યોગોએ ગુજરાત પર જે ભરોસો મૂક્યો છે

ભારત જર્મની સાથે વિશ્વાસુ મિત્ર તરીકે આગળ વધવા માગે છે તે સંજોગોમાં ગુજરાત અને જર્મનીના ઔદ્યોગિક સંબધોને વધુ ઉંડાણ પૂર્વકના અને લાંબાગાળા માટે વિકસાવીને ગુજરાતમાં જર્મન કંપનીઓના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વધુ વેગ મળે તેવી નેમ છે.જર્મની પોતાની સપ્લાય ચેઈન ડાયવર્સીફાઈ કરવા ઈચ્છે છે તેમાં ગુજરાત તેમની પસંદ બને તે માટે લોજિસ્ટિક્સ, પ્રોડક્શન સ્ટ્રક્ચર અને ઈકોનોમિક ફ્રેમ વર્કમાં જે ચેલેન્જીસ છે તે રીઝોલ્વ થાય તેમ છે. ગુજરાત એનર્જી સેક્ટરમાં અગ્રેસર છે તેમાં રિન્યુઅલ એનર્જીમાં ગ્રીડ અને સ્ટોરેજની જર્મન ટેકનોલોજીની એક્સપર્ટીઝનો સહયોગ મળી શકે તેમ છે.


ગુજરાત લિડ લેવા સક્ષ્ક્ષ છે. ૨૦30 સુધીમાં ૧૦૦ ગીગા વોટ રિન્યુએબલ એનર્જી ઉત્પાદનના લક્ષ્ય સાથો સાથ વિકસિત ગુજરાત ૨૦૪૭નો રોડમેપ તૈયાર કરીને ૬ રિજનલ ગ્રોથ હબ તથા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સથી જિલ્લા સ્તરે ફોકસ સેક્ટર પણ તૈયાર કરવામાં આવ્યા છે.ગુજરાતને પોલીસી ડ્રિવન સ્ટેટ તરીકેની આગવી ઓળખ અપાવી છે. હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પોલિસી, આઇ.ટી. પોલીસી, ગ્રીન હાઈડ્રોજન પોલીસી વગેરે સેક્ટર સ્પેસિફિક પોલીસીઝનો લાભ લઈને જર્મનીના ઉદ્યોગો પોતાને અનુકુળ સેક્ટર્સમાં ગુજરાત સાથે સહભાગીતા કરી શકે છે. પ્રિસિઝન એન્જિનિયરિંગ અને ટેકનોલોજી સેક્ટરમાં જર્મનીની તજજ્ઞતાનો લાભ ગુજરાતને મળે તેવી તેમની અપેક્ષા છે.

# વોર્ડ નં.૧૨ના યુવા ભાજપ પ્રમુખ યુવરાજસિંહ ઝાલાનો આજે જન્મદિવસ



રાજકોટના વોર્ડ નં.૧૨ યુવા ભાજપ પ્રમુખ યુવરાજસિંહ જીતેન્દ્રસિંહ ઝાલાનો આજે જન્મ દિવસ છે. છેલ્લા બે ટર્મથી યુવા ભાજપ વોર્ડ પ્રમુખ કામગીરી ચાલુ છે. બજરંગ ગરબી મંડળ મવડી ચોકડી મુખ્ય આયોજક છે. તેઓક્ષત્રીય સમાજના આગેવાન અને યુવા વયથી રાજકારણમાં આગળ નામના મેળવી છે. યુવરાજસિંહ ઝાલા ક્ષત્રીય સમાજ તથા અનેક વિધ સંસ્થામાં સક્રિય યોગદાન આપી રહ્યા છે. જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને લોકચાહના હાંસલ કરે તેમજ સિધ્ધી પ્રસિધ્ધિ અને પ્રગતિના નવા સોપાનો કરે તેવી શુભકામના તેમના મો. ન.૯૯૦૪૬ ૭૪૯૯૯ ઉપર થઇ રહી છે.

# વીર આવો અમારી સાથે સત્સંગ મંડળ દ્વારા વિશ્વશાંતિ સમૂહ સામાયીક યોજાયો



**અબતક, રાજકોટ**

ધીરગુરૂદેવના અનુગ્રહથી વીર આવો અમારી સાથે સત્સંગ મંડળ સાયન દ્વારા યોગી સભા ગૃહમાં પ્રથમવાર વિશ્વ શાંતિ સમૂહ સામાયીકનું આયોજન સવારે ૮.30 થી ૧૨ કલાકે કરાયું હતુ. જેમાં ૯૦૦ ભાવિકો જોડાયા હતા. રૂપેશ વોરાએ સહુને ભકિતમાં ભાવવિભોર કર્યા હતા. પ્રફુલાબેન કામદાર વગેરેએ સેવા બજાવી હતી. ગૌતમપ્રસાદની સુંદર વ્યવસ્થા પુષ્પાબેન દેસાઈ, રશ્મિબેન શાહ વગેરેએ સંભાળી હતી. માત્ર ૧૩ બહેનોની ચાલતું મંડળ નેત્રયજ્ઞ, પાંજરાપોળ સહાય, છાસ વિતરણ, સ્ટેશનરી વિતરણ, સમુહ વરસીતપ, આયંબીલ ઓળી વગેરેનું આયોજન કરાવી ભગીરથ કાર્ય કરી રહેલ છે.

# પ્રેમ સાથે સમરસતા અને સદ્ભાવનાનો પતંગ લહેરાવીએ: ઉદય કાનગડ

## ધારાસભ્ય ઉદય કાનગડે મકરસંક્રાંતિ પર્વની શુભેચ્છા પાઠવી



**અબતક, રાજકોટ**

વિધાનસભા ૬૮-રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડએ શહેરીજનોને મકરસંક્રાતિ પર્વની શુભેચ્છા આપણા જણાવ્યું છે કે સંક્રાતિ એટલે ગતિ, એક સ્થાનમાથી બીજા સ્થાનમાં પ્રવેશ કરવો તે. આ દિવસે સૂર્ય ધન રાશિમાંથી વિદાય લઈ મકર રાશિમાં પ્રવેશ કરે છે. એટલે મકર સંક્રાતિ તરીકે ઓળખાય છે.આ દિવસથી સૂર્ય ઉતર તરફ સહેજ ગતિ કરે છે.ઉતર તરફ નમે છે, એટલે ઉતરાયણ પણ કહેવાય છે.

આ પર્વની મોટી મર્યાદા એ છે કે પતંગોના પાકકા દોરાઓ પંખીઓની પાંખ વીંજે છે. નિર્દોર્ષ પશુપક્ષી ઘાયલ થાય છે. પશુ-પક્ષી પ્રેમીઓ આ પર્વને દાનનો મહિમા પૂરતો રાખવાની યાચના કરે છે.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં

# એક્યુલોન નેક્સસ લિમિટેડના સ્ટોલની મુલાકાત લેતા કેન્દ્રીય મંત્રી પિયુષ ગોએલ

## રાજ્યના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી,અર્જુનભાઈ મોઢવાડીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ અને મેયર નયનાબેન પેઢડીયાએ પણ સ્ટોલની મુલાકાત લીધી



**અબતક, રાજકોટ**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે કાર્યરત એક્યુલોન નેક્સસ લિમિટેડ દ્વારા અત્યંત આધુનિક અને આકર્ષક એઆઈ પ્રદર્શન સ્ટોલ રજૂ કરવામાં આવ્યો છે, જે મુલાકાતીઓનું વિશેષ આકર્ષણ બન્યો છે.

સમિટ દરમિયાન કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ, રાજ્યના મંત્રી જીતુભાઈ વાઘાણી, અર્જુનભાઈ મોઢવાડીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ તથા રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા દ્વારા એક્યુલોન નેક્સસ લિમિટેડના સ્ટોલની મુલાકાત લેવામાં આવી હતી. કંપનીની ટેકનોલોજીકલ ક્ષમતાની પ્રશંસા કરવામાં આવી હતી. તેમજ રાજ્યસભા સાંસદ શ્રી કેસરીદેવસિંહ ઝાલા દ્વારા એક્યુલોન નેક્સસ લિમિટેડને શુભેચ્છાઓ પાઠવી કંપનીની કામગીરીને બિરદાવેલી હતી.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત એકિલોન નકસસ લિમિટેડનો પ્રદર્શન સ્ટોલ બ્લોક નં. ૧, સ્ટોલ નં.પી.૭એ ખાતે આવેલ છે. આ સ્ટોલની મુલાકાત લેનાર મહાનુભાવોને કંપની તરફથી સ્મૃતિચિહ્નરૂપે ચાંદીનો સિક્કો ભેટ આપવામાં આવ્યો હતો.

એક્યુલોન નેક્સસ લિમિટેડ દ્વારા વિકસાવવામાં આવેલ એલએલએમ રાઉટર, યુનિફાઈડ એપીઆઈ પ્લેટફોર્મ તથા અદ્યતન એઆઈ આધારિત સોલ્યુશન્સ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. કંપની દ્વારા આ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન અંદાજે રૂ. ૪૦૦૦ કરોડના એમઓયુ કરવામાં આવશે, જે ગુજરાત અને દેશ માટે રોકાણ તથા રોજગારીની નવી તકો ઊભી કરશે. એક્યુલોન નેક્સસ લિમિટેડ નું એલએલએમ રાઉટર અને યુનિફાઈડ એપીઆઈ પ્લેટફોર્મ એક ક્રાંતિકારી ટેકનોલોજી છે,

આ તકે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ એ જણાવેલ કે એક્યુલોન એક્સેસ ની વિવિધ ક્રાંતિ ભારતની એઆઈ શક્તિના વૈશ્વિક પ્રતિબિંમાં મહત્વ નો ભાગ ભજવશે. રાજ્ય ના મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવેલ કે એકિલોન નકસસ લિમિટેડ ની વિવિધ ક્ષેત્રે કામગીરી થી વિકસિત ભારત તરફ મજબૂત પગલુંભરશે. શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવેલ કે ઈનોવેશનથી ઈન્કલૂસિવ ગ્રોથનો અર્થ માત્ર નવી ટેકનોલોજી વિકસાવવાનો નથી, પરંતુ એવી નવીનતાઓ સર્જવાનો છે જે સમાજના દરેક વર્ગ સુધી પહોંચે અને સર્વાંગી વિકાસને શક્ય બનાવે. એક્યુલોન નેક્સસ લિમિટેડ જેવી કંપનીઓ દ્વારા વિકસાવવામાં આવતી એઆઈ આધારિત ટેકનોલોજી ઉદ્યોગ, ખેતી, શિક્ષણ, આરોગ્ય અને રોજગારી જેવા ક્ષેત્રોમાં સમાન તકો ઊભી કરે છે.'' ડો. દર્શિતાબેન શાહએ જનવેલ કે ટેકનોલોજીના સચોટ ઉપયોગથી ભારત આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે.એઆઈ,ડિજિટલ ઈનોવેશન અને સ્માર્ટ સોલ્યુશન્સ દ્વારા ઉદ્યોગ, ખેતી અને સેવાક્ષેત્રમાં કાર્યક્ષમતા વધે છે. પરિણામે દેશનો સર્વાંગી વિકાસ ઝડપી બને છે અને ભારત વૈશ્વિક મંચ પર વધુ સશક્ત બને છે.'' મેયર નયનાબેન પેઢડીયાએ જણાવેલ કે સ્માર્ટ એઆઈ ટેકનોલોજી દ્વારા ટ્રાફિક મેનેજમેન્ટ, સ્વચ્છતા, સુરક્ષા અને નાગરિક સેવાઓ વધુ કાર્યક્ષમ બને છે. ડેટા આધારિત નિર્ણયો શહેરોના સુવ્યવસ્થિત વિકાસને વેગ આપે છે. પરિણામે નાગરિકોને ઝડપી, પારદર્શક અને ગુણવત્તાયુકત સેવાઓ મળે છે. આ તકે રાજ્યસભા સાંસદ કેસરીદેવસિંહ ઝાલાએ એક્યુલોન નેકસસ લિમિટેડને શુભેચ્છાઓ પાઠવી કંપનીની કામગીરીને બિરદાવતા જણાવેલ કે એક્યુલોન એક્સેસના અદ્યતન એઆઈ અને ટેકનોલોજી પ્લેટફોર્મ દ્વારા દેશના વિકાસને નવી દિશા મળી રહી છે. રોકાણ, રોજગારી અને ઈનોવેશનના અવસર ઊભા થઈ રહ્યા છે, જે 'ડિજિટલ ઈન્ડિયા' અને 'મેક ઈન ઈન્ડિયા'ના લક્ષ્યોને સાકાર કરે છે. આ રીતે કંપની દેશના રાષ્ટ્ર નિર્માણમાં અસરકારક અને દીર્ઘકાલિક યોગદાન આપી રહી છે.

ગુજરાત વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત એકિલોન નકસસ લિમિટેડનો આ પ્રદર્શન સ્ટોલ રાજ્ય અને દેશના યુવા ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ્સ તથા ટેકનોલોજી ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો માટે પ્રેરણાસ્રોત બની રહેશે. કૃષિ ક્ષેત્રે એ આઈ ના ઉપયોગ થી ભારતને ટેકનોલોજીના નવા શિખરે પહોંચાડવામાં એક નવી દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ગોંડલ: માંધાતાદેવના પ્રાગટ્ય દિવસ નિમિતે કાલે શોભાયાત્રા અને જ્ઞાતિ ભોજન

## 'અબતક' ની શુભેચ્છા મુલાકાતમાં માંધાતા ગ્રુપના સભ્યોએ આપી માહીતી



**અબતક, રાજકોટ**

મકરસંક્રાંતિના પાવન પર્વ નીમીતે કોળી સમાજના ઈષ્ટદેવ માંધાતા મહારાજની જન્મ જયંતિ નીમીતે કોળી સેના તથા માંધાતા ગ્રુપ ગુજરાતના સંયુકત ઉપક્રમે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. તથા શોભાયાત્રા પૂર્ણ થયા બાદ જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી માંધાતા ગ્રુપ ગુજરાતના સ્થાપક ભુપતભાઈ ડાભીના માર્ગદર્શનથી સતત ૧૮માં વર્ષે શોભાયાત્રાનું તા. ૧૪-૧-૨૬ બુધવાર સવારે ૭ કલાકે, બપોરે ૧૧.30 કલાકે જ્ઞાતિ ભોજન માંધાતા પાર્ટી પ્લોટ: ભગવતપરા મેઈન રોડ ગોંડલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

'અબતક' ની શુભેચ્છા મુલાકાતમાં મહેશભાઈ કોળીએ માહીતી માટે આ શોભાયાત્રામાં ગોંડલ શહેર તથા તાલુકાના તમામ ઘર દીઠ સવા મુઠી ખીચડી એકત્ર કરી મહા પ્રસાદ બનાવવામાં આવે છે અને જ્ઞાતિ ભોજનમાં પીરસવામાં આવે છે.આ શોભાયાત્રામાં ૨૦ હજારથી વધુ ભાઈઓ, બહેનો જોડાશે. શોભાયાત્રામાં શ્રી માંધાતા, વેલનાથ, જલકારી બાઈ, વિર તાનાજી વગેરેનાં જીવન ચરિત્રો રજુ કરવામાં આવશે આ શોભાયાત્રામાં ગોંડલ સહિત સમગ્ર ગુજરાતભરમાંથી જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં સંતો-મહંતો, પુ.રૂષીભારતીબાપુ- સરખેજ અમદાવાદ, દિવ્ય પુરુષ સ્વામી અક્ષર મંદિર, સીતારામબાપુ, રામદાસબાપુ, આર્યન ભગત સહિતના ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કુંવરજીભાઈ બાવળીયા કેબીનેટ મંત્રી, મુખ્ય અતિથિ તરીકે પરસોતમભાઈ સોલંકી, મંત્રી ગુજરાત, મુખ્ય મહેમાન તરીકે દિવ્યેશભાઈ સોલંકી, ધારાસભ્યઓ હિરાભાઈ સોલંકી-રાજુલા, કાળુભાઈ ડાભી ધોળકા, દેવાભાઈ માલમ કેશોદ, કાળુભાઈ રાઠોડ ઉના, ભગવાનજીભાઈ કરગટીયા માંગરોળ, શિવાભાઈ ગોહેલ મહુવા તથા રમાબેન મકવાણા, વિનોદભાઈ નાગાણી, આનંદભાઈ ડાભી, ચંદુભાઈ ડાભી, રેખાબેન સાગરકા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

મનસુખભાઈ માંડવીયા કેન્દ્રીય મંત્રી, ગીતાબા જાડેજા ધારાસભ્ય, ગોંડલ પરસોતભાઈ રૂપાલા, અલ્પેશભાઈ ઢોલરીયા, ચેતનભાઈ રામાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

માંધાતા પાર્ટી પ્લોટ ગોંડલની ઘોઘાવદર ચોક, પટેલ વાડી, હોસ્પિટલ ચોક, માંધાતા સર્કલ માંડવી ચોક, આંબેડકર ચોક, જેલ ચોક, પાંજરાપોળથી માંધાતા પાર્ટી પ્લોટ ખાતુ પૂર્ણ થશે.સમગ્ર આયોજનને સફળ બનાવવા માંધાતા ઉત્સવ સમિતિના પ્રમુખ હિરેન ડાભી, મહેશજી કોલી, વિજય ગોહેલ, પરેશ મકવાણા, રમેશભાઈ મકવાણા, સોમાભાઈ સદાદીયા, અશોકભાઈ ગોહેલ, રઘુભાઈ મેટાળીયા, પુનાભાઈ સાકરીયા, તેમજ ગોંડલ શહેર તાલુકાના અનેક કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યાં છે. 'અબતક' ની શુભેચ્છા મુલાકાતમાં ચંદુભાઈ ડાભી, મહેશજી કોલી, વિનુભાઈ નાગાણી, રમેશભાઈ મકવાણા, રેખાબેન સગારકા, રઘુભા ડાભી, સંજયભાઈ બેરાણી, જીવારાજભાઈ ગોહેલ, રવિભાઈ પરમાર, મુકેશભાઈ ડાભી અને દિનેશભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

મકરસંક્રાંતિના દિવસે

# અર્હમ યુવા સેવા ગૃપ દ્વારા ઘવાયેલા પક્ષીઓના બચાવ માટે જીવદયા કેમ્પનું આયોજન

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગૃપ અને કરૂણા ફાઉન્ડેશનના સહયોગથી મકરસંક્રાતિના દિવસે પતંગ-દોરાથી ઘાયલ પક્ષીઓને શાતા પમાડવાના ભાવ સાથે તેમજ ઘવાયેલા પક્ષીઓ મોતને ન ભેટે તેવા ભાવ સાથે 'અર્હમ જીવદયા સહાય' અંતર્ગત મોદી સ્કૂલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, ગાંધીગ્રામ પોલીસ ચોકીની બાજુમાં તેમજ ટાટાના શો રૂમ પાસે, ઉમિયા ચોક તથા ક્રિસ્ટલ મોલ સામે, કાલાવડ રોડ પર 'જીવદયા કેમ્પ'નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વેટરનીટી ડોક્ટરોની ટીમ તથા જીવદયા પ્રેમીઓના સહયોગથી ઘવાયેલા પક્ષીઓની સારવાર કરવામાં આવશે. ઘાયલ પક્ષીઓને જીવદયા કેમ્પ સુધી પહોંચાડનાર દરેક જીવદયા પ્રેમીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ ઉપરાંત છેલ્લા આઠ વર્ષથી અર્હમ યુવા સેવા ગૃપ રાજકોટ દ્વારા રાજકોટ તેમજ સૌરાષ્ટ્રની અલગ અલગ પાંજરાપોળ તેમજ ગૌશાળામાં દરરોજની એક ગાડી ઘાસ મોકલવામાં આવે છે.

આ ઉપરાંત અર્હમ ગ્રીન નેટ પ્રોજેકટ અંતર્ગત રાજકોટ અને સૌરાષ્ટ્રના દરેક પાંજરાપોળ અને ગૌશાળામાં શિયાળા દરમિયાન ગ્રીન નેટ આપવામાં આવે છે અને પશુઓ માટે ભોજનથાળ એટલે ગમાણ સૌરાષ્ટ્રની દરેક પાંજરાપોળ અને ગૌશાળાને આપવામાં આવે છે.

આપના ધ્યાનમાં રાજકોટ શહેરમાં કોઈ પણ જગ્યાએ ઘવાયેલ પક્ષીઓ જણાય તો આપેલ નંબર ૯૧૩૬૪ ૪૨૪૯૧, ૯૮૯૮૪ ૯૯૫૪ ઉપર અમારો સંપર્ક કરવા વિનંતી. સાથે તમામ જીવદયા પ્રેમી ભાવિકોને અમારા આ જીવદયા કેમ્પની મુલાકાત લેવા ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવે છે. આ કેમ્પ તારીખ ૧૪-૦૧-૨૦૨૬, બુધવાર સવારે ૮:૦૦ થી રાત્રે ૮:૦૦ સુધી કાર્યરત રહેશે.

ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ થાય ત્યાં સુધી મંડયા રહો

# નિધિ સ્કુલ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ ઉજવણી



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા આજ રોજ ૧૨ જાન્યુઆરી એટલે કે સ્વામી વિવેકાનંદની ૪૦મી જન્મ જયંતી, આ દિવસે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી સમગ્ર ભારત વર્ષમાં કરવામાં આવે છે, ૧૨ મી જાન્યુઆરી ૧૯૮૫ ના દિવસે ભારત સરકાર દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવેલ છે.

નિધિ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા આજ રોજ સ્વામી વિવેકાનંદની પ્રેરણા આપતું નાટક તેમજ વિવેકાનંદજીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી, તેમજ શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદ ના જીવન ચરિત્ર તેમજ તેમણે ગુરુ આદર્શ દ્વારા કરેલ કાર્યો તેમજ સમગ્ર વિશ્વમાં સનાતન હિંદુ ધર્મનો ડંકો શિકાગોની ધર્મસભામાં વગાડ્યો હતો તેના વિશે માહિતી આપવામાં આવેલ હતી, તેમજ સ્વામી વિવેકાનંદ નું સૂત્ર ''ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ થાય ત્યાં સુધી મંડ્યા રહો'' ની સમજ આપવામાં આવેલ હતી, આ સમગ્ર કાર્યક્રમમાં નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા ના માર્ગદર્શન હેઠળ પ્રિન્સિપાલ બીના ગોહેલ, જાનકી નકુમ તેમજ હર્ષદ રાઠોડ કાર્યરત રહેલ હતા, તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિરલ લાઠીયા દ્વારા કરવામાં આવેલ હતું.

# રાજકોટ શહેર સમસ્ત મુસ્લિમ વાઘેર જમાતના હોદેદારોની વરણી

## પ્રમુખ પદે હાજી બુચડ અને ઉપપ્રમુખ પદે યાસીન જસરાયા બીનહરીફ



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર સમસ્ત સુન્ની મુસ્લિમ વાઘેર જમાતની એક બેઠક મળી હતી. જેમાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી. બેઠકમાં સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે બુચડ હાજીભાઈ ઈલ્યાસભાઈ, ઉપપ્રમુખ જસરાયા યાસીનભાઈ આમદભાઈ, મહામંત્રી જસરાયા દિલાવર જુમાભાઈ, મંત્રી સોઢા સલીમભાઈ સાલેમામદભાઈ, ખજાનચી તરીકે સિકાર ફરીદભાઈ તૈયબભાઈ, સભ્યો તરીકે પારા ઈસ્માઈલભાઈ હનીફભાઈ, કકલ જાકીરભાઈ અબ્બાસભાઈ, સુમારીયા સાલેમામદભાઈ, આમદભાઈ, કકલ મામદભાઈ ઈબ્રાહીમભાઈ અને જગીયા ઓસમાણભાઈ ઈસાભાઈ અને છેર સલીમભાઈ અયુબભાઈનો સમાવેશ થાય છે.

# વિરાણી હાઈસ્કુલના છાત્રોએ પતંગની માનવ સાંકળ રચી જીવદયાનો સંદેશ ફેલાવ્યો

## ૨૫૦થી વધુ છાત્રો અને શિક્ષકોએ ચાઈનીઝ દોરી ન વાપરવા અને અન્ય કાળજી રાખવાના લીધા 'શપથ'



**અબતક, રાજકોટ**

મકરસંક્રાંતિ / ઉતરાયણની પૂર્વ પ્રભાતે સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ વિરાણી હાઈસ્કૂલના ટેકનીકલના વિદ્યાર્થીઓએ સહ અભ્યાસી પ્રવૃત્તિના ભાગરૂપે વિરાણી હાઈસ્કૂલના મેદાનમાં પતંગની વિશાળકાય માનવઆકૃતિ તૈયાર કરી હતી. જેમાં ટેકનિકલના ૨૫૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ભાગ લીધો હતો. તેમજ ચાઈનીઝ દોરી ન વાપરવાના અને પતંગ ચગાવતી વખતે સાવચેતી રાખવાના શપથ લીધા હતા. કાર્યક્રમને અંતે વંદે માતરમ ગાઈને દેશભક્તિના રંગે પતંગોત્સવની ઉજવણી કરી હતી. આ વિશાળકાય પતંગ બનાવવામાં ટેકનિકલ ઈન્સ્ટ્રકટર જે.એન.સરધારા, સ્પોર્ટ્સ ટીચર આર.એલ.બામટા તથા ટેકનીકલના વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં સી જે ગ્રુપના ચેરમેન ચિરાગભાઈ ધામેચા ઉપસ્થિત રહ્યા હતા

# સુરક્ષાના બહાના બંધ કરો: "વર્લ્ડકપ" માટે તો ભારત જ રમવા આવવું પડશે

## બાંગ્લાદેશે વર્લ્ડકપ માટેનું સ્થળ બદલવાની માંગ આઈસીસીએ ફગાવી



**અબતક, નવી દિલ્હી**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની ટી-૨૦ વર્લ્ડ કપના સ્થળો બદલવાની માંગણી ફગાવી દીધી છે.આઈસીસીએ સ્પષ્ટ કર્યું કે વર્લ્ડ કપના શેડ્યૂલમાં કોઈ ફેરફાર થશે નહીં.જોકે, બાદમાં આ પોસ્ટ ડિલીટ કરી અને આઈસીસીના સૂત્રોના હવાલાથી આ જાણકારી આપતી બીજી પોસ્ટ કરી.

આઈસીસીએ ઈન્ટરનેશનલ એક્સપર્ટની તપાસમાં જાણ્યું કે બાંગ્લાદેશની ટીમ અને અધિકારીઓને ભારતમાં કોઈ ખતરો નથી. ખાસ કરીને કોલકાતા અને મુંબઈમાં બાંગ્લાદેશની નિર્ધારિત મેચોને લઈને જોખમને સુરક્ષા વ્યવસ્થા દ્વારા સંભાળી શકાય છે.આઈસીસીએ જણાવ્યું કે ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નું મેચ શેડ્યૂલ પહેલેથી જ જાહેર કરવામાં આવ્યું છે અને તમામ ભાગ લેનારી ટીમો પાસેથી નિયમો હેઠળ તેમની જવાબદારીઓ નિભાવવાની અપેક્ષા રાખવામાં આવે છે.આઈસીસીએ એ પણ પુનરાવર્તન કર્યું કે તેની સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી.આઈસીસીએ જણાવ્યું કે કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં કન્ટિન્જન્સી પ્લાનિંગ (આકસ્મિક યોજના)ને વાસ્તવિક ખતરા તરીકે રજૂ કરવામાં આવ્યું, જે સાચું નથી. સંભવિત પરિસ્થિતિઓ પર અગાઉથી યોજના બનાવવી એ એક સામાન્ય અને વ્યાવસાયિક પ્રક્રિયા છે, જેથી દરેક પરિસ્થિતિ માટે તૈયારી રહે, ભલે તેની સંભાવના ખૂબ ઓછી કેમ ન હોય. આ ધારણાઓને કોઈ પણ પ્રકારનો આદેશ કે નિષ્કર્ષ માનવો જોઈએ નહીં.

## મુંબઈ હારી જતાં કર્ણાટક સેમિમાં, સૌરાષ્ટ્રને પણ જીતી મળી





**અબતક, નવી દિલ્હી**

ભારતના મહાન ક્રિકેટર વિજય હઝારેના નામ પરથી દર વર્ષે રમાતી વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામિનૂટમાં સોમવારે બેંગલૂરુમાં વરસાદ અને નબળા પ્રકાશને કારણે બન્ને ક્વોર્ટર ફાઈનલ ખોરવાઈ ગઈ હતી. પહેલી ક્વોર્ટર માં ખરાબ હવામાન પછી મુંબઈનો કર્ણાટક સામે ૫૫ રનથી પરાજય થયો હતો, જયારે બીજી ક્વોર્ટરમાં સૌરાષ્ટ્ર નો ઉત્તર પ્રદેશ સામે ૧૭ રનથી વિજય થયો હતો. કર્ણાટક અને સૌરાષ્ટ્ર હવે સેમિ ફાઈનલમાં પહોંચી ગયા છે. તેમના હરીફો આજે નક્કી થશે.

અલુરમાં બીજા મેદાન પર ઉત્તર પ્રદેશે અભિષેક ગોસ્વામીના ૮૮ રન અને સમીર રિઝવીના અણનમ ૮૮ રનની મદદથી ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૩૧૦ રન કર્યાં હતા. સૌરાષ્ટ્રના ચેતન પન્વાર તથા પ્રેરક માંકડે બે-રાણાએ એક વિકેટ લીધી

સૌરાષ્ટ્રએ જીતવા કરવાના હતા. જોકે દેસાઈના અણનમ મેચ પ્રેરક માંકડના જાનીના અણનમ ૪૦.૧ ઓવરમાં ૩/ વીજેડી પદ્ધતિ લાગુ સૌરાષ્ટ્રએ ૪૦.૧

સાકરિયાએ ત્રણ તેમ જ અંકુર બે વિકેટ અને પાર્શ્વરાજ હતી.

૫૦ ઓવરમાં ૩૧૧ રન એનો સ્કોર ઓપનર હાર્વિક ૧૦૦ રન, મેન ઑફ ધ ૬૭ રન તેમ જ ચિરાગ ૪૦ રનની મદદથી ૨૩૮ હતો ત્યારે આસાન કરાઈ હતી. એ મુજબ ઓવરમાં જીતવા ૨૨૨ રન કરવા જોઈતા હતા, જયારે એણે ૨૩૮ રન કરી લીધા હોવાથી એને (સૌરાષ્ટ્રને) વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

## કોહલીમાંથી "વિરાટ" બનવા શિસ્તનો કોઈ પર્યાય નથી: શાસ્ત્રી





**અબતક, નવી દિલ્હી**

ભારત વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ પ્રથમ વનડે મેચમાં વિરાટ કોહલીનું શાનદાર પ્રદર્શન અને પૂર્વ કોચ રવિ શાસ્ત્રીની પ્રશંસાએ બધાનું ધ્યાન ખેંચ્યું હતું. વડોદરાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ભારતે ૩૦૧ રનના ટાર્ગેટને ૪ વિકેટથી હાંસલ કરીને સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી હતી.મેચ દરમિયાન કોમેન્ટેટર હર્ષા ભોગલેએ પૂછ્યું કે નવી પેઢી વિરાટ કોહલી પાસેથી શું શીખી શકે? તેના જવાબમાં રવિ શાસ્ત્રી ખૂબ જ ભાવુક થઈ ગયા અને કહ્યું, એકાગ્રતા અને શરીરને તેની ક્ષમતા કરતાં પણ વધુ પુશ કરવાની તાકાત. મેં મારા કોચિંગ કાર્યકાળ દરમિયાન જોયું છે કે કોહલીની કામ પ્રત્યેની નિષ્ઠા સૌથી ઉપર છે. તે સવારે કેટલા કેચ પકડે છે, પ્રેક્ટિસ કરે છે અને પોતાની જાતને તૈયાર કરે છે, તે અદભૂત છે. તેની બેટિંગ અને સફળતા એ એક અદ્રશ્ય પ્રક્રિયાનું દશ્યમાન પરિણામ છે.

કોહલીનું આ પ્રોફેશનલિઝમ કોઈ યોજના નથી, પણ એક સિસ્ટમ છે. જો ગિલ પણ વિરાટ જેવી લાંબી અને સફળ કારકિર્દી બનાવવા માંગે છે, તો તેની સામે 'બ્લુપ્રિન્ટ' તૈયાર છે. રનની ભૂખ જાળવી રાખવી, ફિટનેસ પર ધ્યાન આપવું અને આ આકરી મહેનતને જીવનનો એક ભાગ બનાવી લેવો - આ જ સફળતાની ચાવી છે.



## ગ્રેસ હેરિસના ૮૫ રને વુમેન્સ પ્રીમિયમ લીગમાં આરસીબીને સતત બીજી જીત અપાવી

### આરસીબીએ ૧૪૪ રનનો ટાર્ગેટ માત્ર ૧૨.૧ ઓવરમાં હાંસલ કરી લીધો: ઓપનર ગ્રેસ હેરિસે ૪૦ બોલમાં ૮૫ રન જ્યારે સ્મૃતિ મંધાનાએ ૪૭ રન બનાવ્યા

**અબતક, મુંબઈ**

વિમેન્સ પ્રીમિયર લીગ એટલે કે ડબ્લ્યુપીએલ ૨૦૨૬ ની ૫મી મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને યુપી વોરિયર્સ વચ્ચે રમાઈ હતી. પહેલા બેટિંગ કરતા યુપી વોરિયર્સે ડિએન્ડ્રા ડોટિન અને દીપ્તિ શર્માની અણનમ ઈનિંગના આધારે ૫ વિકેટ ગુમાવીને ૧૪૩ રન બનાવ્યા હતા. જેના જવાબમાં આરસીબીએ ગ્રેસ હેરિસની તોફાની ઈનિંગના કારણે ૧૩મી ઓવરના પહેલા બોલ પર ૧૪૪ રનનો ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. ગ્રેસ હેરિસે ૪૦ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૫ છગ્ગા સાથે ૬૫ રનની ઈનિંગ રમી હતી. સ્મૃતિ મંધાનાએ અણનમ ૪૭ રન બનાવ્યા હતા.ગ્રેસ હેરિસે ડીઆન્ડ્રા ડોટિનની ઓવરમાં ૩૨ રન બનાવ્યા અને માત્ર ૨૨ બોલમાં પોતાની અડધી સદી પૂર્ણ કરી. આ રીતે ગ્રેસ હેરિસ ડબ્લ્યુપીએલ ઈતિહાસમાં પાવરપ્લેમાં અડધી સદી ફટકારનાર માત્ર ચોથી બેટ્સમેન બની. આ પહેલા સોફી ડિવાઈન, શેફાલી વર્મા અને સોફી ડંકલીએ આ સિદ્ધિ હાંસલ કરી હતી.ગ્રેસ હેરિસે પોતાની અડધી સદી પૂર્ણ કર્યાના થોડા સમય પછી એટલે કે માત્ર ૭.૫ ઓવરમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો સ્કોર ૧૦૦ રન સુધી પહોંચી ગયો.ડબ્લ્યુપીએલ ઈતિહાસમાં ઓવરની દ્રષ્ટિએ કોઈપણ ટીમ દ્વારા આ બીજી સૌથી ઝડપી સદી છે. આ પહેલા દિલ્હી કેપિટલ્સે ડબ્લ્યુપીએલ ૨૦૨૩ માં માત્ર ૭ ઓવરમાં ૧૦૦ રન બનાવવાની સિદ્ધિ હાંસલ કરી હતી.

### ગ્રેસ હેરિસે એક ઓવરમાં બનાવ્યા ૩૨ રન

ઓપનર ગ્રેસ હેરિસે પહેલી જ ઓવરથી યુપી વોરિયર્સના બોલરોનો હેરાન કરી દીધા. હેરિસે સ્મૃતિ મંધાના સાથે મળીને ૫ ઓવરમાં ૪૬ રન બનાવ્યા. આ પછી ડિએન્ડ્રા ડોટિનનો ઓવર આવી, જેમાં ગ્રેસ હેરિસે ચોગ્ગા અને છગ્ગા ફટકારીને શાનદાર સિદ્ધિ મેળવી. ડિએન્ડ્રા ડોટિનની આ ઓવરમાં ગ્રેસ હેરિસે કુલ ૩૨ રન બનાવ્યા. ડોટિને નો બોલ પર ચોગ્ગા ફટકારીને તેનું સ્વાગત કર્યું. આ પછી હેરિસે સતત ૪ છગ્ગા ફટકારીને ધૂમ મચાવી. આ પછી ડોટિને વાઈડ બોલ ફેંક્યો અને છેલ્લા બોલ પર ચોગ્ગા ફટકાર્યા.

# ઊંધિયુ, જલેબી, ફાફડા ગાંઠીયા અને ચીકીના નમુના લેતું કોર્પોરેશન

## આજી ડેમ ચોકડી વિસ્તારમાં ખાણી પીણીની ૧૭ દુકાનોમાં ચેકિંગ: ૧૫ વેપારીઓને નોટિસ



**અબતક,રાજકોટ**

ઉતરાયણના પર્વમાં ઉંધીયું જલેબી, ફાફડા ગાંઠીયા અને વિવિધ ફ્લેવરની ચિકીનું વેચાણ વધુ માત્રામાં થતુ હોય છે. આવામાં ભેળસેળની શકયતા પણ વધી જતી હોય છે.જેને ધ્યાનમાં રાખક્ષ કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગન ફુડ વિભાગની ટીમ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ઉંધીયુ, જલેબી, ફાફડા ગાંઠીયા અને ચિકીના નમુના લઈ પરિક્ષણ અર્થે મોકલવામાં આવ્યા હતા.

૧૫૦ ફૂટ રીંગરોડપર રૈયા ચોકડી પાસે વેસ્ટગેટમાં આવેલા પંડવાઝ રસથાળમાંથી ઉંધીયુ શાક, જીવનનગર કોર્નર પર જલારામ રેસ્ટોરન્ટ 'ચિત્રકુટ'માંથી ઉંધીયુ, જય હિંગળાજ રેસ્ટોરન્ટમાંથી ઉંધીયુ, મોરબી રોડ પર પારેવડી ચોક પાસે અંબિકા ફરસાણ માર્ટમાંથી લુઝ જલેબી અને ફાફડા ગાંઠીયા, વરિયા સ્વીટ માર્ટમાંથી ફાફડા ગાંઠીયા ગાંધીગ્રામમાં એસ.કે.ચોકમાં ઠકકર ગૃહ ઉધોગમાંથી પ્રણામી ચિકી સ્પેશિયલ ટોપરા ચીકી અને માવા ચીકી ગાંધીગ્રામ વિસ્તારમાં સૌદર્ય બ્યુટીપાર્લર પાસે રાજશકિત ફરસાણ એન્ડ સ્વીટ માર્ટમાંથી તલની ચિકી અને લુઝ શીંગની ચિકીના નમુના લેવામાં આવ્યા હતા. ફૂડ વિભાગની ટીમ દ્વારા આઈ.ટી.આઈ. હોકર્સ ઝોન થી આજીડેમ ચોકડી સુધીના વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૭ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ૧૫ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી. કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરાય હતી. મહાદેવ દાળપકવાન, ખાખી નાસ્તા પોઈન્ટ, ફેમસ દાળપકવાન, કનૈયા પૂરીશાક, આનંદના પ્રખ્યાત ધોરાજી ભૂંગળા બટેટા, બજરંગ નાસ્તા પોઈન્ટ, આનંદ દાળપકવાન, મહાદેવ સોડા, મિત્રા ફ્રેશ ફૂડ , બાલાજી હોટલ , કનૈયા ફરસાણ, ગોકુલ ગાંઠિયા, જય બાલાજી હોટલ ,આઈશ્રી ખોડિયાર પૂરી શાક , જલારામ ફરસાણ માર્ટ-લાઈસન્સ મેળવવા નોટીસ અપાય હતી.

## ૧૩૦૪ બિલ્ડિંગો ફાયર એનઓસી વિનાની:હવે કોર્પોરેશન ત્રાટકશે

### ફાયર સેફ્ટીના નિયમો વિરુદ્ધ બાંધકામ હોય તેવી બિલ્ડિંગની ફાયર એનઓસી અરજીઓ ફગાવાઈ

**અબતક, રાજકોટ**

અનઅધિકૃત બાંધકામો નિયમિત કરવા માટે નિયમ હેઠળ ઈમ્પેકટ ફી કાયદો અમલમાં મૂકયો છે. વધારાના બાંધકામ કરનાર આસામીઓ પૈકી ફાયર એનઓસીમાં આવતા હોય તેવા એકમોએ ઈમ્પેકટ ફીનો લાભ લઈ ફાયર એનઓસી માટે અરજી મૂકી હતી. પરંતુ ઈમ્પેકટ ફીમાં નિયમ મુજબ થયેલા વધારાના નવા બાંધકામો ફાયર એનઓસીના નિયમોમાં ફીટ ન બેસતા અનેક આસામીઓ હવે ફાયર ઓનઓસી મેળવવા માટે ઈમ્પેકટ ફીનો લાભ લીધો હતો. પરંતુ ફાયર એનઓસી માટે જરૂરી બાંધકામ ન હોય ૧૩૦૪ જેટલા બાંધકામોને ફાયર એનઓસી મળે શકે તેમ નથી. આવા બાંધબકામો તોડી પાડવા માટે ટૂંક સમયમાં કાર્યવાહી કરવામાં આવશે.

ઈમ્પેકટ ફી કાયદોમાં કોમર્શિયલ બાંધકામોમાં આંધાધૂંધી સર્જાઈ છે. રહેણાંકના એકમો માટે ઈમ્પેકટ ફી કાયદો ફાયદા રૂપ નિવડ્યો છે. પરંતુ કોમર્શિયલ બાંધકામોની પછેડી દબાણી હોય તેમ ઈમ્પેકટ ફીનો લાભ લઈ વધારાનું બાંધકામ કર્યા બાદ ફાયર એનઓસી માટે અરજી કરવામા આવી હતી. ત્યારબાદ ફાયર વિભાગ દ્વારા સ્થળ તપાસ દરમિયાન મોટાભાગના એકમોમા કરેલા વધારાના બાંધકામો ફાયર એનઓસીના નિયમોને અનુરૂપ ન હોવાથી ફાયર એનઓસી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ગેમઝોન દુર્ઘટના બાદ સરકાર દ્વારા ફાયર સેફ્ટીના નવા નિયમો અમલમાં મૂકયા છે. તે સમયે ફાયર એનઓસી વિહોણા અનેક એકમો સીલ કરવામાં આવ્યા હતા. અને હવે ઈમ્પેકટ ફી હેઠળ થયેલા વધારાના બાંધકામો પૈકી અનેક બાંધકામોમા એક્ઝીટ ગેઈટ તેમજ ડબલ સીડી અને આગળ પાછળ મૂકવામાં આવતી જગ્યાઓ તેમજ બાંધકામોના ઈસ્યુ ઉભા થયા છે.

જેના કારણે આ પ્રકારના બાંધકામોને ફાયર એનઓસી મળવા પાત્ર નથી. ફાયર વિભાગના સત્તાવાર આંકડા મુજબ ઈમ્પેકટ ફીનો લાભ લેનાર અને વધારાનું બાંધકામ મંજૂરી વગર કરી નાખ્યુ હોય તેવા હાલના ૧૩૦૪ જેટલા આસામીઓએ ફાયર એનઓસી માટે અરજી કરેલ જે સ્થળ તપાસ દરમિયાન ફાયર વિભાગે ના મંજૂર કરી વધારાના બાંધકામો દૂર કરવાની સુચના આપી છે. છતાં આ પ્રકારના બાંધકામો દુર નહી થાયતો ટૂંક સમયમાં ડિમોલીશન સહિતની કાર્યવાહી હાથ ધરાવમાં આવશે.

## ન હોય...કુતરૂ કરડે તો સરકારને ડામ?

### રખડતા કૂતરાની સમસ્યા માટે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી: સુપ્રીમ કોર્ટે ડોગ લવર્સ તથા તંત્રની ઝાટકણી કાઢી હતી

**અબતક, નવી દિલ્હી**

રખડતા કૂતરાની સમસ્યા માટે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આજે સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે ડોગ લવર્સ તથા તંત્રની ઝાટકણી કાઢી હતી. કોર્ટે કહ્યું કે, કૂતરાઓમાં ખાસ પ્રકારનો વાઈરસ હોય છે જેનું કોઈ નિદાન નથી. કૂતરા ૯ વર્ષના બાળક પર હુમલો કરે તો જવાબદાર કોણ? સરકાર કશું નથી કરી રહી. કૂતરા જેટલી વખત કરડશે અથવા તેનાથી કોઈનું મોત થશે તો અમે સરકારને વળતર આપવાનો આદેશ આપીશું.

આ અંગે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રણથંભૌર નેશનલ પાર્કમાં કૂતરાઓ દ્વારા બચકા ભરી લેવાતા વાઘ પણ ગંભીર બીમારીથી પીડાતા હતા. જ્યારે કૂતરા ૯ વર્ષના બાળક પર હુમલો કરે છે તો તેના માટે કોણ જવાબદાર? તે સંગઠન જે તેમને ખાવાનું આપે છે કે પછી અમે આ મામલે આંખો બંધ કરી લઈએ. રખડતા કૂતરાને ખોરાક આપનારા ડોગ લવર્સ કૂતરા પોતાના ઘરે લઈ જાય.

જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મેહતા અને જસ્ટિસ એન વી અંજારિયાની બેન્ચે આગળ કહ્યું કે, તે લોકો પર જવાબદારી નિશ્ચિત થવી જોઈએ જે કહે છે કે અમે કૂતરાઓને ભોજન કરાવીએ છીએ. સરકાર કંઈ પણ નથી કરી રહી. અમે હવે રાજ્ય સરકારો પર ન માત્ર જવાબદારી પરંતુ પીડિતને ચોક્કસ વળતર મળે તેવો આદેશ આપીશું. એવો આદેશ આપીશું કે દરેક ડોગ બાઈટ પર સરકારે ભારે વળતર આપવું પડે.

### ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં

## સાંદિપની વિદ્યાનિકેતનમાં "માનવ સેવા મહાયજ્ઞ" થકી શ્રી હરિ મંદિરનો પાટોત્સવ ઉજવાશે



**અબતક, રાજકોટ**

પોરબંદરના સાંદીપનિ વિદ્યાનિકેતનમાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના પાવન સાનિધ્યમાં આગામી તા. ૨૧-૦૧-૨૬ થી ૨૫-૦૧-૨૬ દરમિયાન શ્રી હરિ મંદિરનો ૨૦મો પાટોત્સવ મહામહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ ધાર્મિક મહોત્સવની સાથે સાથે સાંદીપનિ દ્વારા માનવસેવાને પ્રાધાન્ય આપીને વિવિધ ચાર જેટલા સ્પેશિયાલિસ્ટ મેડિકલ કેમ્પોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. દંત ચિકિત્સા કેમ્પ ગૌરીદળના લાભુભાઈ શુકલ મેમોરિયલ ટ્રસ્ટના હર્ષદભાઈ જોશી અને સરોજબેન જોશીની ટીમ દ્વારા 'જાલંધર બંધ યોગ પદ્ધતિ' થી દાંતની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે. કિડની નિદાન કેમ્પ રાજકોટની લબ્ધપ્રતિષ્ઠિત 'યુરોકેર હોસ્પિટલ'ના નિષ્ણાંત તબીબો દ્વારા યુરોલોજી અને નેફ્રોલોજીને લગતા રોગોનું નિદાન કરવામાં આવશે. એન્ડોક્રાઈનોલોજી (ડાયાબિટીસ) કેમ્પ વરિષ્ઠ તબીબ ડો. વિવેક આર્ય અને તેમની ટીમ દ્વારા અંતઃસ્ત્રાવી ગ્રંથિ અને ડાયાબિટીસના દર્દીઓનું નિદાન કરાશે. કેન્સર જનજાગૃતિ અને નિદાન કેમ્પ રાજકોટની 'શાશ્વત હોસ્પિટલ'ના કેન્સર ફિઝિશિયન અને સર્જનની ટીમ દ્વારા કેન્સરના દર્દીઓની તપાસ અને માર્ગદર્શન આપવામાં આવશે. દર્દીઓને 'વહેલા તે પહેલા'ના ધોરણે તપાસવામાં આવશે, વધુ માહિતી માટે કેમ્પ કો-ઓર્ડિનેટર ડો. સુરેશ ગાંધી અથવા ડો. ભરત ગઢવી (મો. ૮૮૬૬૨૮૨૨૦૮) નો સંપર્ક કરવા જણાવાયું છે.

# હવે બ્લિન્કીટમાં ૧૦ મિનિટમાં ડિલિવરી બંધ, સ્વિગી-ઝોમેટો સાથે પણ સરકારની વાતચીત

## સરકાર સાથેની બેઠકમાં, સ્વિગી, ઝોમેટો અને ઝેપ્ટોએ પણ ખાતરી આપી છે કે તેઓ હવે ગ્રાહકોને ડિલિવરીની સમયમર્યાદા જાહેર કરશે નહીં

**અબતક, નવી દિલ્હી**

ભારતમાં ગિગ વર્કર્સને થતી મુશ્કેલીઓને લઈને છેલ્લા ૧ મહિનાથી સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે. ગત ૨૫ ડિસેમ્બરે મોટા પ્રમાણમાં ગિગ વર્કર્સે હડતાળ પણ કરી હતી. વિપક્ષે માંગ કરી હતી કે મામલે સરકારે નિયમો બનાવવા જોઈએ. ત્યારે કેન્દ્ર સરકારે હસ્તક્ષેપ કર્યો છે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ આ મામલે ક્વિક કોમર્સ સેક્ટરની કંપનીઓ સાથે વાત કરી છે. જે બાદ મોટા ભાગની કંપનીઓએ સરકારને આશ્વાસન આપ્યું છે કે, હવેથી જાહેરાતો તથા સોશિયલ મીડિયાથી '૧૦ મિનિટ' ડિલિવરીની મુદત હટાવવામાં આવશે. મીડિયા અહેવાલોમાં દાવો કરાયો છે કે કેન્દ્ર સરકારે બ્લિંકકિટ, ઝેપ્ટો, સ્વીગી જેવી કંપનીઓ સાથે વાત કરી હતી. જે બાદ હવે વિવિધ કંપનીઓ ગિગ વર્કર્સ માટેની ટાઈમ લિમિટ હટાવશે.

કેન્દ્ર સરકારે તમામ કંપનીઓને ડિલિવરી પાર્ટનર્સની સુરક્ષાને સૌથી વધુ પ્રાથમિકતા આપવાના નિર્દેશ આપ્યા છે. સરકારનું માનવું છે કે ડિલિવરી વહેલા કરવાના દબાણમાં લોકોના જીવ જોખમમાં નાંખી શકાય નહીં.

નોંધનીય છે કે ભારતમાં નાના-મોટા સામાન તથા ભોજનને લઈને ચાલતી એપ્સમાં સૌથી વધુ ઝડપી ડિલિવરીની હરીફાઈ જામી હતી. કંપનીઓ દાવો કરતી હતી કે ઓર્ડર કર્યાના ૧૦ જ મિનિટમાં સામાન ગ્રાહકના ઘરે પહોંચી જશે. જો સામાન ૧૦ મિનિટમાં ન પહોંચે તો ડિલિવરી પાર્ટનર્સને ઓછા રેટિંગ્સનો સામનો કરવો પડતો હતો. આવી હરીફાઈના કારણે ડિલિવરી પાર્ટનર્સ ઘણીવાર ટ્રાફિક નિયમો તોડતા જોવા મળતા હતા.

### ડિલિવરી ભાગીદારોની સલામતી સર્વોપરી છે: ડો. મનસુખ માંડવિયા

શ્રમ મંત્રીએ બેઠકમાં સ્પષ્ટતા કરી હતી કે કંપનીઓના વ્યવસાયિક મોડેલોએ કામદારોના જીવનને જોખમમાં ન મૂકવું જોઈએ.૧૦ મિનિટ જેવી સમય મર્યાદા માત્ર રાઈડર્સ માટે ખતરનાક નથી પણ અન્ય માર્ગ વપરાશકર્તાઓ માટે પણ જોખમ ઊભું કરે છે.સરકાર હવે સામાજિક સુરક્ષા અને ગિગ વર્કર્સ માટે સુધારેલી કાર્યકારી પરિસ્થિતિઓ પર એક વ્યાપક નીતિ બનાવવાની તૈયારી કરી રહી છે.

### માર્કેટિંગ વ્યૂહરચનામાં મોટા ફેરફારો થશે

આ કંપનીઓ હવે તેમની માર્કેટિંગ વ્યૂહરચના બદલશે. અત્યાર સુધી, ''૧૦ મિનિટ'' તેમનો સૌથી મોટો યુએસપી હતો. જો કે, કંપનીઓએ સ્પષ્ટતા કરી છે કે તેઓ તેમની કાર્યકારી કાર્યક્ષમતા ઘટાડશે નહીં, પરંતુ રાઈડર્સ પર દબાણ લાવનારી જાહેરાતો દ્વારા ગ્રાહકોમાં અપેક્ષાઓ પેદા કરશે નહીં.

# કુટણખાનાની બાતમી આપ્યાનો ખાર રાખી યુવાન પર હુમલો

## એચ.આર.કિંગ હોટેલના સંચાલક સહિતનાએ અન્ય હોટેલના કર્મચારીને માર માર્યાનો નોંધાતો ગુનો

**અબતક, રાજકોટ**

હોટલમાં કુટણખાનુ ચાલતુ હોવાની માહિતી આપ્યાની શંકા રાખી એચ.આર.કિંગ હોટેલના સંચાલક સહિતનાએ અન્ય હોટેલના કર્મચારીને હોકી અને પાઈપ વડે મારમારતા આ અંગે એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે.

શહેરમાં બસસ્ટેન્ડ પાછળ હોટેલ મુનમાં કામ કરતા અને ત્યાં જ રહેતા તેમજ મૂળ દ્વારકાના કલ્યાણપુરના પ્રેમસર ગામના વિજયભાઈ કરસનભાઈ ગોજીયા(ઉ.વ.૨૫)એ એચ.આર.કિંગ હોટેલ વાળા હિરેન પ્રજાપતિ,મયુર પ્રજાપતિ અને તેની સાથેના વિશાલ નેપાળી સામે એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

વિજયે ફરિયાદમાં જણાવ્યું હતું કે,ગઈ તા.૧૨/૦૧ ના સવારથી તે હોટલ મૂન ખાતે નોકરી ઉપર હાજર હતો અને શેઠ ભાવેશભાઈ ગોવા ફરવા માટે ગયા હોય તેથી હોટલનું કામકાજ તે તથા મેનેજર ગૌરાંગભાઈ સંભાળે છે..ગઈ કાલ સત્ય સમર્પણ ન્યુઝના સોશિયલ મીડિયા પેજ ઉપર એચ. આર. કિંગ હોટલ મીલપરા ખાતે કુટણખાનું ચાલે છે તે ના ન્યુઝ આપેલ હતા અને સત્ય સમર્પણ ન્યુઝવાળા વિશ્વજીતભાઈ ફરિયાદીના શેઠ ભાવેશભાઈના મિત્ર હોય તેથી એચ. આર. કિંગ હોટલવાળા હિરેનભાઈ પ્રજાપતિએ કોઈ રીતે ભાવેશભાઈને જણાવેલ કે તમોએ તમારા મિત્ર વિશ્વજીતભાઈના સત્ય સમર્પણ ન્યુઝમાં અમારી હોટેલ એચ.આર.કિંગમાં કુટણખાનું ચાલે છે તેવું છપાવેલ છે.

જેથી ભાવેશભાઈએ ફરિયાદીને ફોન આવેલ અને વાત કરેલ કે તું એચ.આર. કિંગ હોટલવાળા હિરેનભાઈ પ્રજાપતિને જણાવ કે મેં તેમની હોટલ વિશે ન્યુઝમાં કોઈ માહિતી આપેલ નથી જેથી ગઈ તા.૧૨/૦૧ના રોજ રાત્રિના નવેક વાગ્યાની આસપાસ હિરેનભાઈની હોટલ એચ.આર. કિંગ મિલપરા ખાતે ગયેલ અને હિરેનભાઈને જણાવેલ કે, ભાવેશભાઈ તમારી હોટલ વિશે ક્યાય ન્યૂઝમાં અપાવેલ નથી જેથી હિરેનભાઈ તથા તેમના ભાઈ મયુરભાઈ યુવાન સાથે બોલાચાલી કરવા લાગેલ જેથી યુવાન ત્યાંથી ભાગી ગયેલ અને પેલેસ રોડ ખાતે ખેતલાઆપા ટી સ્ટોલે જતો રહેલ હતો.બાદમાં રાત્રિના દસેક વાગ્યાની આસપાસ મને અમારી હોટેલના મેનેજર ગૌરાંગભાઈનો ફોન આવેલ અને વાત કરેલ કે ત્રણ અજાણ્યા માણસો હોટેલે આવેલ છે અને તમને બોલાવે છે.જેથી યુવાન દસેક વાગ્યાની આસપાસ હોટલ મુન ખાતે જતો હતો તેવામાં ખોડીયાર હોટલવાળી શેરી પર પહોંચેલ તો હિરેનભાઈ પ્રજાપતિ તથા તેમના ભાઈ મયુરભાઈ પ્રજાપતિ તથા વિશાલભાઈ નેપાળી પોતાના હાથમાં હોકી તથા લોખંડના પાઈપ જેવા હથિયાર સાથે ત્યાં ઉભેલ હતા અને યુવાન ત્યાં પહોંચતા જ હોકી તથા પાઈપ જેવા હથિયાર વડે મને મારવા લાગ્યા હતા અને હિરેનભાઈ પ્રજાપતિ તેમના હાથમાં રહેલ પાઈપ જેવા હથિયાર વડે મને માથામાં મારી દીધું હતું. ત્યારબાદ ત્યાં માણસો ભેગા થઈ જતા આરોપીઓ ભાગી ગયા હતા યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ મામલે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

# પડધરીના ખંભાળા ગામના ભાઈ-બહેનના ત્રાસથી રાજકોટના દૂધના ધંધાર્થીનો આપઘાત

## મહિલા વકીલે કહ્યું મારા પતિને મારી નાખો અને બનાવને અકસ્માતમાં ખપાવી દઈશું, આધેડે ઈનકાર કરતા પ્લાન્ટની તાળા મારી દીધા: આધેડે સાતોદડ પાસે ઝેર પી પરિવારને વીડિયો કોલ કર્યો

**અબતક, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં શામજીકૃષ્ણ વર્મા ટાઉનશિપમાં રહેતા દૂધના ધંધાર્થી આધેડે ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. જે અંગે આધેડની પત્નીની ફરિયાદ પરથી પડધરીના ખંભાળા ગામે રહેતા એડવોકેટ ભાઈ-બહેન વિરુદ્ધ આપઘાતની ફરજ પાડવા અંગે ગુનો નોંધાયો છે. આરોપીની ખંભાળા ગામે આવેલી જગ્યામાં દૂધનો પ્લાન્ટ શરૂ કર્યા બાદ તેમની પાસેથી ઉછીના પૈસા લીધા હતાં. જેના બદલામાં મહિલા એડવોકેટે આધેડને તેના પતિને મારી નાખવા અને બનાવને અકસ્માતમાં ખપાવવા અંગેનો પ્લાન જણાવી આવું કરવા માટે કહેતા આધેડે તેનો ઈનકાર કરતા ભાડાના હિસાબમાં ગોટાળો છે કહી પ્લાન્ટને તાળુ મારી દેતા અને આ બાબતે ત્રાસ આપતા ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.બનાવની જાણવા મળતી વિગતો મુજબ, રેલનગર શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશીપ ૨૦૩ રહેતા કાજલબેન નિલેશભાઈ હિંડોચા (ઉ.વ. ૪૫) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પડધરીના ખંભાળા ગામે રહેતા જયદીપ મનજીભાઈ પાચાણી અને ધર્મિષ્ઠાબેન મનજીભાઈ પાંચાણી સામે જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પતિ નિલેશભાઈ શાંતિભાઈ હિંડોચાએ ગત તા. ૧૮/૪ ના જામકંડોરણાના સાતોદડ પાસે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

વધુમાં જણાવ્યું હતું કે, તેમના પતિ નિલેશભાઈ તથા ભાર્ગવભાઈ ભરતભાઈ ભદ્રા (રહે.રેલનગર) તથા પૂર્વીબેન કેતનભાઈ ત્રિવેદી (રહે. ગાંધીગ્રામ) ત્રણેય પાર્ટનરમાં પડધરીના ખંભાળા ગામે જયદીપ પાંચાણીનું મકાન રૂપિયા ૧૫,૦૦૦ લેખે ભાડે રાખ્યું હતુ અને દૂધનો પ્લાન્ટ ફીટ કરી અલગ અલગ દૂધની બનાવટો બનાવી વેચાણ કરતા હતા. જેનું નિયમિત ભાડું જયદીપને આપતા હતા. વર્ષ ૨૦૨૪ ના ફેબ્રુઆરી મહિનામાં જયદીપ તથા ધર્મિષ્ઠા પાસેથી ફરિયાદીના પતિએ રૂ.૨ લાખ ૨ માસ માટે ઉછીના લીધા હતા. ફરિયાદીના પતિ પાસે પૈસાની ઉઘરાણી કરતા હોય જેથી બંનેને દૂધના પ્લાન્ટે બોલાવતા જયદીપ તથા તેની બહેન ધર્મિષ્ઠા અહીં આવ્યા હતા ત્યારે ફરિયાદીના પતિએ રૂ. ૧ લાખ રોકડા ધર્મિષ્ઠાને આપ્યા હતા અને રૂ. ૧ લાખ દેવાના બાકી હતા તે વખતે ધર્મિષ્ઠાએ તેના પતિનો ફોટો બતાવી કહ્યું હતું કે, નિલેશભાઈ મારા પતિએ મૈત્રી કરાર કરી લીધો છે જેથી તેને મારી નાખવો છે મારા પતિને મારવાનું કામ તમારે કરવાનું છે મારા પતિને આપણે એક્સિડન્ટનો પ્લાન બનાવી મારી નાખવાનો છે બાકીનું બધું હું જોઈ લઈશ હું તમને કંઈ નહીં થવા દઉં મારા પતિનો એક કરોડનો વીમો છે તેમાં હું તમને ભાગ પણ આપીશ આ વાત ફરિયાદીના પત્નીએ પણ સાંભળી હોય જેથી ધર્મિષ્ઠા તથા તેનો ભાઈ ગયા બાદ તેમણે પતિને આવું કંઈ ન કરવાનું કહેતા તેણે કહ્યું હતું કે, હું ખાલી હા કહેતો હતો આપણે એવું કંઈ કરવું નથી ત્યારબાદ ધર્મિષ્ઠા અવારનવાર ફરિયાદીના પતિને ફોન કરતા નિલેશભાઈ સતત ચિંતામાં રહેતા હતા.નિલેશભાઈએ ખંભાળાના સરપંચ અશ્વિનભાઈ પટેલને આ બાબતે વાત કરતા તેણે કહ્યું હતું કે હું જયદીપને સમજાવીશ.જયદીપ તથા તેની બહેન ધર્મિષ્ઠા અને તેના માતા પિતા હાજર હોય તે વખતે ભાઈ-બહેનને કહ્યું હતું કે અમારે ધંધો બંધ છે તમે મકાનને તાળુ મારી દીધું છે. હિસાબ ફરીથી કરવો પડશે તેમ ભાઈ બહેને કહ્યું હતું. જેથી નિલેશભાઈએ કહ્યું હતું કે, જો તમે તાળું નહીં ખોલો તો મારે દવા પીવાનો વારો આવશે તેમ કહેતા બાદમાં તારીખ ૧૮/૪/૨૦૨૫ ના અશ્વિનભાઈને આ બાબતે કહેતા તેમણે પણ હાથ ઊંચા કરી દીધા હતા બાદમાં દિનેશભાઈએ પત્નીને કહ્યું હતું કે હું વકીલ પાસે જઈને આવું છું. પાર્ટનર ભાર્ગવભાઈ ભદ્રા તથા પત્ની અને દીકરીને વોટસએપમાં સ્યુસાઈડ નોટ મોકલી હતી અને બાદમાં ફોન બંધ કરી દીધો હતો. જેથી તેમને શોધવા નીકળ્યા હતા બાદમાં ચારેક વાગ્યે દીકરીના ફોનમાં વીડિયો કોલ આવ્યો હતો તે વખતે દીકરીએ પૂછ્યું હતુ પપ્પા તમે ક્યાં છો? જેથી તેમણે કહ્યું હતું કે હું ઘરે નહીં આવું મેં ધર્મિષ્ઠાબેન તથા તેના ભાઈ જયદીપ બંનેના માનસિક ત્રાસના કારણે ઝેરી દવા પી લીધી છે વિડીયોકોલ માં જામકંડોરણા તાલુકાના સાતોદડ ગામે આવેલ સુરાપુરા દાદાનું મંદિર દેખાઈ રહ્યું હતું જેથી પરિવાર એ તેમને કહ્યું હતું કે અમે ત્યાં આવીએ છીએ પરંતુ નિલેશભાઈએ કહ્યું હતું કે તમે અહીંયા નહીં પહોંચી શકો બાદમાં અહીં પહોંચી નિલેશભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ જતા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. જેથી આ અંગે નિલેશભાઈના પત્નીએ ખંભાળાના એડવોકેટ ભાઈ બહેન જયદીપ પંચાણી અને ધર્મિષ્ઠા પંચની વિરુદ્ધ આ ફરિયાદ નોંધાવી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ટ્રેડ ડિલ...

ભાગીદારી તરીકે વર્ણવ્યા.

આ નવા રાજદૂત ગોર, જે અમેરિકાના રાષ્ટ્રપતિ સાથે સારા સંબંધો ધરાવે છે, તેમણે સંબંધને કર અને બજાર પ્રવેશ જેવા વિવાદોથી આગળના તરીકે દર્શાવ્યા. તેમણે કહ્યું, ''સાચા મિત્રો વચ્ચે અસંમતિ થઈ શકે છે, પરંતુ તેઓ હંમેશા તેમના મતભેદોનો ઉકેલ લાવે છે.'' ''અમેરિકા અને ભારત માત્ર સમાન હિતોથી જ નહીં, પરંતુ ઉચ્ચ સ્તરે મજબૂત સંબંધથી જોડાયેલા છે.''

ગોરે કહ્યું કે ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મિત્રતા ''સાચી'' છે. તેમણે કહ્યું કે તેઓ આની સાક્ષી આપી શકે છે, કારણ કે તેઓ ''રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વિશ્વભરમાં મુસાફરી કરી છે.''

વેપાર કરાર અંગે રાજદૂતે કહ્યું, ''તમારા ઘણા લોકોએ વેપાર કરારની વાતચીત પર અપડેટ પૂછ્યું છે.'' ''બંને પક્ષો હજુ પણ સક્રિયપણે વાત કરી રહ્યા છે.'' ''હકીકતમાં, વેપાર પર આગામી વાતચીત આજથી એટલે કે મંગળવારથી થશે. ભારત વિશ્વનો મહત્વનો મોટો દેશ છે. તેથી, આને પૂરો કરવો સરળ કામ નથી.'' ભારત અને અમેરિકા વેપાર કરાર માટે લાંબી વાતચીત કરી રહ્યા છે. તેઓ બે અલગ વાતચીત કરી રહ્યા છે: એક અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ઉચ્ચ કરને ઉકેલવા માટેના માળખાના કરાર પર, અને બીજી વ્યાપક દ્વિપક્ષીય વેપાર કરાર પર.

વોશિંગ્ટને ૨૭ ઓગસ્ટથી ભારત પર ૫૦% કર લાદ્યા છે, જેમાં રશિયન ઈંધણ ખરીદવા માટે ૨૫% દંડ કરનો સમાવેશ થાય છે. અમેરિકા સાથેના પ્રસ્તાવિત કરારનો હેતુ હાલના ૧૯૧ બીલીયન ડોલરથી વેપારને બમણો કરીને ૨૦૩૦ સુધીમાં ૫૦૦ બીલીયન ડોલર કરવાનો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં અમેરિકા ચોથા વર્ષે ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર રહ્યો, જેમાં દ્વિપક્ષીય વેપાર ૧૩૧.૮૪ બીલીયન ડોલર હતો.

વેપારના મુદ્દાઓ વિવાદાસ્પદ છે તેમ છતાં, ગોરે ભારપૂર્વક કહ્યું કે ભાગીદારી કરથી આગળ વિસ્તરે છે. તેમણે કહ્યું, ''વેપાર અમારા સંબંધ માટે ખૂબ મહત્વપૂર્ણ છે, પરંતુ અમે અન્ય મહત્વપૂર્ણ ક્ષેત્રો જેમ કે સુરક્ષા, આતંકવાદ વિરોધ, ઊર્જા, ટેક્નોલોજી, શિક્ષણ અને આરોગ્યમાં નજીકથી કામ કરીશું.'' ભારતને વોશિંગ્ટનની વૈશ્વિક યોજના માટે અનિવાર્ય ગણાવતા રાજદૂતે કહ્યું, ''કોઈ ભાગીદાર ભારત કરતા વધુ જરૂરી નથી. આગામી મહિનાઓ અને વર્ષોમાં, મારો ધ્યેય ખૂબ મહત્વાકાંક્ષી યોજના અનુસરવાનો છે. અમે આને સાચા વ્યૂહાત્મક ભાગીદાર તરીકે કરીશું, જેમાં દરેક તાકાત, આદર અને નેતૃત્વ લાવશે.''

### જૈન બાળકી અરિહા શાહ...

તેમની દીકરી અરીહા શાહ જયારે તે માત્ર નવ મહિનાની હતી ત્યારે પરિવાર પાસેથી તેને લઈને જર્મની સરકારે ફોસ્ટર કેર સરકારી પાલક દેખભાળ સેન્ટરમાં રાખી દીધેલ છે. આજે ૪ વર્ષથી આ દીકરી માતાપિતાથી વિખુટી પડીને જર્મન સરકારના પાલક સેન્ટરમાં છે. જયારે અરીહા શાહ માત્ર ૯ મહિનાની હતી ત્યારે તેની માતા તેને ઓઈલનો મસાજ આપીને નવડાવી રહ્યા હતા ત્યારે દીકરી અકસ્માતે હાથમાંથી લપસી પડતા પ્લાસ્ટિકના ટબનો એક કિનારો દીકરીના બન્ને સાથળની વચ્ચે વાગ્યો હતો અને તેને થોડી ઈજા થઈ હતી. તુરંત જ દીકરીના માતાપિતા દીકરીને જર્મનીની હોસ્પિટલમાં લઈ ગયા હતા. હોસ્પિટલના સત્તાધીશોએ કહ્યું કે, આ ઈજા અંગત પાર્ટમાં છે માટે પોલીસ કેસ કરવો પડશે કારણ કે સેકસ્યુઅલ એસોલ્ટ પણ હોઈ શકે. માતાપિતાએ પોલીસ તપાસનો સામનો કર્યો અને પોલીસ દ્વારા કલીનચીટ મળી હતી આમ છતાં જર્મનીની સરકારે કહ્યું કે તમને બાળકને સાચવતા આવડતું નથી માટે આ બાળકને સરકારી પાલક સેન્ટરમાં રાખી દેવાનું રહેશે. આજે ચાર વર્ષથી આ બાળકી માતાપિતાની છાયા વગર જર્મન સરકારના પાલક સેન્ટરમાં છે.

જૈન સમાજમાં કાંદા, લસણ કે કંદમૂળ ખવાતા નથી તેવા સમાજની દીકરી જર્મનીના પાલક સેન્ટરમાં પોતાના સંસ્કાર, ધર્મ અને પરંપરાને કેમ જાળવી શકે ? ચાર વર્ષ દીકરીને થઈ ગયા છે અને હવે પછી જો એ દીકરી જૈન સમાજના સંસ્કારો, ગુજરાતી ભાષા નહીં મેળવી શકે અને જર્મની બોલતી અને જર્મનીના સંસ્કારને સ્વીકારતી થઈ જશે તો પછી ભવિષ્ય માતાપિતા અને બાળકી માટે અંધકારમય બની જશે. યુએન અન્વેશનમાં સ્પષ્ટ નક્કી થયું છે કે દુનિયાના કોઈપણ બાળકને પોતાની સંસ્કૃતિ અને પોતાના સંસ્કાર જાળવી રાખવાનો સંપૂર્ણ અધિકાર છે. જર્મની સરકારની વધારે પડતી નફફટાઈ તો એ છે કે એક તો દીકરીને જબરજસ્તીથી પાલક સેન્ટરમાં રાખી છે અને ઉપરાંત ૨૦૨૪ સુધીનું પાલક સેન્ટરનું ખર્ચનું ૨૪ લાખ રૂપિયાનું બીલ બાળકીના માતાપિતાને આપ્યું છે. દર મહીને ૫૫ હજાર રૂપિયા પાલક સેન્ટરના ખર્ચના અને આ ઉપરાંત બીજા ખર્ચ ઉમેરીને પરિવાર ઉપર આર્થિક બોજો નાંખવામાં આવી રહ્યો છે.

જર્મની ખાતે ફોસ્ટર કેરમાં રાખવામાં આવેલ ગુજરાતના એક જૈન પરિવારની દીકરી અરીહા શાહને ન્યાય અપાવવા માટેની માંગણીની વિડીયો જોવા તેમજ સાંભળવા માટે આ સાથે સામેલ લીંક https://youtu.be/hRwVISMEi6M પર ક્લિક કરવા વિનંતી છે.

### સોના-ચાંદી...

પહોચ્યાબાદ નીચે સરકી રૂ.૧,૪૧,૩૧૧ સુધી આવ્યા હતા.

સ્થાનીક બજારમં આજે સોના અને ચાંદીના ભાવમાં ઉછાળા રહ્યા હતા હાજરમાં ખીલમાં સોનાના ભાવમાં રૂ.૫૦૦નો ઉછાળો નોંધાયો હતો. ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂ.૧,૪૪,૫૦૦ બોલાયા હતા. જયારે બીલમાં ચાંદીના ભાવ આજે ૪૦૦૦ રૂપીયાના ઉછાળા સાથે રૂ.૨,૬૪,૦૦૦ની સપાટીએ આંબી ગયા હતા શરૂઆતમાં થોડી વધુ તેજી જોવા મળી હતી બાદમાં તેજી થોડી દબાય હતી.

બૂલીયન બજારમાં તેજી હતી જયારે શેર બજારમાં મંદી હતી. આજે સેન્સેકસ અને નિફટીમાં કડાકા બોલી ગયા હતા સેન્સેકસમાં ૪૧૫ પોઈન્ટથી વધુ અને નિફટી ૧૧૫ પોઈન્ટથી વધુનો કડાકો બોલી ગયો હતો. બેંક નિફટી અને નિફટી મીડકેપ ૧૦૦માં પણ તોતીંગ કડાકા રહ્યા હતા.

આ લખાય રહ્યું છે. ત્યારે સેન્સેકસ ૪૫૫ પોઈન્ટના ઘટાડા સાથે ૮૩૪૨૩ અને નિફટી ૨૫૬૫૮ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે.

(ચોથા પાનાનું ચાલુ)

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી...

યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સતત સહયોગનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે.

આ પરિણામ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હેન્ડબોલ ટીમના તમામ ખેલાડીઓને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે. ટીમના કોચ-મેનેજર તરીકે ડો. ભાવેશ રાબા તથા રાહુલ વેગડ દ્વારા આપવામાં આવેલ સુવ્યવસ્થિત તાલીમ, યોગ્ય માર્ગદર્શન અને ખેલાડીઓની અવિરત મહેનત તથા સમર્પણના પરિણામે જ આ ગૌરવસભર સિદ્ધિ શક્ય બની છે.

આ સફળતાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રમતગમત ક્ષેત્રેની પ્રતિષ્ઠા વધુ ઉંચાઈએ પહોંચી છે અને ભવિષ્યમાં ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

### જેનીબેન ઠુંમર...

શ્રમિકોને કામ નહીં મળે. ૫,૦૦૦ રૂપિયાનો વેરો બાકી હોય તેવા સામાન્ય નાગરિકો સામે કડકાઈ દાખવવાની વાતો કરાય છે, જે સહન કરવામાં આવશે નહીં બીજી તરફ, અનેક સરકારી કચેરીઓ અને મોબાઈલ ટાવરોના કરોડો રૂપિયાના વેરા બાકી છે, ત્યાં મનપા કેમ મૌન છે? ભાજપના કાર્યાલયોના વેરા બિલ અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા,કોંગ્રેસ પક્ષે ચીમકી આપી છે કે જો સામાન્ય નાગરિકોને વેરાના નામે કનડગત કરવામાં આવશે, તો મ્યુનિસિપલ કમિશનરનો ઘેરાવ કરવામાં આવશે અને ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

### વિજયભાઈ રૂપાણી...

પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના ભાવેનભાઈ ભટ્ટ, સાગર પાટિલ, હરેશભાઈ ચાંચીયા, કિશોરભાઈ ગામારા, રવજીભાઈ દવેરા, કેતનભાઈ મેસવાણી, જીજ્ઞેશભાઈ રત્નોતર, કિશોરભાઈ ગાંગાણી, જયમીનભાઈ માવાણી, અનિલભાઈ ચાવડા, પ્રવીણભાઈ વેકરીયા વગેરેએ ઉપસ્થિત રહી અને સમગ્ર વિતરણ વ્યવસ્થા સુચારુ રીતે સંપન્ન કરી હતી તેમજ ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી, રાધિકાબેન મિશ્રા તથા ઋષભભાઈ રૂપાણીએ વિડીયો કોલ દ્વારા જોડાઈને સમગ્ર કાર્યક્રમની માહિતી મેળવેલ તેમજ જરૂરી માર્ગદર્શન પુરું પડેલ અને હાજર રહેલ દરેક કાર્યકરોને પ્રોત્સાહિત કરી અભાર વ્યક્ત કરેલ.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી શ્રી ભાવેનભાઈ ભટ્ટનો શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાંજણાવાયું છે.

### પ્રાથમિક શાળા નં.૭૪...

ભરતભાઈ વીરડા, જેન્તીભાઈ અજમેરીયા, મહેશભાઈ પટેલ, બાદુરદાન ગઢવી, જીગાભાઈ, રાજનભાઈ સિંધવ, રાજુભાઈ વાડોલીયા, ભરતભાઈ લાઢિયા, ભારતીબેન લાઠિયા, નેહાબેન, ભાવનાબેન, અનુબેન પરમાર, સપનાબેન મકવાણા, હિરલબેન કટારિયા, દક્ષાબેન વાઘેલા તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(૧૧માં પાનાનું ચાલુ)

### રેલ કર્મીઓને નવાજાયા

હાપા), પૃથ્વીરાજસિંહ (મિકેનિક લોકો ટ્રિપ શેડ, હાપા) અને ધર્મેન્દ્ર કુમાર વેરવા (આસિસ્ટન્ટ ટ્રેક્શન, દ્વારકા) નો સમાવેશ થાય છે.

આ કર્મચારીઓએ ફરજ દરમિયાન ઉચ્ચ સ્તરની સતર્કતા દાખવી સંભવિત અકસ્માતો ટાળવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, ટ્રેનનંબર ૨૨૯૪૫ મુંબઈ સેન્ટ્રલ - ઓખા સૌરાષ્ટ્ર મેલ રાજકોટ સ્થિત આજી બ્રિજ પર ચેઈન પુલિંગને કારણે અચાનક ઊભી રહી જતાં, આસિસ્ટન્ટ લોકો પાયલટે જોખમ ખેડીને પગપાળા જઈ ચેઈન પુલિંગની સ્વીચ રીસેટ કરી અને ફરી એન્જિનમાં પરત આવી ટ્રેનને સુરક્ષિત રીતે આગળ વધારી હતી. યાર્ડમાં તપાસ દરમિયાન એક વેગનનો હેન્ડ બ્રેક કાર્યરત ન હોતો અને બીજા એક વેગનમાં નકલ પિન તૂટેલી જોવા મળી હતી કર્મચારીઓ માટે પ્રેરણાદાયી ગણાવી હતી. આ ગરિમાપૂર્ણ અવસરે સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર રમેશચંદ્ર મીણા, સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર મનોજ રાવ અને સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર જિતેન્દ્ર કુમાર મંગલ ઉપસ્થિત રહ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### પતંગોત્સવ...

ગરબાની રમી નવરાત્રીના પર્વ જેવો આનંદ ઉઠાવે છે. જયારે રાત્રિના સમયે ફટાકડા ફોડી આતશબાજી સાથે દિવાળીના પર્વનો આનંદ માણે છે.

ઉત્તરાયણ અને મકરસંક્રાતના પર્વનું ખગોળીય દ્રષ્ટિએ પણ ઘણું મહત્વ છે. મકરસંક્રાત એટલે સૂર્યનો ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ અને આ દિવસ ૧૪ જાન્યુઆરી હોય છે. વળી ઉત્તરાયણ એટલે સૂર્યનું વધુમાં વધુ દક્ષિણ દિશા તરફ જઈ ઉત્તર તરફની ગતિ ની શરૂઆત એટલે સૂર્યનું ઉત્તર દિશામાં પ્રયાણ કરવું. આ દિવસ ૨૨ ડિસેમ્બર હોય છે.

આ દિવસે સૌર શિશિર ઋતુનો પ્રારંભ થાય છે અને ઉત્તર ગોળાર્ધ ના તમામ દેશો માં રાત્રીની લંબાઈ વધુ માં વધુ હોય છે. આ દિવસ ને ઉત્તરાયણ કહેવાય છે.

આમ મકરસંક્રાત અને ઉત્તરાયણ આ બંન્ને તહેવારો એકજ દિવસે નથી હોતા, બંન્ને દિવસો અલગ-અલગ હોય છે.

ખગોળશાસ્ત્ર મુજબ ઈ. સ. ૧૪૨૬ માં સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ ૧૪ જાન્યુઆરીએ થયો હતો, ત્યારે મકરસંક્રાતની ઉજવણી આ દિવસે કરવામાં આવી હતી. ત્યારથી આજ દિવસ સુધી મકરસંક્રાત ની ઉજવણી ૧૪ જાન્યુઆરી એજ કરવામાં આવે છે.

આપણે જાણીએ છીએ કે આપણી પૃથ્વી સંપૂર્ણ ગોળ નથી, પણ થોડીક ચપટી છે. વિષુવવૃત પાસે તેનો વ્યાસ ધ્રુવબિંદુના વ્યાસ કરતા ૪૦ કી. મી. વધારે છે. આ અસમાન ગોળાકારને કારણે અને પૃથ્વી ની ધરી અનંત અવકાશ માં સૂર્ય ને સમાંતરે નથી પણ પૃથ્વીની ધરી ૨૩.૨૭ અંશ ઢળેલી છે. જેને કારણે સૂર્યના ગુરૂત્વાકષણ થી પૃથ્વી ખેંચાતા તેની ગતિમાં એક લચક આવે છે, સાથે ચંદ્ર નું ગુરૂત્વાકષણ સાથે મહાસાગર ની ભરતી અને ઓટ આ લચક ગતિ માં વધારો કરે છે. પૃથ્વી ની આ લચક ગતિ ને ભમરડાની ગતિ સાથે સરખાવી શકાય.

પૃથ્વી ની આ વિષુવાયન લચક ગતિ નો ચકરાવો ૨૫૭૭૭.૩૦ વર્ષે પૂર્ણ થાય છે. પૃથ્વીની આ નિરાલી ગતિને કારણે વસંતસંપાત અને શરદસંપાત બિંદુઓ દર ૭૧.૬૬ વર્ષે એક અંશ આગળ વધે છે. પૃથ્વીની આ વિષુવાયન ગતિ ને કારણે પૃથ્વી ની ધરી સામે તંકાયેલ ધ્રુવના તારાનુ સ્થાન બદલતા રહે છે.

આજથી ૩,૦૦૦ વર્ષ પછી વૃષપર્વા મંડળ નો કાલિયનાગ ની પૂંછડી નો ઝાંખો તારો ધ્રુવ નું સ્થાન લેશે, અને ૧૨,૦૦૦ વર્ષ પછી અભિજીત નો તારો ધ્રુવ બનશે. આમ ૨૬,૦૦૦ વર્ષ નું એક ચક્ર પૂર્ણ થતાં ફરી હાલ નો ધ્રુવ તારો પૃથ્વી ની ધરી સામે આવતાં આપણો ધ્રુવ તારો બનશે.

આમ પૃથ્વીની આ વિશિષ્ટ લચક ગતિ અવકાશ માં સૂર્ય ની અને તારાઓની આકાશી ગતિમાં નોંધપાત્ર ફેરફારો સર્જે છે અને સંક્રમણ ની તિથીઓ બદલે છે.

ઉત્તરાયણના દિવસે રાશી પ્રમાણે દાન આપવાથી તેનું સવિશેષ ફળ મળે છે. આ વર્ષ સંક્રાંતનું વાહન વાઘ છે ઉપવાહન અશ્વ છે. પીળા કપડા પહેર્યા છે. હાથમાં આયુધ ગદા ધારણ કરી છે.

#### કંઈ રાશીના જાતકોએ શેનું દાન આપવું?

વિક્રમ સંવત ૨૦૮૨, પિંગલ નામ સંવત્સર, ઉત્તરાયણ-શિશિરઋતુ, પોષ વદ અગિયારસ, બુધવાર, તા. ૧૪ ના રોજ સૂર્યનારાયણ મકર રાશિમાં બપોરે ૩.૦૮ કલાકેએ પ્રવેશ કરે છે. આ સમયે નક્ષત્ર- અનુરાધા, યોગ- ગંડ, કરણ- બાલવ, ચંદ્ર- વૃશ્ચિક રાશિમાં છે. શની ગ્રહ મીન રાશિમાં છે આ વર્ષે મકરસંક્રાંતિના દિવસે અનુરાધા નક્ષત્ર તથા એકાદશી હોવાથી આ વર્ષની મકરસંક્રાંતિ વધારે શુભ અને ઉત્તમ છે

આ વર્ષે સંક્રાંતિનું વાહન વાઘ છે. ઉપવાહન-અશ્વ છે. પીળાં કપડાં પહેરેલ છે. હાથમાં આયુધ ગદા ધારણ કરેલ છે. જાતિ સર્પ છે. કેસરનું તિલક કરેલ છે. તે બેઠેલી છે. દૂધપાક ખાતી છે અને જૂઈનું પુષ્પ ધારણ કરેલ છે. મોતીનાં આભૂષણ ધારણ કરેલ છે. વારનામ મોહદરી છે. નક્ષત્ર નામ મંદાકિની છે. સમુદાય મુહૂર્ત ૩૦ સામ્યાર્ધ છે. પૂર્વમાંથી આવીને પશ્ચિમમાં જાય છે. તેની દષ્ટિ વાયવ્ય તરફ છે. મુખ દક્ષિણ તરફ છે. જેથી પૂર્વ અને વાયવ્ય દિશાનાં લોકોને શુભ થશે.

મકર સંક્રાંતિ માટે એમ મનાય છે કે, જે- જે વસ્તુઓ કે, વ્યક્તિઓ સાથે સંક્રાંતિને સંબંધ થાય છે, તે વસ્તુઓ મોંઘી થાય છે તથા તેની સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓને ત્રાસ થાય છે. મુહૂર્ત ૩૦ સામ્યાર્ધ છે. જેથી વરસાદ મધ્યમ સારો રહે. વાઘ અને અશ્વ જેવા પ્રાણીઓમાં રોગચાળો ફેલાય. વાઘ, અશ્વની અમુક જાતો લુપ્ત થતી લાગે. પીળી વસ્તુઓ હળદર, સોનું, ચણાદાળ વગેરેના ભાવ વધે. દૂધના ભાવ પણ વધી શકે છે કન્યા જાતિને આરોગ્ય જાળવી રાખવું જરૂરી બનશે

આ વર્ષે બુધવારે સૂર્યનારાયણ દેવતા બપોરે ૩.૦૮ કલાકે મકર રાશિમાં પ્રવેશ કરતાં હોવાથી દાન દેવાનો શુભ સમય બપોરે ૩.૦૮ વાગ્યા થી સાંજના ૬.૨૩ સુધી વધુ શુભ રહેશે. જોકે બુધવારે આખો દિવસ પણ દાન દઈ શકાય છે

**મેષ, સિંહ, ધન:** કાળા તલ, સ્ટીલનું વાસણ, કાળું કપડું, કાળા તલની વાનગી.

**વૃષભ, કન્યા, કુંભ :** ઘઉં, ગોળ, લાલ કાપડ, લાલ તલ, તાંબાનું વાસણ, કંકુની ડબ્બી

**કર્ક, તુલા, મીન:** ઘી, ખાંડ, સફેદ તલ, ચાંદી

**મિથુન, વૃશ્ચિક, મકર:** ચણાની દાળ, પીળું કાપડ, પિત્તળનું વાસણ દાન આપવું

આ દિવસે ગાયોને ઘાસચારો નાખવો પણ શુભ અને ઉત્તમ ફળ આપનાર બને છે

### ષટતિલા એકાદશી...

અવશ્ય મળે છે.

આ એકાદશીના દિવસે ઉપવાસ કરવો. મહાભારત અને પદ્મપુરાણ પ્રમાણે વ્રતીએ આ દિવસે- (૧) શરીરે તલના તેલનું

માલીશ કરવું, (૨) તલના પાણીથી સ્નાન કરવું, (૩) તલનો હોમ કરવો, (૪) તલ નાખેલા જળનું પાન કરવું, (૫) તલવટ બનાવીને ખાવો અને (૬) તલનું દાન કરવું.(૭) કાળા તલવાળા જળ થી પિતૃ તર્પણ કરવું આ સાત પ્રકારે તલ નો ઉપયોગ પાપ નષ્ટ કરે છે. (તિલા અર્થ શું થાય છે તલ)

એકાદશી નો બોધ : જીવનમાં લોભ અને મોહ નો હંમેશાં ત્યાગ કરવો જોઈએ તો જ જીવન શાંતિથી પસાર કરી શકાય છે જોઈએ તેમ જ્યોતિષી રાજદીપ જોશી (વેદાંત રત્ન) એ જણાવ્યું હતું.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ. છગનલાલ ઉત્તમચંદ શાહ ના પુત્ર જીતુભાઈ છગનભાઈ શાહ (ઉ.વ.૮૨) (ભાજપ રાજકોટ શહેરના પૂર્વ પ્રમુખ) તે નરેન્દ્રભાઈ, દિનેશભાઈ, અશોકભાઈ, સ્વ.જગદીશભાઈ ના ભાઈ, ભાવિનભાઈ ,નેહલભાઈ, નિશિતભાઈ ના પિતાનું તારીખ ૧૧-૧ ના રોજ અરિહંત ચરણ પામ્યા છે સદગતની પ્રાર્થના સભા તા.૧૫- ૧ને ગુરૂવારના રોજ સવારે ૧૦:૪૫થી ૧૨:૦૦ કલાકે નંદવાણા બ્રાહ્મણ બોડીગ ,જાગનાથ પ્લોટ શેરી નંબર-૫ ,યાજ્ઞિક રોડ ખાતે રાખેલ છે .

**રાજકોટ :** શ્રીમાળી સામવેદી બ્રાહ્મણ હેમાબેન જયેશભાઈ ત્રિવેદી (ઉવ.૬૯) તે સ્વ.જયેશભાઈ શિવકુમાર ત્રિવેદીના પત્ની, હિરબેન જયમીનભાઈ કેસરીયા તેમજ ધરાબેન જસ્મીનભાઈ સાંગાણીના માતા, તેમજ જગદીશભાઈ, નલીનભાઈ, અનસુયાબેનના નાના ભાઈના ધર્મપત્નીનું ગત ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ સોમવારના રોજ દુખદ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થનાસભા ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ ગુરૂવારના રોજ પંચનાથ મહાદેવ મંદિર ખાતે સાંજના ૪ થી ૬ રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** જેતપુર નિવાસી હાલ રાજકોટ સ્વ.અનિલભાઈ લલુભાઈ વસા તે મધુબહેનના પતિ તથા હિરલભાઈ અને સ્વ. સોનલબેન શાહના પિતાશ્રી. તથા પરેશભાઈ વસાના મોટાભાઈ, અને રતિલાલ કાલીદાસ મહેતાના જમાઈ તા.૧૨ના રોજ અવસાન થયું છે. સદ્ગતનું ઉઠમણું ગુરૂવાર તા. ૧૫ ના સવારે ૯.૩૦ વાગ્યે જૈનભુવન, ૨૧, જાગનાથ પ્લોટ રાજકોટ ખાતે રાખેલ છે. ત્યાર બાદ ભાવયાત્રા રાખેલ છે.

**રાજકોટ :** રાજકોટ નિવાસી હસમુખભાઈ વાઢેર અને અનિલાબેન વાઢેરની પુત્રી શ્વેતાબેન ઉ.૩૧ તે રીંકલબેનના મોટા બહેનનું તા.૧૧ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૧૫ને ગુરુવારે સાંજે ૪થી ૬ તેમના નિવાસ સ્થાન ''શ્વેતા - રીંકલ'' ધર્મજીવન સોસાયટી મેઈન રોડ, ગુરૂકુળ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પૂણ્યશાળી રાજકોટમાં મકરસંક્રાંતે પતંગ કાંપવાની નહીં પણ દાન-પૂણ્ય કરવાની જીવદયાપ્રેમીઓમાં "હરિફાઇ"

## શહેરમાં પાંજરાપોળ, ગૌશાળા જીવ દયા સંસ્થાનોની સેવા સાધનાને વધુ સબળ બનાવવા દાનવીરોને દાનની અપીલ

**અબતક રાજકોટ**

મકર સંક્રાંતિ દિવસે કરવામાં આવતું દાન કર્મોને શુધ્ધ કરે છે અને આત્માને પુણ્ય તરફ લઈ જાય છે, જે મોક્ષના માર્ગને સરળ બનાવે છે. વેદિક શાસ્ત્રો અનુસાર, આ દિવસે પુણ્ય કાળ દરમિયાન કરવામાં આવતું દાન અનેકગણું પુણ્ય આપે છે, જેમાં અન્નદાન (ભોજનનું દાન) સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે ઉતરાયણ ન દાનથી વ સુખ, શાંતિ, સમૃદ્ધિ અને દિવ્ય આશીર્વાદ મળે છે. રાજકોટમાં ઉતરાયણ ની ઉજવણી નો માહોલ જામ્યો છે ઉતરાયણના દિવસે આકાશમાં નીત નવા પતંગોની બેચનો જંગ જામશે સાથે સાથે મહાજનોના નગર રાજકોટમાં ગૌસેવા અને જીવ દયા સાધનાનું યજ્ઞ ચલાવતી સંસ્થાઓ પર દાનનો વરસાદ વરસાવવા ધર્મ પ્રેમીઓ અધીરા બન્યા છે,ઉતરાયણપર તલ (સીસમ) અને ગોળનું દાન કરવું શુભ માનવામાં આવે છે, કારણ કે તલ ગરમી અને સમૃદ્ધિનું પ્રતીક છે, જ્યારે ગોળ મીઠાશ અને વિપુલતા દર્શાવે છ કપડાં, કંબળ, ગાયોને દાન (ગૌદાન) અને ગરીબોને ભોજન વિતરણ કરવું પણ મહત્વપૂર્ણ છે. ઉતરાયણનાદાનથી પાપોનું નિવારણ થાય છે અને જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે છે. પુરાણોમાં કહેવાયું છે કે મકર સંક્રાંતિ પર કરવામાં આવતું દાન અનેકગણું ફળ આપે છે, જે વ્યક્તિના જીવનમાં સમૃદ્ધિ અને શાંતિ લાવે છે રાજકોટના જાનવીરોને ગૌ સેવા અને જીવ દયા માટે દાનની અપીલ કરવામાં આવી છે.

**રામચરિતમાનસ મંદિરની ગૌસેવા, અન્નક્ષેત્ર, ગૌશાળા,**

રાજકોટની ભાગોળે મોરબી રોડ પર રતનપર ખાતે સુપ્રસિધ્ધ દર્શનીય યાત્રાધામ શ્રીરામચરિતમાનસ મંદિર દ્વારા સદગુરુ રણછોડદાસજી બાપુ, હરિચરણદાસજી મહારાજ તથા જયરામદાસજી મહારાજના સુભાશિષથી છેલ્લા ૩૦ વર્ષોથી વિવિધ ધાર્મિક, સામાજીક, સેવાકીય પ્રવૃતિઓનું સંચાલન થાય છે. સિયારામ મંડળી (રજી. ચેરીટેબલ ટ્રસ્ટ)ના ઉપક્રમે રામચરિત માનસના વિશાળ સંકુલમાં ગૌશાળામાં ૮૫ દેશી ગાયોની ગૌસેવા થાય છે. બાલ ક્રીડાંગણ, સુંદર ઉદ્યાન ઠંડા પાણીની પરબો, ૧૦૦ વૃક્ષોની હરિયાળી, સનાતન ધર્મના દેવ દેવતાઓના નિજ મંદિરો, મંદિરની દીવાલો ઉપર સંપૂર્ણ રામચરિતમાનસની ચોપાઈઓનું આલેખ થયું છે.

નૈસર્ગિક સૌદર્યથી ભરપુર દેવસ્થાનમાં અપાર શાંતિની અનુભુતિ માટે સહપરિવાર સંસ્થાની મુલાકાત લેવા તથા ગૌશાળાની ગાયોની ગૌસેવામાં કાયમી અન્નક્ષેત્રમાં સ્વજનોની સ્મૃતિમાં તિથિ ભોજનમાં તથા સંસ્થાની વિવિધ સેવા પ્રવૃતિઓમાં આર્થિક સહયોગ આપીને સહભાગી થવા શ્રેષ્ઠીઓ, દાતાઓ, ભાવિકોને સિયારામ મંડળીએ અપીલ કરેલ છે.

**રાજકોટ મહાજનશ્રીની પાંજરાપોળ**

૧૩૦ વર્ષ જૂની જીવદયા નાં મંદિર સમી રાજકોટ મહાજનની પાંજરાપોળમાં હાલમાં વૃધ્ધ, અસક્ત,બીમાર, નિરાધાર ગાય, વાછરડા, ઘેટા, બકરા આદિ અબોલ ૫૦૦૦ થી વધારે પશુ પક્ષીઓ આશ્રય હેઠળ છે. જેનો દૈનિક નિભાવ ખર્ચ સરેરાશ ૧,૬૨,૦૦૦/- આવી રહેલ છે. મકરસંક્રાંતિ તારીખ ૧૪/૧/૨૬ બુધવાર નાં ઉત્કૃષ્ટ દાનના દિવસે રાજકોટ મહાજનની પાંજરાપોળના રાજકોટ શહેરની અંદર અલગ અલગ ૧૩૫ જગ્યાએ મંડપો નાખેલા હોય જેની વિગત આ પ્રમાણે છે. તો સૌ જીવદયાપ્રેમીઓને મંડપની મુલાકાત લેવા નમ્ર અપીલ છે.. ફક્ત ચેક ડિપોઝિટ ખાતા નંબર, રાજકોટ મહાજન પાંજરાપોળ બેન્ક ઑફ ઈન્ડિયા ખાતા નંબર ૩૧૦૧૧૦૧૦૦૦૧૧૩૯૨ છે. ફોન નંબર ૦૨૮૧-૨૪૫૭૦૧૯, ૨૪૫૮૯૭૬. ઉતરાયણના દાન સ્વીકારવામાં આવશે.

પાંજરાપોળ મેઈન ઓફિસ, હોસ્પિટલ ચોક, જયુબેલી ચોક, દેના બેન્ક પરાબજાર, પ્ર.હ શાહ, ત્રિકોણબાગ, જ્યોતિ સ્ટોર, પંચનાથ મંદિર, મણિયાર દેરાસરજી, ફૂલછાબ ચોક, મોટી ટાંકી ચોક, જાગનાથ મંદિર, એસ્ટ્રોન ચોક, વિરાણી ચોક, કિસાનપરા ચોક, રેસકોસ પાર્ક, હનુમાનમઢી ચોક, રૈયા સર્કલ, ઈન્દિરા સર્કલ, પંચાયત નગર બસ સ્ટોપ, ક્રિષ્ના મેડિકલ સ્ટોર્સ, મુરલીધર ચોક, પ્રેમ મંદિર, પંચગોળ મંડપ, સુમતિનાથ દેરાસર

વધુ વિગત માટે પાંજરાપોળના મેનેજર ભાવેશભાઈ જલુ ૯૬૩૮૪૩૩૦૭૦ નો સંપર્ક કરી શકાય છે.

**રાધેશ્યામ ગૌ શાળા**

શ્રી રાધેશ્યામ ગૌ શાળાને દાન એટલે અંધ, અપંગ, નિરાધાર ગૌ માતાને અભય દાન

મકરસંક્રાંતિ ને બુધવાર ઉત્કૃષ્ટ દાનના દિવસે રાધેશ્યામ ગૌ શાળા રૈયા ધાર, રામાપીર ચોકડીના રાજકોટ શહેરની અંદર ચોકે, ચોકે લગભગ ૪૦ જગ્યાએ મંડપો નાખેલ છે.

તો ગૌ પ્રેમીઓને મંડપની મુલાકાત લેવા નમ્ર અરજ કરવામાં આવી છે. આ માટે મો. નં. ૯૨૨૮૩ ૫૩૭૮૦, ૯૯૦૧૫ ૨૦૮૫૫

## બોલબાલા ટ્રસ્ટ દ્વારા મકરસંક્રાંતિ પર્વે પુણ્યનું ભાથુ બાંધવા અપીલ

### ૩૫ વર્ષથી સેવારત બોલબાલા ટ્રસ્ટ દ્વારા જરુરીયાત મંદો માટે દાનની સરવાણી વહેડાવવા આહવાન કર્યુ

છેલ્લા તેત્રીસ વર્ષથી માનવ સેવા એજ પ્રભુ સેવા'' તેમજ ''જીવદયા પરમો ધર્મ'' ને ચરિતાર્થ કરતી સંસ્થા બોલખાલા ચેરીટેબલ ટ્રસ્ટ સેવાક્ષેત્રની ઉજજવળ પરંપરા સાથે સંસ્થા છેવાડાના જરૂરીયાતમંદ માનવીઓને, વંચિતો, તેમજ પાગલ અને નિરાધાર દરીદ્રનારાયણો ને એક પણ દિવસના વિરામ વિના હરતુ ફરતુ અન્નક્ષેત્રના માધ્યમથી દૈનિક ૧૫૦૦ કરતા અધિક વ્યક્તિઓની જઠરાગ્ની તૃપ્ત કરીને અનોખી સેવા કરી રહી છે. કુદરતની કર મજાકની થપ્પડ ખાધેલા આવા હતભાગી આપણા જ બાંધવો આપણી વચ્ચે ગરીબી અને ભુખમરાની યાતના સહેતા લોકોની સવાર/સાંજ અલગ-અલગ પ્રકારના નિત્ય નવા ભોજન પીરસીને સેવાની સુવાસ ફેલાવી રહ્યું છે. જેનો માસિક ખર્ચ ૧૦ થી ૧૫ લાખ કરતા પણ વધુ થઈ રહ્યો છે.

ભુખ્યાને ભોજન ઉપરાંત સંસ્થા જીવદયા પરમોધર્મ સૂત્રને સાર્થક કરતા કીડીને કણ અને હાથી ને મણ ઉકિત અનુસાર જીવદયા રથ મારફત ગૌસેવા, અબોલ પશુ-પક્ષીઓ, જલચર, સ્થલચર તેમજ ગગન ગામીઓ માટે પણ એટલી જ કાળજી લઈ રહી છે.

જેનો સમાજ તરફથી હરસાલ સુંદર પ્રતિભાવ પણ મળે છે. તા. ૧૪-૦૧-૨૬ ના રોજ કાર્યકર્તાઓ જુદા જુદા સ્થળે છાવણીમાં બેસીને ચાલતા સેવા અભિયાન માટે અનુદાન એકત્રિત કરશે. જેમાં સમાજના દરેક વર્ગ, સમાજ શ્રેષ્ઠીઓ, સમાજ સેવકો, તેમજ, સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સાથ-સહકાર આપશે તેવી અપેક્ષા ટ્રસ્ટના પ્રમુખ જયેશ ઉપાધ્યાયે વ્યક્ત કરી છે. અને આશા વ્યકત કરી છે કે દાતાઓ રોકડ રકમ અથવા વસ્તુદાન રૂપે બોલબાલા ટ્રસ્ટની ઝોળી છલકાવીને માનવ સેવાના મહાયજ્ઞમાં ઉદારતાથી ધ્યય લંબાવી.

અમોને એ વાતનો પણ ગર્વ છે કે સંસ્થાના તમામ સહસ્યો તરફથી ઉષ્માપૂર્ણ સાથ મળવાથી સંસ્થાની કોઈપણ સેવા એક દિવસના વિરામ વિના કાર્યાન્વિત રાખવામાં સફળ થયા છીએ. જે આજની કાળઝાળ મોંઘવારીમાં ખુબ જ મુશ્કેલ છે. સંસ્થાને નાના-મોટા દાન સ્વરૂપે દાતા તરફથી મળતી રકમથી અનેક જીવોના જઠરાગ્ની તૃપ્ત કરવામાં નિમિત બનશે અને પુણ્યના આ પાવન પર્વે ભાગીદાર અને આર્શિવાદ પ્રાપ્ત કરવાના નિમિત બની શકો.

આ અવસરે સંસ્થા દ્વારા નમ્રભાવે અપીલ કરવામાં આવે છે કે સંસ્થાની સેવા જયોતમાં યથાશકિત દીવેલ પુરીને ઉદારતાર્થ, મુકતમને સહયોગ આપીને સેવાજયોત પ્રજવલિત રાખવામાં સહયોગી બનશો એવી અપેક્ષા છે. આપનું અનુદાન ઈન્કમટેક્ષ ની કલમ ૮૦ જી અંતર્ગત કરમુકિતને પાત્ર છે. અને કંપની સીએસઆર - એફસીઆરએ ની માન્યતા ધરાવે છે.

બોલબાલા ટ્રસ્ટ ને ઓનલાઈન દાન કરી શકાશો.

ટેલીફોનથી જાણ કરવામાં આવશે તો ટ્રસ્ટના સ્વયંસેવકો આપને ત્યા રૂબરૂ આવીને દાન એકત્રિત કરીને પાકી પહોંચ પણ આપી જશે અનુદાન વસ્તુ સ્વરૂપે પુસ્તકો, જુના કપડા, ગરમ વસ્ત્રો વગેરે આપને ત્યાં આવીને એકત્રિત કરી જશે તેમજ સેવા આપવા ઈચ્છતા સ્વયંસેવકો પણ સેવામાં જોડાઈ શકે છે. જે માટે ટ્રસ્ટના કાર્યાલયનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.

શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, બોલબાલા સેવા સંકુલ, ૩, મીલપરા રોડ, રાજકોટ મો.નં. ૯૩૭૪૧ ૧૦૫૨૫/૨૦/૨૧, ફોન નંબર ૦૨૮૧-૨૨૩૭૦૦૦, ૨૨૪૩૦૦૮ પર સંપર્ક કરો.

# વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં ક્રિસ્ટલ ગ્રુપ દ્વારા રૂ.૩૦૦ કરોડના એમઓયુ

## ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે રામપર બેટીમાં આંતરરાષ્ટ્રિય કક્ષાનું ઈન્ડસ્ટ્રીયલોજીસ્ટિક પાર્ક પ્રગતિમાં : એમ.ડી. બાકિર ગાંધી



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં પ્રારંભ થયેલી વાઈબ્રન્ટ ગુજરાતની રિજિયોનલ સમીટમાં લાખો કરોડ રૂપિયાના વેપાર ઉદ્યોગના એમઓયુ રાજકોટના આંગણે થઈ રહયા છે. જેમાં રાજકોટના ખ્યાતનામ ડેવલપર ગ્રુપ ક્રિસ્ટલ લોજીસ્ટીકે રૂપિયા ૩૦૦ કરોડના એમઓયુ કર્યા છે. રાજકોટના હિરાસર ખાતેના આંતરરાષ્ટ્રિય એરપોર્ટ નજીક જ રામપર બેટીમાં ક્રિસ્ટલ ગ્રુપ દ્વારા આંતરરાષ્ટ્રિય કક્ષાનું ઈન્ડસ્ટ્રિયલ લોજીસ્ટીક પાર્ક આકાર પામી રહયુ છે. રાજય અને કેન્દ્ર સરકારના વિવિધ મહાનુભાવો અને અધિકારીઓની ઉપસ્થીતિમાં આ એમઓયુને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

ક્રિસ્ટલ ગ્રુપના એમડી બાકિર ગાંધીના જણાવ્યા મુજબ અમો બાવળા નજીક,બેચરાજી નજીક,બેંગ્લોર અને ચેન્નાઈ નજીક આંતરરાષ્ટ્રિય કક્ષાના ઈન્ડસ્ટ્રિયલ લોજીસ્ટીક પાર્ક બનાવવાનો અનુભવ ધરાવીએ છીએ. રાજકોટના વતની અને ગુજરાતી તરીકે ગુજરાતના વિકાસના યજ્ઞમાં ક્રિસ્ટલ ગ્રુપની નમ્ર ઉપસ્થીતિ રહે એ માટે અમારો પ્રયાસ રહયો છે.

હાલ ક્રિસ્ટલ લોજીસ્ટિક પાર્કનું પાયાનું તમામ કામ જેવી કે એસટીપી,રસ્તાઓ, માળખાગત સુવિધાઓ વગેરે ઉભા થઈ ગયા છે. હવે તેમાં ઉદ્યોગકારોની જરૂરિયાત મુજબ ટેઈલર મેડ સુવિધાઓ,કોલ્ડસ્ટોરેજ, સ્ટોરેજ વગેરે તૈયાર રહયા છે. તેમણે જણાવ્યુ હતું જે રીતે અલંગ,રાજુલા,જામનગર (રિલાયન્સ),કચ્છ,મુંદ્રા,કંડલાનો વિકાસ થઈ રહયો છે એ પ્રમાણે રાજકોટ આસપાસ વ્યુહાત્મક રીતે ઈન્ડસ્ટ્રિયલ પાર્ક,ગોડાઉન, કોલ્ડચેઈનની ખુબ મોટી માંગ ઉભી થનાર છે. જેને પહોંચી વળવા ક્રિસ્ટલ લોજીસ્ટીક પાર્ક પ્રથમ કદમ છે. વાઈબ્રન્ટ ગુજરાતના સૌરાષ્ટ્ર રિજનની સમીટને બાકીરભાઈ ગાંધીએ સફળતાનુ એક વધુ એક ચેપ્ટર ગણાવ્યુ હતું. સૌરાષ્ટ્ર કચ્છના વિકાસની વિપુલ તકને તેમણે આવકારી હતી.

# ચર્ચગેટ ખાતે પશ્ચિમ રેલવે મજૂર સંઘ પ્રમુખ હિરેન મહેતાના કાર્યાલયનું ઉદઘાટન

## સંઘના મહામંત્રી આર.જી. કાબરજીના સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી કર્મચારીઓના હિત અને સંગઠનના મજબૂત માળખા બનાવવા સજ્જ

**અબતક, રાજકોટ**



કર્મચારીઓના અવાજ સમાન અને અગ્રેસર સંગઠન પશ્ચિમ રેલ્વે મજૂર સંઘ દ્વારા સંગઠનની એકતા અને મજબૂતીના પ્રતીક સમાન એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈના ચર્ચગેટ સ્થિત પશ્ચિમ રેલ્વે મજૂર સંઘના પ્રમુખ હિરેન મહેતાના 'રાષ્ટ્રપતિ કાર્યાલય'નું વિધિવત ઉદઘાટન કરવામાં આવ્યું હતું.આ ગૌરવશાળી પ્રસંગનું સમાપન સંઘના મહામંત્રી આર.જી. કાબરજીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંગઠનના મનીષ ખંડેલવાલ, ડાભી જી, અભિલાષ નાગર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાઆ ઉપરાંત, નવનિર્વાચિત ડિરેક્ટર જેસીસીએસની ગૌરવપૂર્ણ હાજરીએ ઉપસ્થિત તમામ સભ્યો અને કાર્યકરોમાં નવો ઉત્સાહ ભર્યો હતો. રેલ્વે કર્મચારીઓના હિત અને સંગઠનના મજબૂત માળખા માટે આ એક ઐતિહાસિક સોપાન સાબિત થશે.

# મકરસંક્રાંતિ પર્વની શુભેચ્છા પાઠવતા શહેર ભાજપ આગેવાનો

## શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલીયા સહિતના અગ્રણીઓએ જીવહિંસા ન થાય તે માટે અપીલ કરી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાએ શહેરીજનોને મકરસંક્રાતિ પર્વની શુભેચ્છા આપતા જણાવ્યું છે કે સૌનો પ્રિય તહેવાર એટલે ઉતરાયણ.આપણા દેશમાં રાષ્ટ્રીય, સામાજીક અને ધાર્મિક એમ ત્રણ પ્રકારના તહેવારો વર્ષ દરમિયાન ઉજવાય છે.

ઉતરાયણના દિવસે નાના બાળકોથી માંડીને મોટેરા તેમજ મહિલાઓ પણ ઘરના ધાબા કે અગાસી પર ચડીને પતંગ ચગાવવાની મોજ માણે છે.

આ પર્વની મોટી મર્યાદા એ છે કે પતંગોના પાકકા દોરાઓ પંખીઓની પાંખ વીંજે છે. નિર્દોષ પશુપક્ષી ઘાયલ થાય છે. પશુપક્ષી પ્રેમીઓ આ પર્વને દાનનો મહિમા પૂરતો રાખવાની યાચના કરે છે.

અંતમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે આ પર્વને સભાનતાપૂર્વક માણવો જોઈએ. જીવન થકી ઉત્સવ છે, ઉત્સવ માટે જીવન નથી.

# ઉદ્યોગ અને ટેકનોલોજી સાથે કુશળ માનવ સંશાધન જરૂરી: કુલપતિ ડો. ઉત્પલ જોશી

## સૌરાષ્ટ્ર યુનિ. ના કુલપતિ ડો. ઉત્પલ જોશી વાયબ્રન્ટ કોન્ફરન્સમાં ગ્રીન એનર્જી ઈકો સિસ્ટમ અને પેટ્રો કેમિકલ્સ વિષયક પેનલમાં તજજ્ઞ તરીકે હાજરી આપી

**અબતક, રાજકોટ**



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી વાયબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સમાં ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ વિષયક પેનલ ચર્ચામાં તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્યોગ અને ટેકનોલોજી સાથે સ્કિલ મેનપાવર અનિવાર્ય : વાઈબ્રન્ટ ગુજરાત પેનલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડો. ઉત્પલ જોશીએ જણાવ્યું હતું.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત યોજાયેલી ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ વિષયક પેનલ ચર્ચામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર (ડો.) ઉત્પલ જોશીએ ઉદ્યોગ અને ટેકનોલોજી સાથે સ્કિલ મેનપાવરના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો.

ડો. જોશીએ પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કે ઉદ્યોગ વિકાસની ચર્ચા માત્ર ટેકનોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મૂડી પૂરતી સીમિત ન રહેવી જોઈએ, પરંતુ તે માટે જરૂરી કુશળ માનવ સંસાધન તૈયાર કરવું પણ એટલું જ મહત્વનું છે. ટેકનોલોજીના ઝડપી પરિવર્તન સાથે સ્કિલ ડેવલપમેન્ટ અનિવાર્ય બન્યું છે.

આ મુદ્દે પેનલમાં ઉપસ્થિત તમામ નિષ્ણાતો અને પેનાલિસ્ટ્સે સહમતિ વ્યક્ત કરી અને ચર્ચાને એક નવું દ્રષ્ટિકોણ મળ્યો. ડો. ઉત્પલ જોશીના આ સ્કિલફુલ ઈન્સાઈટને તમામ સભ્યોએ સરાહના કરી અને ઉદ્યોગ-શિક્ષણ સંકલનની જરૂરિયાત પર ભાર મૂકાયો.

ચર્ચા દરમિયાન ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સંશોધન, તાલીમ, ઈન્ટર્નશિપ, લાઈવ પ્રોજેક્ટ્સ અને સ્કિલ આધારિત અભ્યાસક્રમ વિકસાવવા માટે વધુ સહકાર જરૂરી હોવાનું પણ જણાવાયું.

વાઈબ્રન્ટ ગુજરાત જેવા પ્રતિષ્ઠિત મંચ પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરને પેનલ ચર્ચામાં આમંત્રિત કરી તેમનો અવાજ મહત્વપૂર્વક સાંભળવામાં આવ્યો, તે યુનિવર્સિટી માટે ગૌરવની બાબત છે. આ આમંત્રણથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શૈક્ષણિક દ્રષ્ટિ અને નેતૃત્વને રાજ્યસ્તર પર માન્યતા મળી છે.

ઉદ્યોગ, ટેકનોલોજી અને સ્કિલ મેનપાવર - આ ત્રિવેણી પર કેન્દ્રિત થયેલી આ ચર્ચા ભવિષ્યના વિકાસ માટે માર્ગદર્શક સાબિત થશે.

# એઈડસગ્રસ્ત બાળકોને મોજ કરાવવા અપાયો 'ઉતરાયણનો ઉપહાર'

## આરડીએનપી પ્લસ અને ગોકુલ નમકીનના હિતેશ સેલાની નિર્મલ પટેલ સહિતના અગ્રણીઓનાં સહયોગ સાથે નેત્રયજ્ઞ યોજાયો


**અબતક, રાજકોટ**



આર.ડી.એન.પી.પ્લસ (રાજકોટ ડીસ્ટ્રીક્ટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ) સંગઠનની સ્થાપના ૩ માર્ચ ૨૦૦૫ના રોજ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા સમગ્ર રાજકોટ જીલ્લામાં એચ.આઈ.વી. સાથે જીવતા લોકોના લાભાર્થે કરવામાં આવી. આર.ડી.એન.પી.પ્લસ એ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા, લોકો માટે, લોકોનું સામુદાયિક સ્વયંસેવી સ્વૈછિક સંગઠન છે.

રાજકોટ ઓફિસે એચ.આઈ.વી. પોઝીટીવ લાભાર્થી માટે આંખ નિદાન માહિતી કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પ માં રાજકોટ ના આંખ ના નિષ્ણાંત ડો. મનોજ ભટ્ટ ઉપસ્થિત રહીને તમામ લાભાર્થીને આંખ ને લગતા થતા રોગ, કાળજી અને નિદાન બાબતે સમજણ પૂરી પડેલ. એચ.આઈ.વી.ગ્રસ્ત બાળકોને મકરસંક્રાંતિ નિમિતે પતંગ, ફીરકી, ચીકી, અડદિયા, મમરાના લાડુ, નમકીન ફરસાણ નું વિતરણ કુલ ૫૦ બાળકોને કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સુવ્યસ્થિત આયોજન આર.ડી.એન.પી પ્લસ રાજકોટ દ્વારા કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમમાં આપેલ બધી વસ્તુઓ રાજકોટ ના દાતા જેવાકે ગોકુલ નમકીન, હિતેશભાઈ સેલાની, નીર્મલભાઈ પટેલ, ધ્રુવભાઈ પટેલ, વિજયભાઈ રાઠોડ, ચેતનભાઈ નડીયાપરા નો અમુલ્ય સહયોગ રહ્યો હતો.

# પતંગોત્સવ માત્ર મનોરંજન નહીં સામુહિક એકતાનું પ્રતિક: સાંસદ રામભાઈ મોકરીયા



**અબતક, રાજકોટ**

મકરસંક્રાંતિ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનો ગૌરવપૂર્ણ પર્વ છે, જે સૂર્યોપાસના, સકારાત્મક પરિવર્તન અને રાષ્ટ્રીય ચેતનાનો સંદેશ આપે છે. આ પર્વ આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ અને સ્થિરતામાંથી પ્રગતિ તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ દેશ 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના મંત્ર સાથે સતત પ્રગતિના માર્ગે આગળ વધી રહ્યો છે અને મકરસંક્રાંતિ જેવા પર્વો આ વિકાસયાત્રાને નવી ઊર્જા આપે છે.

આ પર્વ ખેડૂત સમુદાય માટે આશા, સન્માન અને આત્મવિશ્વાસનું પ્રતીક છે. કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોના કલ્યાણ, આવકમાં વધારો અને કૃષિ ક્ષેત્રના આધુનિકીકરણ માટે અમલમાં મૂકાયેલી યોજનાઓ દેશના અન્નદાતાઓને સશક્ત બનાવી રહી છે.

ઉત્તરાયણ અને પતંગોત્સવ માત્ર મનોરંજન નહીં પરંતુ સામૂહિક એકતા, સામાજિક સમરસતા અને સાંસ્કૃતિક જોડાણનું પ્રતીક છે, જે સમાજના દરેક વર્ગને એકસાથે જોડે છે.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા બેસણામાં સંકલ્પ પત્ર ભરાયા



**અબતક, રાજકોટ**

અતુલભાઈ અરજણભાઈ કણસાગરાનું અવસાન થતાં તેમના બેસણામાં ચક્ષુદાન, દેહદાન જાગૃતિ માટે સંકલ્પ પત્ર ભરવાનું આયોજન કરેલ. જેમાં બહોળા પ્રમાણમાં સંકલ્પ પત્રો ભરાયેલ. આ કેમ્પને સફળ બનાવવા ચેરમેન, ઉમેશ મહેતાની સાથે વોરાભાઈ તથા કલ્પેશભાઈએ સહયોગ આપેલ.

અત્યાર સુધીમાં ૭૯૦ ચક્ષુદાન, ૪૨ સ્કીન ડોનેશન તથા ૬૧ દેહદાન થયેલ છે. વધુ જાણકારી માટે સંપર્ક કરો ચેરમેન ઉમેશ મહેતા ૯૪૨૮૫૦૬૦૧૧

### મકર સક્રાંતિ નિમિતે

# વોર્ડ નં.૧૪ના જાગૃત કોર્પોરેટર નીલેશભાઈ જલુ દ્વારા ૫૫૦ બાળકોને પતંગ તેમજ ચીકીનું વિતરણ



**અબતક, રાજકોટ**

ગત તા.૧૨-૦૧-૨૦૨૬ ને સોમવારના રોજ કેવડાવાડી લુહારવાડી ખાતે મકર સંક્રાતિ નિમિતે ૫૫૦ બાળકોને વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર નીલેશભાઈ જલુ દ્વારા પતંગ તેમજ ચીકીનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં વિધાનસભા ૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ઓમ શાંતિ સેન્ટરમાંથી દીદીઓ, કેવડાવાડી વેપારી એસોસિએશનના પ્રમુખ ચંદ્રેશભાઈ જલુ, રાજકોટ શહેર મહામંત્રી બક્ષીપંચ જે.પી.ધામેચા, વોર્ડ પ્રભારી જીગ્નેશભાઈ જોશી, શહેર મંત્રી બક્ષીપંચ વિપુલ માખેલા, નીલેશભાઈ પાટડિયા, નરેન્દ્રભાઈ મકવાણા, વિનુભાઈ કુવાડિયા, મુકેશભાઈ ચાવડા, મુન્નાભાઈ બાલાસરા, નીલેશભાઈ રાઠોડ, અનિશભાઈ બાદી, હરૂભાઈ તલસાણીયા, ગીરીશભાઈ પોપટ, રાજુભાઈ નિમાવત, ધર્મિષ્ઠાબેન વાઘેલા, હીનાબેન ચંદારણા તેમજ અન્ય સમાજના આગેવાનો તેમજ કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ છે.



## મેરા યુવા ભારત દિવસ અંતર્ગત

# ખો-ખો અને કબડ્ડી ટુર્નામેન્ટમાં કણસાગરા કોલેજની ટીમોની ચેમ્પિયન



**અબતક, રાજકોટ**

યુવાભારત કાર્યક્રમ અંતર્ગત આયોજિત જિલ્લા લેવલ ખો-ખો અને કબડ્ડી ટુર્નામેન્ટમાં કણસાગરા કોલેજ, ૮૦ ની વિદ્યાર્થી ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કોલેજની કબડ્ડી ટીમમાં કડવાતર સ્વાતિ, કારોરિયા ખુશ્બુ, વાળા કૃપા, રબારી કમુ, કાજી મુસ્કાન, જોગરાણા બિનલ, બાંભણિયા જયશ્રી, ચાવડા ધ્રુવી, કોણેત દિવ્યા, ગોહિલ પ્રીતિ, મેર સેજલ તથા જાંબુડિયા ધ્રુવિશા નો સમાવેશ થયો હતો.

તે જ રીતે, ખો-ખો ટીમમાં વાળા કૃપા, કડવાતર સ્વાતિ, સરવૈયા આરતી, ચાવડા દિવ્યા, બાંભણિયા જયશ્રી, લાખણોત્રા રેણુકા, સીડા ધારા, ભાલારા ધ્રુવીશા, મદાણીયા યશ્વી, વ્યાસ ગાયત્રી, મકવાણા તૃપ્તિ તથા કાજી મુસ્કાન નો સમાવેશ થયો હતો.

રાધિકા, રેંકલ લોંગ જમ્પમાં વિજેતા જાહેર થયેલા, ટુર્નામેન્ટમાં તમામ ખેલાડીઓએ શિસ્તબદ્ધ રમત અને ઉત્તમ રમતગમત ભાવના સાથે કોલેજનું ગૌરવ વધાર્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ સ્નેહલ કોટક, માર્ગદર્શન આર.ડી. સેજલીયા, સ્પોર્ટ્સ કમિટી અને સ્વરૂપજી જિલ્લા અધિકારી, રાજેશ રાઠોડ માયા ભારત તરફથી તમામ ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## પુરૂષાર્થ સ્કુલ અને પાઠક ઈંગ્લીશ મિડિયમ સ્કુલના રમતોત્સવમાં વિદ્યાર્થીઓની પ્રતિભાના ખીલ્યા "ગુલમહોર"

### જુદી-જુદી રમતોમાં વિજેતાઓને મેડલ્સ અને પ્રમાણપત્ર એનાયત

**અબતક, રાજકોટ**

પુરૂષાર્થ સ્કૂલ અને પાઠક ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ બની રમતમય પુરૂષાર્થ સ્કૂલ અને પાઠક ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ દ્વારા રમતોત્સવનું આયોજન કર્યું હતું.


આ રમતોત્સવમાં રાજકોટ શહેર ભાજપ અધ્યક્ષ માધવભાઈ દવે તેમજ ૬૯, વિધાનસભા ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો.



આ પ્રસંગે વોર્ડ નં.૧ ના પ્રમુખ જયરાજસિંહ જાડેજા તેમજ કોર્પોરેટર અલ્પેશભાઈ મોરજરીયા, હિરેનભાઈ ખીમાણિયા પ્રભારી કાથડભાઈ ડાંગર મહામંત્રી નાગજીભાઈ વરૂ, મહિલા મોરચા સેજલબેન તેમજ અન્ય આગેવાનો તથા કાર્યકર્તા રાજકોટ શાળા સંચાલક મંડળ પ્રમુખ અવધેશભાઈ કાનગઢ, મહામંત્રી ઉર્વેશભાઈ પટેલ, રામભાઈ ગેરૈયા, વિનયભાઈ લોખીલ, કુલદીપભાઈ મકાણી, પ્રવીણભાઈ ગોંડલીયા સંચાલક મિત્રોમાં અતુલભાઈ ઠકરાર, રાજેશભાઈ લાઠીયા, ભરતભાઈ હેરભા, હરદાશભાઈ કરમટા, વિકાશભાઈ પટેલ, તેજશભાઈ પટેલ, સંજયભાઈ જોશી, હિરેનભાઈ કથીરિયા, કુલદીપભાઈ ભાટિયા, જીતેન્દ્રસિંહ ચાવડા વગેરે સંચાલકો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને જુદી-જુદી રમતોમાં વિજેતાઓને મેડલ્સ અને પ્રમાણપત્રો એનાયત કરી બિરદાવ્યા હતા. વિદ્યાર્થીઓ અને સાથે વાલીઓ પણ રમતોત્સવમાં ભાગ લઈ વિવિધ રમતો રમી સમગ્ર મેદાન રમતમયી બની ગયું. આ રમતોત્સવને સફળ બનાવવા સ્કૂલના પ્રમુખ રાણાભાઈ ગોજીયા, ટ્રસ્ટી પરબતભાઈ ગોજીયા તથા કેમ્પસ ડાયરેક્ટર રામોલિયા વિશાલભાઈ, પ્રિન્સિપાલ માધવી મેડમ તથા સમગ્ર શિક્ષકગણ દ્વારા ખૂબ સુંદર આયોજન કર્યું હતું.

## વ્રજરાજકુમારજી મહોદયની ઉપસ્થિતિમાં

# વીવાયઓ હવેલી ખાતે બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરતા વૈષ્ણવો



**અબતક, રાજકોટ:** વીવાયઓ શ્રીનાથધામ હવેલી ખાતે વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિમાં વૈષ્ણવોએ શ્રી ઠાકોરજીના દર્શન કરી વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજીની મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યા હતા તેમજ ૧૦૦થી પણ વધુ વૈષ્ણવોએ વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી પાસે બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરી હતી.

# સિસ્ટર નિવેદિતા સ્કુલના રમતોત્સવમાં કાર્ટુન પરેડે જમાવ્યું આકર્ષણ

**અબતક, રાજકોટ**

સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલનો ૨૨મો રમતોત્સવ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગ્રાઉન્ડ ખાતે શાનદારથી ઉજવાયો હતો. જેમાં શાળાના તમામ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રમતોત્સવના અતિથિવિશેષ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિથી ડો. ઉત્તપલ જોશીએ પરેડ નિરિક્ષણ કરી માર્ચપાસ્ટની સલામી ઝીલીને બાળકો દ્વારા



તૈયાર કરવામાં આવેલ કાર્ટૂન પરેડને પણ નિહાળી હતી. બાદમાં બાળકોનાં રમતોત્સવનો શુભારંભ કરાવેલ. તેમજ વિજેતાઓને શિલ્ડ એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા.

સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલી ૩૧ જેટલી વિવિધ રમતો મેદાનમાં રમાડવામાં આવી હતી. વિજેતાઓને પ્રોત્સાહિત કરવા શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

વાલીમાતા અને વાલી પિતાઓ માટે પણ રમતનું આયોજન કરવામાં આવેલ જેમા પણ સહુ વાલી માતા-પિતાએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વાલીસમુદાયે હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કરેલ.

# પ્રવૃતિ પ્રેરક માનવ કલ્યાણ ટ્રસ્ટ દ્વારા ૨૫૦ જરૂરતમંદ પરિવારોને અનાજનું વિતરણ

**અબતક, રાજકોટ**

મકરસંક્રાંતિના આગામી પર્વ નિમિત્તે પ્રવૃત્તિ પ્રેરક માનવ કલ્યાણ ટ્રસ્ટ (બેંક ઓફ ઈન્ડિયા રિટાયર્ડ એમ્પલોઈઝ એસોસીએશન દ્વારા પ્રેરિત) તથા રોઝરી સ્કૂલ પરિવાર દ્વારા સંયુકતપણે આયોજિત અનાજ વિતરણ કાર્યક્રમમાં લગભગ ૨૩૦ જરૂરતમંદ પરિવારોને અનાજ વિતરણ કરવામાં આવ્યું.

વિતરણ કરાયેલ કિટમાં નિમણાનુસાર ઘઉં ૫ કિલોગ્રામ પ્રતિ લાભાર્થી રોઝરી સ્કૂલ પરિવાર તરફથી અનાજ સામગ્રી



હતી, તેમજ નીચેની સામગ્રી ટ્રસ્ટ તરફથી બાજરો ૫ કિલોગ્રામ, ચીકી ૧ પેકેટ, તેલ ૧ લિટર, ચા ૨૫૦ ગ્રામ, ખાંડ ૧ કિલોગ્રામ, મમરા લાડુ ૧ પેકેટ, ચવાણું ૨૫૦ ગ્રામ, સેવ ૨૫૦ ગ્રામ, સમગ્ર કિટની અંદાજિત કિંમત રૂ. ૭૫૦-.

આ વિતરણની નોંધપાત્ર વાત એ રહી કે રોઝરી સ્કૂલ તરફથી શાળાના વિદ્યાર્થીઓના વાલીઓને પત્ર લખી તેમના ઘેરથી યથાશક્તિ ઘઉં તથા વસ્ત્રો મોકલવા ટહેલ નાખી હતી. જેના પ્રતિસાદ રૂપે તેમણે ઘઉં તથા વસ્ત્રો સારા પ્રમાણમાં મળ્યાં હતાં.

સમગ્ર ટીમને સ્કૂલ પરિવારના મેનેજિંગ ટ્રસ્ટી ડો. વિશાલભાઈ વારિયાના કુશળ માર્ગદર્શન હેઠળ શ્રી પ્રતિકભાઈ સંચાણિયાની ટીમે સુંદર દોરવણી આપી હતી.

શાળાના શિક્ષકગણ તથા અન્ય કર્ણમચારીગણનાં સર્વ પ્રતીક સંચાણિયા, તૃશાંત ગોસાઈ, કાજલ પંડયા, હિરેન વ્યાસ, પલ્લવી પારેખ, પલ્લવી વ્યાસ, સેવા આપી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય યુવા દિવસે સ્વામી વિવેકાનંદજીની પ્રતીમાને પૂષ્પાંજલી અર્પણ


**અબતક, રાજકોટ**

રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ "રાષ્ટ્રીય યુવા દિવસ" ની ઉજવણી કરવામાં આવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ કેમ્પસ સ્થિત સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા પુષ્પાંજલિ અર્પણ કરી સ્વામી વિવેકાનંદજી યુવાનોના પથદર્શક અને પ્રેરણાસ્ત્રોત : કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી યુવાનો સ્વામી વિવેકાનંદજીના જીવનમાંથી પ્રેરણા લે અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ "રાષ્ટ્રીય યુવા દિવસ" ની ઉજવણી કરવામાં આવી હતી.



કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએકેમ્પસ સ્થિત સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કેળવી પોતાનામાં રહેલા કૌશલ્યને પારખી મહેનત કરી સફળતા મેળવવા કાર્ય કરવું જોઈએ. આ પ્રસંગે બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, કાર્યકારી કુલસચિવ ડો. મનીષભાઈ ધામેચા, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યો, ભવનોના અધ્યક્ષશ્રીઓ, શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજય કક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં ૧૭૨ ખેલાડીઓ કૌવત બતાવશે



**અબતક, રાજકોટ**

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર રાજકોટના સંયુક્ત ઉપક્રમે ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજયકક્ષાની બેડમિન્ટન ઓપનએઈજ, અબવ ૪૦ અને અબવ ૬૦ ભાઈઓ/બહેનો સ્પર્ધાનું આયોજન

૧૩-૦૧ સુધી કરવામાં આવ્યું છે. દરમ્યાન જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, રાજકોટ ખાતે કરવામા આવેલ છે. જેમાં સ્પર્ધા ઉદઘાટન કાર્યક્રમના મુખ્ય મહેમાન મજહર સુથાર (હેડ કોચ ટેબલ ટેનિસ), નિરવભાઈ અગ્રવાલ (એસોસિએશન ચીફ રેફરી), અંકુરભાઈ જોષી (ટેબલ ટેનિસ કોચ), મહાવીરસિંહ (ટેબલ ટેનિસ કોચ) ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્ય તમામ જિલ્લાઓમાંથી અંદાજીત ૧૭૨ ખેલાડીઓ ભાગ લેવા આવેલ..

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા રમત વિકાસ અધિકારી રમા મદ્રા, અને જિલ્લા રમત ગમત અધિકારી, રાજકોટ વિરેન્દ્રસિંહ જાડેજા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ટીઆરબી જવાનોને ઉત્તરાયણની ભેટ માનદ વેતનમાં દૈનિક રૂ.૧૫૦નો વધારો

## ટ્રાફિક બ્રિગેડ જવાનને આજથી જ રૂ.૩૦૦ના બદલે રૂ.૪૫૦ ચૂકવાશે

**અબતક, રાજકોટ**

રાજય સરકાર દ્વારા ૧૦ હજારથી વધુ ટીઆરબી જવાનોને ઉતરાયણનાં પર્વની ભેટ આપવામાં આવી છે. ટીઆરબી જવાનોના દૈનિક દોઢ ગણુ કરી દેવામાં આવ્યું છે. આજથી ટીઆરબી જવાનોને દૈનિક રૂ.૩૦૦ના બદલે રૂ. ૪૫૦ ચૂકવાશે.

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગ દ્વારા રાજ્યના ટ્રાફિક બ્રિગેડ ના જવાનો માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રાફિક બ્રિગેડ જવાનોનુ દૈનિક માનદ વેતન રૂ.૩૦૦થી વધારીને હવે રૂ.૪૫૦ આપવા આવશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ



સંઘવીએ જણાવ્યું છે કે, રાજ્યના માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થાપન માટે ખરા સૈનિક તરીકેની ભૂમિકામાં ટ્રાફિક બ્રિગેડના જવાનો છે. કાળઝાળ ગરમી હોય કે મુશળધાર વરસાદ, જનતાની સુરક્ષા અને સુવિધા માટે રસ્તા પર અવિરત ફરજ બજાવતા આ જવાનોના પરિશ્રમની રાજ્ય સરકાર સદાય કદર કરે છે.ઉલ્લેખનીય છે કે, રાજ્યના મોટા શહેરો જેવા કે સુરત, રાજકોટ અને વડોદરામાં ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શરૂ થયેલી ટ્રાફિક બ્રિગેડ વ્યવસ્થા આજે સમગ્ર રાજ્યમાં કાર્યરત છે. ટ્રાફિક નિયમનમાં પોલીસને પૂરક બનતા આ જવાનોના કાર્યક્ષેત્રને ધ્યાને રાખીને રાજ્ય સરકારે તેમના માનદ વેતનમાં વધારો કરવા નિર્ણય લીધો છે. ગૃહ વિભાગના વર્ષ ૨૦૧૮ ના ઠરાવ મુજબ અત્યાર સુધી ટ્રાફિક બ્રિગેડના જવાનોને પ્રતિદિન રૂ. ૩૦૦ ચૂકવવામાં આવતા હતા.રાજ્ય સરકાર દ્વારા આ વેતન વધારીને હવે પ્રતિદિન રૂ. ૪૫૦ કરવામાં આવ્યું છે. આ નિર્ણયનો સીધો લાભ રાજ્યના અંદાજે ૧૦,૦૦૦ થી વધુ ટી.આર.બી. જવાનો અને તેમના પરિવારને મળશે. રાજ્ય સરકારના આ સંવેદનાત્મક અભિગમ સાથે લેવાયેલા નિર્ણયનો અમલ આજથી જ કરવામાં આવશે, જે ટ્રાફિક બ્રિગેડના જવાનો માટે આર્થિક રીતે પ્રોત્સાહક બની રહેશે.

# "સૂર મહિમા" ગ્રુપ દ્વારા ગુરુવારે સદાબહાર ગીતોની રમઝટ

## અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

સંગીત એ માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે જીવન જીવવાની એક કળા છે. ભારતીય સંસ્કૃતિમાં તો સંગીતને 'પંચમ વેદ' સમાન ગણવામાં આવ્યું છે. ત્યારે રાજકોટના સંગીત રસિકો માટે આગામી ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ એક શાનદાર મ્યુઝિકલ પ્રોગ્રામ "હિર સે સુર મહિમા" નું આયોજન હેમુ ગઢવી મીની હોલ ખાતે કરવામાં આવ્યું છે. 'સૂર મહિમા' ગ્રુપ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જૂના અને નવા લોકપ્રિય ગીતોના સથવારે રાજકોટની જનતાને સંગીતની એક અનોખી સફર કરાવવામાં આવશે. અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં વિશાલ સોની, પ્રકાશ સોલંકી હેતલ ઠાકર અને હસ્મિતાબેન



પાટડીયા એ સમગ્ર માહિતી આપી. આ મ્યુઝિકલ ઈવેન્ટમાં સદાબહાર ફિલ્મી ગીતોની રમઝટ બોલાવવામાં આવશે. સૌથી આનંદની વાત એ છે કે આ કાર્યક્રમમાં તમામ સંગીત પ્રેમીઓ માટે પ્રવેશ તદ્દન નિ:શુલ્ક રાખવામાં આવ્યો છે.આ સુંદર મજાના મ્યુઝિકલ પ્રોગ્રામનો લ્હાવો લેવા માટે 'સૂર મહિમા' ગ્રુપ તરફથી રાજકોટની જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.વધુ વિગત અને પાસ માટે સંપર્ક માટે મો ૯૮૯૮૭ ૮૪૬૫૮ અથવા ૯૯૨૪૦ ૯૯૯૦૦ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# સેવા સંસ્થા યુનીક દ્વારા દિવ્યાંગો માટે ઉજવાયો ઉત્તરાયણનો આનંદોત્સવ

## દિવ્યાંગ માનવ મહોત્સવમાં બાળકોએ મનભરી માણી મજા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પંથકમાં માનવતા માટે કાર્યરત સંસ્થાઓમા આગવી ઓળખ ધરાવતી યુનીક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગો માટે ઉતરાયણનો આનંદોત્સવ ઉજવાયે હતો.

શારીરિક કે માનસિક ક્ષતિ ઉત્તરાયણ જેવો આનંદનો ઉત્સવ ઉજવામાં બાધારૂપ ન બની રહે તે માટે યુનિક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગો માટે તા. ૧૦/૦૧/૨૬ શનીવારના રોજ નાગર બોર્ડીંગ, વિરાણી ચોક, રાજકોટ ખાતે "દિવ્યાંગ આનંદ મહોત્સવ - ૨૦૨૬"નું આયોજન કરેલ હતું.

અનંતજી વડનાગરા નાગર બોર્ડીંગ મેદાનના સહયોગથી સવારના ૮:૩૦ વાગ્યાથી ૧ વાગ્યા સુધી ઉજવાયેલ આ કાર્યક્રમમાં રાજકોટ તેમ જ ગામડાથી બસમા, પોતાના ત્રણ પૈદાંવાળી ગાડીઓમાં કે અન્ય રીતે નાગર બોર્ડીંગ પહોંચ્યા હતા અને સવારનો ચા-નાસ્તો લઈને દિવ્યાંગોએ ઉજવણીની શરૂઆત કરી. ત્યાર બાદ મ્યુઝીકના સથવારે વિવિધ રમતો યોજાઈ હતી.

રમતો પૈકી ફુગ્ગા ફુલાવવાની સ્પર્ધામાં પુરુષોમા ચેતન વૈષ્ણવ અને મહિલાઓમા ઈલાબેન દેવમુરારીએ સ્પર્ધા જીતી હતી. નિશાન તાક સ્પર્ધામા પુરુષોમાં મનોજ રાઠોડ અને મહિલાઓમા દયાબેન વાઢેરે સ્પર્ધા જીતી હતી. સેફટીપીનમા બંગળીઓ પોરવવાની સ્પર્ધામાં પુરુષોમા અશોકભાઈ પરમાર અને મહીલાઓમા ગૌરીબેન ગોહેલે જીત મેળવી હતી. ટી કપ સ્પર્ધામા મિરાબેન મકવાણાએ સ્પર્ધા જીતી હતી. ચણા રબર સ્પર્ધામાં પુરુષોમા દિનેશભાઈ ગાંગાણી અને મહિલાઓમા હિનાબેન પાટડીયાએ જીત મેળવી હતી. બોલ ટેપીંગ સ્પર્ધામા પુરુષોમાં લાલુભા જાડેજા અને મહીલાઓમા હેતલબેન મૈત્રાએ જીત મેળવી હતી. પંજા લડાવવાની સ્પર્ધામાં પ્રભાબેન શીયાળે જીત મેળવી હતી. ચોતરફ બસ હર્ષ, આનંદ અને ઉજવણીનો માહોલ હતો. આ કાર્યક્રમમાં અજયભાઈ જોષી (સિઝન્સ સ્કવેર મોલ), ચીરાગભાઈ ધામેચા (સી.જે. ગ્રુપ), ઈશ્વરભાઈ મકવાણા, ચુનીભાઈ પાડલીયા સહિતના રાજકોટના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓએ મુલાકાત લઈને દિવ્યાંગોનો ઉત્સાહ વધાર્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા ટિમ યુનિકના પ્રમુખ શૈલેષભાઈ પંડ્યા, જયેશભાઈ પંડ્યા, મનસુખભાઈ માકડીયા, પ્રભા શિયાળ, લાલુભા જાડેજા, ચેતના ચાવડા, ચેતન વૈષ્ણવ, મયુરી દવે, હરેશ મુંગરા, જીતુભાઈ ચૌધરી, બલરામભાઈ સોનૈયા, મનોજ રાઠોડ, અવિનાશ ગોંડલીયા, રવિ નડીયાપરા, ચેતન વૈષ્ણવ, ગોવિંદ રામાણી, વિજય દેવમુરારી, શિયાળ ભાવેશ, દિનેશ ગાંગાણી, તેજસ રાઠોડ, નયનભાઈ દંગી વગેરે સહિત સંસ્થાના દરેક દિવ્યાંગોએ પોતાની જવાબદારી સમજીને પોતને પોતાની રીતે જહેમત ઉઠાવી હતી.

# ચીકીની મીઠાશ અને પતંગોની રંગત સાથે બજારમાં ઉત્તરાયણનો ઉમંગ

## તહેવારપ્રિય રાજકોટવાસીઓ મકરસંક્રાંતિના પર્વને વધાવવા માટે આતુરઃ પતંગોથી આકાશ રંગાય તે પહેલાં શહેરના રસ્તાઓ પતંગ-દોરા અને ખાણી-પીણીની ચીજવસ્તુઓથી ઉભરાયા

**અબતક, રાજકોટ**

તહેવારપ્રિય રાજકોટવાસીઓ હવે મકરસંક્રાંતિના પર્વને વધાવવા માટે આતુર છે,ત્યારે શહેરના મુખ્ય બજારોમાં તહેવારનો માહોલ જામ્યો છે. આ વર્ષે મોંઘવારીના પ્રભાવ છતાં લોકોમાં પર્વને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પતંગોથી આકાશ રંગાય તે પહેલાં શહેરના રસ્તાઓ પતંગ-દોરા અને ખાણી-પીણીની ચીજવસ્તુઓથી ઉભરાઈ રહ્યા છે.શહેરના સદર બજાર, ધર્મેન્દ્ર રોડ, દાણાપીઠ અને રૈયા રોડ જેવા વિસ્તારોમાં પતંગોની અવનવી વેરાયટીઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. ઉતરાયણ એ સ્વાદનું પણ પર્વ છે. ગુંદાવાડી, પરા બજાર અને જયુબિલી બગીચા પાસે શેરડીના સાંઠા, તાજા લીલા ઝીંઝરા (ચણા) અને ખાટા-મીઠા ચણીયા બોરના ઢગલાઓ જોવા મળી રહ્યા છે. રાજકોટમાં આ વર્ષે ઉતરાયણનો અનોખો ક્રેઝ જોવા મળી રહ્યો છે. વર્ષે બજારમાં 'ઓપરેશન સિંદૂર' જેવી થીમ વાળી પતંગો અને કાર્ટૂન કેરેક્ટર્સ વાળી પતંગો બાળકોમાં લોકપ્રિય છે. લોકો હાથે દોરી ઘસાવવાને (માંજો પાવાને) વધુ પસંદ કરી રહ્યા છે.

રાત્રિ આકાશ માટે ફેન્સી તુક્કલ અને લાઈટિંગ વાળા પતંગોનું પણ આકર્ષણ જામ્યું છે. તલ અને મમરાના લાડુ તેમજ વિવિધ પ્રકારની ચીકી (સીંગ, તલ, ડ્રાયફ્રૂટ) ની ધૂમ ખરીદી થઈ રહી છે. ઉત્તરાયણના દિવસે ખાવા માટે અત્યારથી જ જાણીતા ફરસાણના વેપારીઓને ત્યાં ઓર્ડર બુક થવા લાગ્યા છે.રા.

પતંગબજારમાં રંગબેરંગી પતંગો અને ધારદાર દોરીની ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. રાજકોટમાં હવે માત્ર પતંગ જ નહીં, પણ 'નાઈટ માર્કેટ' ની સંસ્કૃતિ વધી છે. લોકો રાત્રે ચીકી, ઉમરેઠીયાની પ્રખ્યાત ચીકી અને મમરાના લાડુ ખાવા તેમજ પતંગની ખરીદી કરવા ફેમિલી સાથે નીકળે છે.

પ્રખ્યાત ચીકી, ગજક અને મમરાના લાડુ માટે મીઠાઈની દુકાનો પર ગ્રાહકોની લાંબી કતારો લાગી છે.

શેરડી અને ઝીંઝરાના વેચાણમાં પણ નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. ગલીઓમાં અત્યારથી જ ''કાયપો છે''અને ''લપેટ''ના નારાઓ ગુંજવા લાગ્યા છે. તેમજ લોકો હોંશે-હોંશે ખરીદી કરી રહ્યા છે, જે જોઈને નાના-મોટા તમામ વેપારીઓમાં આનંદની લાગણી છે.












તસવીરઃ શૈલેષ વાડોલિયા

# મોંઘવારી વચ્ચે પણ મકરસંક્રાંતિએ ઊંધિયું-ખીચડાની પરંપરા યથાવત

## શાકભાજીના ભાવ વધ્યા છતાં ઊંધિયુંની માંગ અકબંધ; સૌરાષ્ટ્રમાં ખીચડો રૂ. ૪૦૦ પ્રતિ કિલો, ઊંધિયું રૂ. ૩૮૦ પ્રતિ કિલો

**અબતક, રાજકોટ**

મકરસંક્રાંતિના પર્વમાં ઊંધિયું અને ખીચડોનું વિશેષ મહત્વ રહેલું છે. ઉત્તરાયણના દિવસે પતંગ ઉડાવતાં ઉડાવતાં પરિવારજનો અને મિત્રો સાથે ઊંધિયું અને ખીચડાનો સ્વાદ માણવાની પરંપરા વર્ષોથી ચાલી આવી છે. આ વર્ષે વધતી મોંઘવારીને કારણે પરંપરાગત વાનગીઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે, છતાં લોકોનો ઉત્સાહ યથાવત રહ્યો છે.



ઉત્તરાયણના પર્વને લઈ બજારોમાં ખરીદીની ચહલપહલ વધી ગઈ છે. ખાસ કરીને ઊંધિયું બનાવવામાં ઉપયોગમાં આવતાં રીંગણા, સૂરતી પાપડી, તુવેર, રતાળું, શક્કરિયા અને લીલા વટાણા જેવા શાકભાજીના ભાવ આ વર્ષે વધુ રહ્યા છે. શાકભાજીના ભાવમાં વધારાની સીધી અસર ઊંધિયાની કિંમત પર જોવા મળી રહી છે.મકરસંક્રાંતિના પર્વને લઈને સૌરાષ્ટ્રભરમાં ઉત્સાહનો માહોલ છવાયો છે. ઉત્તરાયણના આ પર્વે પતંગોત્સવ સાથે સાથે પરંપરાગત વાનગીઓનું વિશેષ મહત્વ રહેલું છે. ખાસ કરીને ઊંધિયું અને ખીચડો મકરસંક્રાંતિની ઓળખ બની ચૂક્યા છે. જોકે મોંઘવારી વચ્ચે પણ લોકો પરંપરા અને સ્વાદને મહત્વ આપી ઉજવણી કરી રહ્યા છે.અબતક સાથેની વાતચીતમાં શિવ શક્તિ ડેરીના જગદીશભાઈ અકબરીએ જણાવ્યું હતું કે દર વર્ષે મકરસંક્રાંતિ નિમિત્તે તેમના દ્વારા વિશાળ પ્રમાણમાં ઊંધિયું તૈયાર કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે,દર વર્ષે અમે મકરસંક્રાંતિએ આશરે ૮૦૦ કિલો ઊંધિયું બનાવીએ છીએ અને તેની માંગ એટલી વધુ રહે છે કે માત્ર બેથી ત્રણ કલાકમાં જ સમગ્ર ઊંધિયું વેચાઈ જાય છે.આ વર્ષે તૈયાર ઊંધિયું ગ્રાહકોને રૂ. ૩૮૦ પ્રતિ કિલોના દરે આપવામાં આવી રહ્યું છે.જગદીશભાઈએ વધુમાં જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં મકરસંક્રાંતિ દરમિયાન ખાસ લોકપ્રિય રહેતો પરંપરાગત ખીચડો પણ ભારે માંગમાં છે. મોંઘવારીના કારણે આ વર્ષે ખીચડાનો ભાવ રૂ. ૪૦૦ પ્રતિ કિલો રાખવામાં આવ્યો છે. તેમ છતાં પર્વના દિવસે પરંપરાગત સ્વાદ માણવા માટે લોકો વહેલી સવારથી જ દુકાનો પર ઉમટી પડે છે.ઉત્તરાયણના પર્વે આકાશમાં રંગબેરંગી પતંગો, ઘરોમાં ઊંધિયું અને ખીચડાની સુગંધ તથા બજારોમાં લોકોની ચહલપહલ સાથે મોંઘવારી વચ્ચે પણ પરંપરા અને ઉત્સાહ યથાવત જોવા મળી રહ્યો છે. મકરસંક્રાંતિનો પર્વ સૌરાષ્ટ્રમાં ફરી એકવાર સ્વાદ, સંસ્કૃતિ અને સંઘર્ષ વચ્ચેનો સુમેળ રજૂ કરે છે.

# રાજકોટ ડિવિઝનમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ પાંચ રેલ કર્મીઓને નવાજાયા

## રેલવે સુરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ઓમ પ્રકાશ મીના, નરેન્દ્રકુમાર બી સહિતના કર્મીઓને પ્રમાણ પત્ર આપી સન્માનીત કરાયા



**અબતક, રાજકોટ**

રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના ૫ કર્મચારીઓને રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) ગિરિરાજ કુમાર મીના દ્વારા ડીઆરએમ ઓફિસ, રાજકોટ સ્થિત કોન્ફરન્સ રૂમમાં પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજકોટ ડિવિઝનના ઇલેક્ટ્રિકલ (ટ્રેક્શન) વિભાગના કર્મચારીઓને આ એવોર્ડ સપ્ટેમ્બર અને નવેમ્બર ૨૦૨૫ ના મહિનામાં રેલવે સુરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આપવામાં આવ્યો છે.

સન્માનિત થનારા રેલવે કર્મચારીઓમાં ઓમપ્રકાશ મીના (આસિસ્ટન્ટ લોકો પાયલટ-ગુડ્સ, સુ.નગર), નરેન્દ્રકુમાર બી (લોકો પાયલટ-ગુડ્સ, હાપા), દિનેશ અગ્રવાલ (લોકો પાયલટ, ગુડ્સ,

(અનુ. આઠમા પાને)




રાજકોટ ઉપરનો કલંક કાલે હટશે?

# “કાંયપો જ છે”: કાલે ન્યુઝિલેન્ડને હરાવી રાજકોટમાં હારનું લેબલ ટીમ ઈન્ડિયા હટાવી દેશે?

## બેટસમેનોને યારી આપતી વિકેટ પર ટોસ જીતનારા કેપ્ટન પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લેશેઃ બન્ને ટીમોના ખેલાડીઓએ આકરી નેટ પ્રેકિટસ કરી

**વિરાટ કોહલી અને રોહિત શર્મા સૌરાષ્ટ્રના ક્રિકેટ પ્રેમીઓમાં સૌથી મોટું આકર્ષણનું કેન્દ્રઃ શુભમન ગીલ પણ ફોર્મમાં આવી જતા ભારત વધુ મજબુત**

**ઈજાગ્રસ્ત વોશિંગ્ટન સુંદરના સ્થાને ટીમમાં આયુષ બદોનીનો સમાવેશઃ જો કે પ્લેઈંગ ઈલેવનમાં ધ્રુવ ઝુરેલને તક મળે તેવી શકયતા**

# કિવિઝના ખેલાડીઓ એ ગ્રાઉન્ડ પર પરસેવો પાડ્યો

## શ્રેષ્ઠ ફોર્મ સાથે મેદાનમાં ઉતરવા બંને ટીમના ખેલાડીઓની આકરી નેટપ્રેક્ટિસ















તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

ભારત અને ન્યૂઝીલેન્ડની ક્રિકેટ ટીમોએ આવતીકાલે બીજા વન ડે સિરીઝ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. બંને ટીમોના ખેલાડીઓએ સઘન નેટ પ્રેક્ટિસ સેશન્સ હાથ ધર્યા છે.નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે પ્રેક્ટિસ સેશન્સમાં પહેલા ન્યૂઝીલેન્ડની ટીમે ત્યારબાદ ભારતીય ટીમના ખેલાડીઓએ નેટપ્રેક્ટિસ કરી હતી. તો બીજી તરફ ચાહકો રાજકોટમાં બીજો વન ડે શરૂથવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

ટોચના બેટ્સમેનોએ લાંબા સમયસુધી નેટ્સમાં બેટિંગ કરી હતી. બોલરો પણ પોતાની લાઇન-લેન્થ પર ધ્યાન કેન્દ્રિત કરતા નજરે પડ્યા હતા. ફિલ્ડિંગ ડ્રિલ્સ દરમિયાન કેચિંગ અને થ્રોઈંગમાં ચોકસાઈ વધારવા માટે ખાસ અભ્યાસ કરાયો હતો. ન્યૂઝીલેન્ડના બોલરો ભારતીય બેટ્સમેન સામે યોગ્ય રણનીતિ તૈયાર કરવા માટે નેટ્સમાં લાંબો પ્રેક્ટિસ કરતા જોવા મળ્યા છે. ક્રિકેટચાહકો માટે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ટક્કર હંમેશા રોમાંચક રહી છે.

બંને ટીમો સંતુલિત અને મજબૂત માનવામાં આવે છે, જેના કારણે મુકાબલો રોમાંચક બની શકે છે.

ન્યૂઝીલેન્ડની ટીમ બપોરે ૧.૩૦થી ૪ વાગ્યા સુધી અને ભારતીય ટીમ સાંજે ૫.૩૦ થી ૮ વાગ્યા સુધી નેટ પ્રેક્ટિસ કરી હતી. આ વન-ડે મેચ ડે-નાઈટ રહેવાનો છે.આથી સૌરાષ્ટ્રભરના પતંગ અને ક્રિકેટપ્રેમીઓ મોટી સંખ્યામાં ઊમટી પડશે અને બન્નેની મજા લઈ શકશે.

### ન્યુઝીલેન્ડની ટીમ ૨૭ વર્ષ બાદ રાજકોટમાં વન-ડે રમશે

નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે આવતીકાલે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ત્રણ વન-ડે મેચની શ્રેણીનો બીજો વન-ડે મેચ રમાશે. બન્ને ટીમો વચ્ચે રાજકોટમાં ૨૭ વર્ષના લાંબા અંતરાલ બાદ વન-ડે મેચ રમાશે બન્ને ટીમો વચ્ચે ૫ નવેમ્બર ૧૯૯૯ના રોજ રેસકોર્સ સ્થિત રાજકોટ મહાનગર પાલિકાના માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે વન-ડે મેચ રમાયો હતો જેમાં ન્યુઝીલેન્ડની ટીમનો ૪૩ રને વિજય થયો હતો.





### બપોરે ૧ વાગ્યે ટોસ ઉછાળાશેઃ ૧:૩૦ કલાકે પહેલો બોલ ફેંકાશેઃ પ્રેક્ષકોને ૧૦:૩૦ કલાકથી મેદાનમાં પ્રવેશ આપવાનું શરૂ કરાશે

**અબતક, રાજકોટ**

રાજકોટના ખંઢેરી સ્થિત નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આવતીકાલે ઉત્તરાયણના દિવસે યજમાન ભારત અને મહેમાન ન્યુઝીલેન્ડની ટીમ વચ્ચે ત્રણ વન-ડે મેચની શ્રેણીનો બીજો વન-ડે મેચ રમાશે. વડોદરા ખાતે રમાયેલા પ્રથમ વન-ડેમાં ભારતે જીત મેળવી હતી. હવે રાજકોટમાં ટીમ ઈન્ડિયા શ્રેણી અંકે કરવાના બુલંદ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. પ્રથમ વન-ડેમાં બોલીંગ કરતી વેળાએ ઈજાગ્રસ્ત બનેલા ઓલ રાઉન્ડર વોશીંગ્ટન સુંદરના સ્થાને ટીમમાં આક્રમક બેટસમેન આયુષ બદોનીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે પ્લેઈંગ ઈલેવનમાં ધ્રુવ જુરેલનો સમાવેશ કરવામાં આવે તેવી શકયતા જણાય રહી છે. આજે બન્ને ટીમોએ આકરી નેટ પ્રેકટીસ કરી હતી.

રાજકોટમાં ૨૭ વર્ષના લાંબા અંતરાલ બાદ બન્ને ટીમો વચ્ચે વન-ડે મેચ રમાશે.

વડોદરા ખાતે પ્રથમ વન-ડે મેચ રમ્યા બાદ ગઈકાલે બપોરે બન્ને ટીમોનું ચાર્ટડ ફલાઈટમાં રાજકોટ ખાતે આગમન થયું હતું. ટીમ (અનું.આઠમાં પાને)

### નિરંજન શાહ મેદાન પર ભારત એક જ વન-ડે જીત્યું છે

#### ઈગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સામે ભારતની હાર થઈ છે

ખંઢેરી સ્થિત સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે અત્યાર સુધીમાં કુલ ચાર વન-ડે મેચ રમાય છે.આવતીકાલે પાંચમી વન-ડે મેચનું સાક્ષી બનશે આ મેદાન ચાર પૈકી ભારતનો માત્ર એક જ વન-ડેમાં વિજય થયો છે. ખંઢેરીમાં પ્રથમ વન-ડે ૧૧ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ રમાયો હતો જેમાં ઈગ્લેન્ડનો ૯ રને વિજય થયો હતો. બીજો વન-ડે મેચ ૧૮ ઓકટોબર ૨૦૧૫ના રોજ રમાયો હતો. જેમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને ૧૮ રને હરાવ્યું હતું. ૧૭ જાન્યુઆરી-૨૦૨૦ ના રોજ ઓસ્ટ્રેલીયા સામેના વન-ડેમાં ભારતનો ૩૬ રને વિજય થયો હતો. જયારે ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ રમાયેલા ચોથા વન-ડેમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૬૬ રને હરાવ્યું હતું. નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ભારતની સફળતાની ટકાવારી વન-ડેમાં માત્ર ૨૫ ટકા જેવી છે.

| ટીમ ઈન્ડિયા | ન્યુઝીલેન્ડની ટીમ |
|---|---|
| * સુભમન ગીલ (સુકાની) | * મિચેલ બ્રેસવેલ (કેપ્ટન) |
| * શ્રેયાસ અય્યર | * આદિવ્ય અશોક |
| * અર્ષદીપ સિંગ | * ક્રિસ્ટ્રીયન કલાર્ક |
| * આયુષ બદોની | * જોશ કલાર્કસન |
| * હર્ષિત રાણા | * ડેવોન કોન્વોય |
| * રવિન્દ્ર જાડેજા | * ઝાક ફલોકર્સ |
| * યશસ્વી જયસ્વાલ | * મિચેલ હાય |
| * ધ્રુવ જુરેલ | * કયાલ જેમીસન |
| * રોહિત શર્મા | * નિક કેલી |
| * વિરાટ કોહલી | * જયડેન લેનોક્ષ |
| * કુલદિપ યાદવ | * ડાયેલ મિચેલ |
| * મોહમદ સિરાઝ | * હેન્ટી નિકોલસ |
| *નીતીથ કુમાર રેડ્ડી | * ગ્લેન ફિલીયસ |
| * પ્રસિધ્ધ ક્રિષ્ના | * મિચેલ રે |
| * કે.એલ. રાહુલ | * વીલ ચંગ |

# વન ડે મેચને લઈ ૭૦૦થી વધુ પોલીસ જવાનો ખડેપગે

## રેન્જના વડા અશોકકુમાર યાદવ અને એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ ૪૦૦થી વધુ હોમગાર્ડ જવાનો બંદોબસ્ત તૈનાત રહેશે

### ક્રિકેટ મેચ જોવા આવતા પ્રેક્ષકોને માટે ગાઈડ લાઈન

મેમ્બર પાસ અને ટીમને મેઈન ગેઈટથી ,મીડીયા, ઓર્ગેનાઈઝર માટે આઉટર ગેઈટ નં-૦૩ થી, ઈસ્ટ સ્ટેન્ડ અને વેસ્ટ સ્ટેન્ડના દર્શકો માટે આઉટર ગેઈટ નં-૦૪થી ,સ્ટેડીયમની અંદર બેગ, ટીફીન, બીડી, માચીસ, લાઈટર, કેમેરો, વિડીયો કેમેરા, લાકડી, હથિયાર અંદર લઈ જઈ શકશે નહીં. શંકાસ્પદ વસ્તુ નજરે પડે તો પોલીસ ઓફીસરોને જાણ કરવી.વાહનો નિયત પાર્કીંગમાં જ પાર્ક કરવા.સ્ટેડીયમમાં એકવાર પ્રવેશ કર્યા બાદ બહાર નિકળશો તો ફરી પ્રવેશી શકાશે નહી જો તમારે કોઈ સમસ્યા હોય તો પોલીસ ઓફીસરનો સંપર્ક કરો અથવા મેઈન એન્ટ્રી ગેઈટ ખાતે ‘‘પોલીસ સહાયતા કેન્દ્ર’ ખોલવામાં આવેલ છે. જેથી તમારી સમસ્યા ગભરાયા વગર પોલીસ ઓફીસરને જણાવી શકો છો.



**અબતક રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા ખંઢેરી સ્થિત નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડીયમ ખાતે આવતીકાલે મકરસંક્રાંતિ ના પર્વે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે બીજો ઈન્ટરનેશનલ વન-ડે મેચમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા ફાળવવામાં માટે રાજકોટ ગ્રામ્ય પોલીસ વડા વિજયસિંહ ગુર્જર ગુર્જર દ્વારા પત્રકારોને માહિતી આપવી હતી.વધુ વિગત મુજબ શહેરના જામનગર રોડ પર આવેલા ખંઢેરી સ્થિત નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડીયમ ખાતે રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ગોઠવાયો ચુસ્ત પોલીસ બદોબસ્ત રાજકોટ રેન્જના વડા અશોક કુમારની સુચના અને માર્ગદર્શન આધારે રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર તા.૧૪/૦૧/૨૦૨૬ ના રોજ ભારત તથા ન્યુઝીલેન્ડ વચ્ચે આંતરરાષ્ટ્રીય વન-ડે ક્રિકેટ મેચ રમાનાર છે. મેચ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ટ્રાફિક નિયમન માટે પોલીસનો બંદોબસ્ત ફાળવવામાં આવે જે અન્વય એ.એસ.પી-૦૩,ડી.વાય.એસ.પી-૦૪,પી.આઇ-૧૪, પી.એસ.આઇ ૪૨, પોલીસ કર્મચારી-૭૦૦,ટ્રાફીક પોલીસ-૩૮ ,ટી.આર.બી. તથા જી.આર.ડીના સભ્યો-મળી કુલ ૪૦૦, ૧૦૦ પોલીસ બોડીવોર્ન કેમેરા સાથેબી.ડી.ડી.એસ.ની ટીમ, ડોગ સ્કોડ સાથે સતત સ્ટેડીયમનુ ચેકીંગ કરશે આ સ્ટેડીયમમાં એન્ટી ડ્રોન સીસ્ટમ તથા બે ડ્રોન કેમેરાનો મેચ દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવશે તેમજ ત્રણ વોચ ટાવર તથા સી.સી.ટી.વી સર્વેલન્સ ટીમ સતત કાર્યરત રહેશે.

મેચ દરમ્યાન સંપૂર્ણ સ્ટેડીયમ, પાર્કીંગ તથા આજુ-બાજુનો રોડ સી.સી.ટી.વી. સર્વેલન્સ આવેલ (અનું.આઠમાં પાને)

### સ્ટેડિયમમાં પ્રવેશ કરવાનો સમયઃ ૧૦:૩૦ કલાકથી, ૨ પાર્કિંગ વ્યવસ્થા

મેચ દરમ્યાન પેક્ષકોને વાહન પાર્ક કરવા માટે ૭ પાર્કિંગની વ્યવસ્થા ખંઢેરી ગ્રામપંચાયત સાથે સમન્વય કરી રાખવામાં આવેલ છે.જે પાર્કીંગમાં ૫૦૦૦ કાર અને ૫૦૦૦ ટુ-વ્હિલ પાર્ક થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે જેથી પ્રેક્ષકોને સુચન કરવામાં આવે છે કે આપના વાહન ઉપરોકત પાર્કિંગમાં જ પાર્ક કરવા.જે લોકોને સાઉથ એન્ટ્રી ગેટમાં કાર પાર્કીંગનો પાસ મળેલ છે તેઓએ મેઈન એન્ટ્રી ગેઈટ-૧ ઉપર થી પ્રવેશ મેળવી અને સ્ટેડીયમ પાસેથી ડાબી બાજુ વળી ત્યાંના પાર્કીંગમાં વાહન પાર્ક કરવાનુ રહેશે જે લોકોને ઈસ્ટ પાર્કિંગનો પાસ મળેલ છે તેઓએ શિવ શકિત હોટલથી યુ-ટર્ન લઈ આઉટર મિડીયા ગેઈટ નં.-૩ થી પ્રવેશ મેળવી સ્ટેડીયમ પાસેથી ડાબી બાજુ વળી ત્યાંના પાર્કીંગમાં વાહન પાર્ક કરવાનું રહેશે

### રાજકોટ અને જામનગર તરફથી આવતા ભારે વાહનો કાલે સવારે ૧૦ થી રાત્રિના ૧૨ કલાક સુધી ડ્રાઈવર્ટ

ખંઢેરી ક્રિકેટ સ્ટેડીયમ નજીક હાઈવે રોડ પસાર થતો હોય અને ક્રિકેટ મેચ ના કારણે ટ્રાફીક જામ થવાની સંભાવના હોય જેથી ટ્રાફીક નિયમન માટે તા.૧૪/૦૧/૨૦૨૬ ના કલાક ૧૦/૦૦ થી ૨૪/૦૦ વાગ્યા સુધી જામનગર થી રાજકોટ તરફ આવતા ભારે વાહનોને પડધરી મોવૈયા સર્કલ થી ડાયવર્જન આપી, જે વાહનોને પડધરી- નેકનામ - મિતાણા થઈ રાજકોટ તરફ આવવા માટે ડ્રાઈવર્ટ કરવામાં આવેલ છે.રાજકોટ થી જામનગર જતા વાહનોને રાજકોટ માધાપર ચોકડી થી મોરબી રોડ-મિતાણા થઈ જામનગર, ધોલ તરફ ડાઈવર્ટ કરવા જીલ્લા મેજીસ્ટ્રેટ રાજકોટ દ્વારા જાહેરન કરવામા આવેલ છે. જેની તમામ વાહન ચાલકોએ નોંધ લેવી. પાર્કિંગ સીવાય રોડ ઉપર કે હોટલ કે અન્ય કોઈ ખાનગી જગ્યામાં વાહનો પાર્ક કર કોઈ જગ્યાએ આવી રીતે અનઅધિકૃત પાર્કિંગ ના કારણે રોડ ઉપર ટ્રાફીક જામ થશે તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# આત્મીય યુનિવર્સિટી માટે ગૌરવમય ક્ષણ વિશ્વસ્તરીય ઈન્સ્ટિટ્યૂશન ઓફ હેપીનેસ એવોર્ડ અર્પણ કરાયો




**અબતક,રાજકોટ**

આધુનિક તણાવભર્યા વાતાવરણમાં આત્મીય યુનિવર્સિટી કેમ્પસમાં માત્ર શિક્ષણ જ નહીં, સર્વે ભવન્તુ સુખિનઃમ સૂત્રને ધ્યાનમાં લઈને શરીર, મન, અને આત્માને સ્પર્શ કરતી અનેકવિધ પ્રવૃતિઓ પણ કરાવાય છે. આ વર્ષની વૈશ્વિક હેપ્પીનેસ થીમ ‘‘માનવ-કેન્દ્રિત કેમ્પસ દ્વારા ભારતીય શિક્ષણમાં સુખાકારીની પુનઃકલ્પના‘‘, ભાવનાત્મક સુખાકારી, સંસ્થાકીય સુખ અને સર્વાંગી વિકાસને ટેકો આપતા શૈક્ષણિક વાતાવરણ બનાવવા પર ભાર મુક્યો છે. જે આત્મીય યુનિવર્સિટી કેમ્પસના શૈક્ષણિક વાતાવરણથી ઘણી જ સુસંગત જણાય છે.

કયુએસએ યુકે સ્થિત એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જે વિશ્વભરની યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન અને રેન્કિંગ જાહેર કરે છે. આ વર્ષે આ ઈન્સ્ટિટ્યૂશનમાં ૫ લાખથી વધુ હિસ્સેદારોની ભાગીદારી, એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ હતી. જે સામૂહિક દૃષ્ટિએ ભારતીય ઉચ્ચ શિક્ષણમાં ખુશી અને સુખાકારી પરની સૌથી વ્યાપકતા દર્શાવે છે, જેમાં આ વર્ષના ઈન્ટંટ ઓફ હેપીનેશ મૂલ્યાંકનમાં કયુએસએ આત્મીય કેમ્પસના શૈક્ષણિક વાતાવરણથી પ્રભાવિત થઈને આત્મીય યુનિવર્સિટીની વિશ્વસ્તરીય નોંધ લીધી છે અને આત્મીય યુનિવર્સિટીને ઈન્સ્ટિટયુટઓફ હેપીનેશ એવોર્ડ પ્રદાન કર્યો છે.

આત્મીય યુનિવર્સિટીમાં ચલાવાતા જીવન વિદ્યા અભ્યાસક્રમ નો ઉદ્દેશ્ય નિરંતર સુખની કામના થકી અહીંના વિદ્યાર્થીઓ અને સમાજમાં હેપ્પીનેસ પ્રસ્થાપિત કરવાનું કાર્ય કર્યું છે.

માત્ર અધ્યાપન અને સંશોધન જ નહીં, ‘પેપર રિસાયકલિંગ યુનિટ’ -, ‘એગ્રી વેસ્ટ ટુ વેલ્થ પ્રોજેક્ટ્સ’, ‘કન્સયુમર કેમિકલ’ - તથા ‘ટેરેસ ગાર્ડનિંગ’- વગેરે સસ્ટેનેબલ ડેવલોપમેન્ટના નાં પ્રકલ્પો દ્વારા તેમજ આત્મીય કેમ્પસનું ધાર્મિક વાતાવરણ, અવારનવાર યોજાતી શૈક્ષણિક શિબિરો તથા સામાજિક શિબિરો તેમજ સામાજિક મેળાવડાઓ, કેમ્પસમાં ગૌશાળા, રમત માટેનું મેદાન, યોગા સેન્ટર, જિમ્નેશિયમ, આત્મીય હોબી સેન્ટર, સ્કિલ સેન્ટર, આત્મીય ઈનોવેશન ફાઉન્ડેશન, કેમ્પસમાં ઈલેક્ટ્રીક સ્કૂટર ચાર્જિંગ સ્ટેશન, અહીંની અત્યાધુનિક લાઈબ્રેરી, કાફે એરિયા વગેરે કાર્યોએ અહીંના વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં હેપ્પીનેસ પ્રદાન કરી છે. શિક્ષણમાં રોમાંચકતા, રસપ્રદતા તેમજ અભ્યાસમાં એકરૂપતા તેમજ સમગ્ર મૂલ્યાંકન અને પરીક્ષણના માપદંડોના આધારે આત્મીય યુનિવર્સિટીને QS I-GUAGE સંસ્થાએ વિશ્વસ્તરીય ઈન્સ્ટિયુટ ઓફ હેપીનેશ ૨૦૨૫ એવોર્ડ પ્રદાન કર્યો છે.

આત્મીય યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ સાથે આત્મીય યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર ડો. શીલા રામચંદ્રન, વાઈસ ચાન્સેલર ડો. રાકેશકુમાર મુદગલ,, રજીસ્ટ્રાર ડો. ડી.ડી.વ્યાસ, તેમજ સેન્ટર ફોર ટોટલ ક્વોલિટી મેનેજમેન્ટ (CTQM) ના ડાઈરેકટર ડો. રવિ ટાંક અને CVMS સેલ (ચેતના વિકાસ મુલ્ય શિક્ષા) ના માર્ગદર્શન હેઠળ આત્મીય યુનિવર્સિટીએ આ વૈશ્વિક પ્રતિબધ્ધતા હાંસલ કરી છે.

# ચમત્કારીક હનુમાન મંદિરે શીવ પૂજન, યજ્ઞ અને આરતીમાં ભાગ લેતા મંત્રી ત્રિકમભાઈ છાંગા





**અબતક,રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તા. ૭ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન સોમનાથ સ્વાભિમાન પર્વ-૨૦૨૬ અંતર્ગત સોમનાથ મંદિર સહિત સમગ્ર રાજયમાં મોટા શીવ મંદિરો ખાતે સતત ૭૨ કલાક સુધી શીવ પૂજા, આરતી અને મંત્રોચ્ચારના ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજીની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની સુચના અન્વયે રાજકોટ મહાનગરમાં પણ સોમનાથ સ્વાભિમાન પર્વ-૨૦૨૬ ની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણીઓ શરૂ કરવામાં આવી છે.

જે અન્વયે આજથી રાજકોટ મહાનગરના વિધાનસભા આવેલ મુખ્ય મંદિરોમાં ૭૨ કલાકના શીવ પૂજા, યજ્ઞ, આરતી અને મંત્રોચ્ચારના ધાર્મિક કાર્યક્રમો શરૂ થઈ ગયા છે. જેમાં મુખ્યત્વે પંચનાથ મહાદેવ મંદિર, ચમત્કારી હનુમાન મંદિર, લાખેશ્વર મહાદેવ મંદિર અને નટેશ્વર મહાદેવ મંદિર ખાતે રાજકોટ મહાનગર દ્વારા ૭૨ કલાક સતત ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જે અંતર્ગત ચમત્કારિક હનુમાન મંદિર ખાતે રાજયકક્ષાના શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ છાંગા, રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, મેયર નયનાબેન પેઢડીયા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક નેતા મનીષભાઈ રાડીયા, શહેર ઉપપ્રમુખ રાજદિપસીંહ જાડેજા, શહેર મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માકડીયા, સહિત રાજકોટ શહેર સંગઠનના હોદ્દેદારો અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રધ્ધાળુઓની ઉપસ્થિતિમાં ચમત્કારિક હનુમાન મંદિર ખાતે યજ્ઞ માં શીવની આહુતિ, સમૂહ આરતી, સમૂહ મંત્રોચ્ચાર કરવાનો ૭૨ કલાકનો ધાર્મિક કાર્યક્રમ ભગવાન ભોળાનાથની ભકિતનો પ્રારંભ કરવામાં આવ્યો હતો આ ધાર્મિક કાર્યક્રમમાં રાજકોટ શહેર હોદ્દેદારો, વિવિધ મોરચાના આગેવાનો, વોર્ડના હોદ્દેદારો, કોર્પોરેટરશ્રીઓ સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરીજનોને મકરસંક્રાંતિ પર્વની શુભેચ્છા પાઠવતા મનપાના પદાધિકારીઓ

## શહેરીજનોને ચાઈનીઝ દોરી તેમજ વીજ તારાથી દુર રહેવા અને પુરી સાવચેતી સાથે મકરસંક્રાંતિ પર્વ ઉજવવા અપીલ

**અબતક રાજકોટ**

મહાનગરપાલિકાના પદાધિકારીઓ મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા શહેરીજનોને મકરસંક્રાંતિ પર્વની શુભેચ્છા પાઠવતા જણાવે છે કે, સમગ્ર ભારત વર્ષમાં મકરસંક્રાંતિ પર્વ અનેકવિધ રીતે ઉજવાય છે. ગુજરાતમાં મકરસંક્રાંતિને ઉતરાયણ કહેવાય છે. મહારાષ્ટ્રમાંમકરસંક્રાંતિ, પંજાબ-હરિયાણામાં લોરી, તામિલનાડુમાં પોંગલ, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં સંક્રાંતિ તરીકે ઓળખાય છે. સંક્રાંતિ એટલે ગતિ, એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં પ્રવેશ કરવો તે. આ દિવસે સૂર્ય ધનરાશિમાંથી વિદાય લઈ મકર રાશિમાં પ્રવેશ કરે છે એટલે મકરસંક્રાંતિ તરીકે ઓળખાય છે. આ દિવસથી સૂર્ય ઉત્તર તરફ સહેજ ગતિ કરે છે. ઉત્તર તરફ નમે છે. એટલે ઉત્તરાયણ પણ કહેવાય છે.

આ ઉત્સવમાં લોકો આકાશમાં અવનવી, રંગબેરંગી પતંગ ચડાવે છે. પતંગોત્સવ એવો શુભ સંદેશ આપે છે કે ભગવાન સુધી પહોંચવા જ્ઞાન અને ભક્તિરૂપી ઊંચાઈ પ્રાપ્ત કરવાથી તો ચડતા પતંગની માફક પ્રભુ પાસે જરૂર પહોંચી શકાય છે.આ ઉત્સવમાંલોકો પતંગની સાથે જલેબી-ઊંધિયું, લીલવાની કચોરી, ચોળાફળી, તલની ચિક્કી, સિંગની ચિક્કી, ડાયફ્રૂટ્સની ચિક્કી, તલના લાડું, ચણીબોર, મોટા બોર, જામફળ, સફરજન અને ચોકલેટ સાથે ગરમાગરમ પૂરી શાક વગેરે ખાણીપીણીની મોજ માણે છે. મકરસંક્રાંતિના દિવસે દાન કરવાનો ખૂબ જ મહિમા છે.

રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયાએ શહેરીજનોનેઆ ઉત્સવની મોજ, મસ્તી અને માહાત્મ્ય સાથે આકાશમાં અવનવી-રંગબેરંગી પતંગ ચડાવતી વખતે ચાઈનીઝ દોરી તથા તુક્કલ ઉપયોગ ન કરીએ, વિજ તારથી દૂર રહીએ, અગાસી પર કુદાકુદ નકરીએ, કપાયેલ પતંગ પકડવા માટે દોટ ન કરીએ, અગાસી પર સાથે રહેલ નાના બાળકોનું ખાસ ધ્યાન રાખીએ, આ દિવસે ઘરની બહાર નીકળતી વખતે પતંગની દોરીથી ઈજા ન થાય તે માટે કપડાથી પોતાનું મો તથા ગળું ઢાંકીને નીકળીએ, પતંગની દોરીથી ઘવાયેલા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળે તે માટે એનિમલ હેલ્પલાઈનને તાત્કાલિક જાણ કરીએ જેવી ખાસ તકેદારી રાખવા અપીલ કરેલ છે

# સેબી દ્વારા શુક્રવારે ટેલિફોન સેવાઓની સમસ્યા અંગે સેમિનાર

## સેમીનારનું સંચાલન માજી સાંસદ રમાબેન માવાણી દ્વારા કરવામાં આવેલ છે



**અબતક, રાજકોટ**

સીકયુરીટીઝ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) મુંબઈ તથા રાજકોટ શહેર - જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા તા. ૧૬ ને શુક્રવારે સવારે ૧૦ કલાકે ગર્વમેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આઈ.ટી.આઈ. કેમ્પસ, રાપર (જી. કચ્છ) મુકામે ટેલીફોન ધારકોની જાગૃતિ માટે સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે.

સેમીનારમાં ટેલીફોન સેવા આપનાર સેવા પ્રદાતા બી.એસ.એન.એલ, વોડાફોન, આઈડીયા, એરટેલ, જીયો વિગેરેના પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહેનાર છે. આ સેમીનારમાં ઉપસ્થિત રહેનાર શ્રોતાઓને ટેલીફોન સેવાને લગતી કોઈ સમસ્યા કે પ્રશ્ન હોય તો સેમીનારમાં માર્ગદર્શન આપવામાં આવશે.

આ સેમીનારનું સંચાલન રમાબેન માવાણી માજી સાંસદ સદસ્યા તથા સ્થાનીક લેવલે બળવંતભાઈ ઠકકર, તથા પાર્થિવ ચૌધરી પ્રિન્સીપાલ ગર્વમેન્ટ આર્ટસ એન્ડ કોમસ કોલેજ રાપર વ્યવસ્થા સંભાળેલ છે.

# મનરેગા બચાવો આંદોલનની લડતને રાજ્યવ્યાપી બનાવવાનું કોંગ્રેસના નિદત બારોટનું એલાન

## જુનાગઢ કોંગ્રેસ ભવન ખાતેથી કોંગ્રેસ પ્રવકતાએ લડતનું બ્યુગલ ફુંકયું



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ કોંગ્રેસ ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા નિદત બારોટે રોજગારીનો અધિકાર આપતો મનરેગા કાયદામાં ખોટા ફેરફાર કરી નબળો પાડવાની ભ્રષ્ટનીતિ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં અને ગુજરાતમાં દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો મનરેગાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની કાવતરું છે. અમો વીબી-ગ્રામ-જી કાયદાની કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ. નવો કાયદાનો સુધારો ભારત દેશ અને ગુજરાતના ગ્રામીણ ગરીબો, ખેડૂતો, ભૂમિહીન મજૂરો, મહિલા કામદારો, દલિત અને આદિવાસી સમુદાયો સાથે દગો છે. દુષ્કાળ, પૂર, આદિવાસી વિસ્તાર, શ્રમિકો માટે આર્થિક મુશ્કેલીઓમાં મનરેગાને જીવનરેખા સમાન હતી. કોંગ્રેસે આ કાયદાના સુધારા વિરુદ્ધ દેશવ્યાપી ‘મનરેગા બચાઓ’ કાર્યકમની ઘોષણા કરી છે.આ નવો કાયદો મનરેગાને ખતમ કરવાનું કાવતરું છે અને તેને તાત્કાલિક પાછો ખેંચીને મનરેગાને અધિકાર આધારિત કાનૂન તરીકે પુનઃસ્થાપિત કરવો જોઈએ. નવા કાયદામાં ‘વીબી’નો અર્થ ‘વિકસિત ભારત’ નહીં પરંતુ ‘વિનાશ ભારત’ છે અને ‘જી’નો અર્થ ‘કેન્દ્રીકરણની ગેરંટી’ છે. જેમાં રાજ્ય સરકારોની સંમતિ વિના ૬૦:૪૦ ફંડિંગ રેશિયો નક્કી કરવો એ બંધારણના અનુચ્છેદ ૨૫૮નું ઉલ્લંઘન છે અને આ કાયદાની વૈધતાને ન્યાયાલયમાં પડકારવામાં આવશે. મનરેગા ૨૦૦૫માં સર્વસંમતિથી પસાર થયો હતો, જેનો ઠરાવ સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યો હતો. અને તે સમયે સમિતિના અધ્યક્ષ ભાજપના કલ્યાણસિંહ હતા. તેમની ભલામણો સ્વીકારીને જ કાયદો અમલમાં મૂકાયો હતો. પરંતુ બીજેપીએ તેને જ નાબૂદ કરી દીધો છે. તેમ નિદત બારોટે જણાવ્યું હતું.

નવા કાયદા પ્રમાણે ’રોજગાર’ હવે અધિકાર નથી, સરકારની મરજી પર નિર્ભર થઈ ગયો છે. ગ્રામ સભા અને પંચાયતોની સત્તા છીનવી લઈને બધું નિર્ણય દિલ્હીમાં કેન્દ્રિત કરી દીધું છે પંચાયતો માત્ર ક્લાર્ક બની જશે. બજેટની મર્યાદા અને નોર્મેટિવ એલોકેશનને કારણે ફંડ ખતમ થતાં કામ બંધ થઈ જશે. મોઘવારી સાથે જોડાયેલી નિશ્ચિત મજૂરી ખતમ કરી દીધી છે.

‘મનરેગા બચાવો આંદોલન’ દિલ્હી-કેન્દ્રિત નહીં, પરંતુ પંચાયત, બ્લોક, જિલ્લા અને રાજ્ય સ્તરે લડવામાં આવશે. સમગ્ર દેશ અને ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ ગ્રામીણ જનતાની સાથે ખભે ખભો મિલાવીને લડીશું. કોંગ્રેસ પક્ષની માંગ છે કે, કામના અધિકાર અને પંચાયતી રાજનું રક્ષણ કરવામાં આવે. મનરેગા એ દાન નથી પરંતુ બંધારણીય અધિકાર છે. અને કોંગ્રેસ ગરીબો-શ્રમિકો માટે મક્કમતાથી કેન્દ્ર સરકારની નિતિ સામે લડશે તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા નિદત બારોટે અંતમાં જણાવાયું હતું.

# બજરંગ ગ્રુપ દ્વારા જરૂરીયાત મંદોને ચીકીનું વિતરણ

**અબતક, રાજકોટ**

મકરસંક્રાંતિના પવિત્ર પર્વ નીમીતે ગરેડીયા કુવા રોડ, પંચમુખી હનુમાનજીની ડેરી પાસે, આવેલ બજરંગ ગ્રુપના કાર્યાલય ખાતે સંસ્થાના શુભેચ્છકો તેમજ મુખ્ય મનોરથી હરેશભાઈ સાહોલીયા બાલાભાઈ તથા વશરામભાઈ ભરવાડ (રામનાથપરા), રસીકભાઈ ધોળકીયા, દુર્લભજીભાઈ તન્ના, પંચમુખી હનુમાનજી ડેરીના પૂજારી જીકાભાઈ ભગત તથા બજરંગ ગ્રુપના પાયાના કાર્યકરો સંસ્થાપક કિશોરભાઈ કારીયા, પ્રમુખ હસુભાઈ ગણાત્રા પ્રોજેક્ટ ચેરમેન જતીનભાઈ ભીંડોરા, ખજાનચી દિનેશભાઈ તન્ના, ઠકરાર બંધુ ચદ્રકાંતભાઈ (દિલુભાઈ) વિગેરે આર્થિક સહયોગથી ચીકી (મગફળી તલપાક) તથા મમરાના લાડુના પેકેટીનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. આ વિતરણ કાર્યને જબરો પ્રતિસાદ મળતા લાંબી કતારમાં લાભાર્થીઓ ઉભા રહી શિસ્તબંધ રીતે આસેવાનો લાભ લીધો હતો. બજરંગ ગ્રુપ આવા કાર્યો પ્રત્યે આગળ ઉપર પણ કટીબધ્ધ રહેશે.

## જલારામ ભકિતધામ ટ્રસ્ટ દ્વારા

# સિનીયર સિટીઝનો માટે ટોકન દરે યાત્રા પ્રવાસ

**અબતક, રાજકોટ**

જલારામ ભકિતધામ ટ્રસ્ટ આયોજીત ગુજરાત સરકારની પવિત્ર યાત્રા વિકાસ બોર્ડ ગાંધીનગરના આથિંક સહયોગથી ગુજરાતના કોઈપણ ગામમાં વસ્તા સીનીયર સીટીઝન ભાઈઓ તથા બહેનો માટે ત્રણ દિવસ અને બે રાત્રીનો યાત્રા પ્રવાસનું આયોજન થઈ રહ્યું છે. રાજકોટ થી દ્વારકા, બેટ દ્વારકા, નાગેશ્વર, સોમનાથ, પરબવાવડી તથા મઢડા ખોડલધામ, વિરપુર થઈ રાજકોટનું આયોજન કરવામાં આવ્યું છે. માત્ર ૨૫ ટકા એમ ભરવાની છે. ૭૫ ટકા સહકારી સહાય છે અત્યારે માત્ર આધાર કાં તથા જે ખાતામાં ૩૦૦ રૂ. ની સહાય લેવાની હોય તે પાસબુકના પેલા પાનાની ઝેરોક્ષ બન્નેમાં સહીત્યા પર મોબાઈલ નંબર લખી ટ્રસ્ટની ઓફીસે પહોચાડવાની રહેશે. સરકારમાંથી ફાઈલ ઓકે થયા બાદ તારીખ નકકી થયા બાદ યાત્રાનું પે ફિ ભરવાની રહેશે. જેની અનુકુળ તારીખ ના હોય તેની ફી લેવાયામાં આવશે નહી. એક વ્યકિતની ફિ ૧ હજાર રહેશે જેમાં રૂ. ૩૦૦ પરત મળશે રહેવા જમવાનું પોતાની રીતે રહેશે માત્ર ૫૬ યાત્રાળુની આ યોજનામાં જુજ સીટ બાકી છે. વહેલો તે પહેલાના ધોરણે નામ લખવામાં આવે છે. આધાર કાર્ડની ઝેરોક્ષ નીચેના એડ્રેસ પર મોકલી આપશો.

શ્રી જલારામ ભકિતધામ ટ્રસ્ટ શ્રીમદ્દ ભવન ત્રીજો માળ ઓફીસ ન. ૯૫ એસ.એફ. કાંતા સ્ત્રી વિકાસ ગૃહની સામે ઢેબર રોડ રાજકોટ વધુ વિગત માટે મો. નં. ૯૮૨૫૩ ૫૦૫૪૬ પર સંપર્ક સાધવો.

# રેલવે મજદૂર સંઘ દ્વારા યુવા દિવસની શાનદાર ઉજવણી

## ડીઆરએમ ગિરીરાજકુમાર મીના, જીએસ આરજી કાબર, પ્રેસીડેન્ટ હિરેન મહેતા, ડો.અનામિક શાહ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા




**અબતક, રાજકોટ**

હિરેન મહેતા પ્રેસિડેન્ટ વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘ દ્વારા સ્વામી વિવેકાનંદજીની યાદમાં ઉજવાતો વિશ્વ યુવા દિવસ નિમિત્તે વેસ્ટન રેલવે મજદૂર સંઘ રાજકોટ દ્વારા યુવા રેલ કરમી સંગોષ્ઠિ નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં અઢીસોથી વધારે યુવા રેલ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહેમાનો ડીઆરએમ ગીરીરાજકુમાર મીના, એ ડી આર એમ કૌશલકુમાર ચૌબે, જનરલ સેક્રેટરી અરજી કાબરજી પ્રેસિડેન્ટ હિરેન મહેતાજી ડોક્ટર અનામિક શાહ સીએમએસ ડોક્ટર રાજકુમાર, ગુપ્તા, પવનકુમાર મીના, એપીઓ કે કે દવે વગેરે ના હસ્તે દીપ પ્રજ્વલન કરવામાં આવ્યું હતું. યુવાઓને સંબોધિત કરતા ડીઆરએમ ગિરિરાજ કુમાર મીનાએ ઉદબોધિત કરતા જણાવ્યું કે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી પર ઉજવાતો આ વિશ્વ યુવા દિવસ નિમિત્તે વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ રાજકોટ દ્વારા કરવામાં આવેલા આ સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા.

જેસીસીએસ ડાયરેક્ટર અભિષેક રંજનએ કર્મચારીઓના પ્રશ્નો અને સમસ્યાઓની રજૂઆત કરતા જણાવ્યું હતું કે ડબલ્યૂઆરએમએસ એક માત્ર સંગઠન જે લગાતાર રેલ કર્મચારીઓ માટે સતત કાર્ય કરે છે અને આજે આપ સર્વે યુવા રેલ કર્મચારીઓ ને અમારૂં નમ્ર નિવેદન છે કે સંગઠન ની સાથે જોડાયેલા રહો.

આજે સંગઠન ને યુવાઓની જરૂર છે. અહીં ઉપસ્થિત ઓખા, દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, વાંકાનેર, મોરબી, સુરેન્દ્રનગર અને રાજકોટ ના વિવિધ સ્ટેશનોથી આવેલા તથા કાર્ય સેવાના લીધે નહીં આવી શકેલા કર્મચારીઓને યુવા દિવસ નિમિત્તે વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ રાજકોટ ટીમ તરફથી શુભેચ્છાઓ.. ડબલ્યૂઆરએમએસ રાજકોટના અધ્યક્ષ ડી આર સોઢાજીએ ઉપસ્થિત આમંત્રિત મહેમાનો, ઓફિસ બેરર, યુવા કાર્યકર્તાઓ, ઉપસ્થિત રેલ કર્મચારીઓનો ડબલ્યૂઆરએમએસ તરફથી આભાર વ્યક્ત કર્યો હતો અને આજના આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જેહમત ઉઠાવનાર સમગ્ર ટીમનું અભિવાદન કર્યું હતું. આ દરમ્યાન વર્ષ-૨૦૨૬ના કેલેન્ડરનું શાનદાર ઓપનિંગ કર્યું તથા ઉપસ્થિત મહેમાનો, કાર્યકર્તાઓ, યુવાઓને સ્મૃતિ ચિન્હ આપી આજના આ યુવા દિવસને યાદગાર બનાવ્યો હતો.

# મુન્દ્રા પોર્ટની મરીન ટીમની કમાલ: મહાકાય જાહજને સુરક્ષિત લંગારી રચ્યો ઈતિહાસ

## દેશમાં સૌ પ્રથમ વખત સંપૂર્ણ ભરેલા માઉન્ટ ન્યુ રેનોન જહાજનું હેન્ડલીંગ કરી ક્રુડ ઓઈલ ક્ષેત્રે શ્રેષ્ઠતા દાખવી




**અબતક, રાજકોટ**

મુંદ્રા પોર્ટે ભારતના દરિયાઈ ઈતિહાસમાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ એ તેના મુન્દ્રા બંદર પર ભારતના પ્રથમ વેરી લાર્જ ક્રૂડ કેરિયરના સફળ બર્થિંગની ઉપલબ્ધિ હાંસલ કરી છે. માઉન્ટ ન્યૂ રેનોન, જહાજ ૩.૩ લાખ ક્યુબિક મીટરની વિશાળ કાર્ગો ક્ષમતા સાથે મુંદ્રા બંદર ઉપર બર્થ કરાયું હતું, મુન્દ્રા ભારતનું પ્રથમ એવુ બંદર છે જે આવા સંપૂર્ણ લોડેડ જહાજને સફળતાપૂર્વક હેન્ડલ કરે છે.

મુન્દ્રા બંદર ખાતે સંપૂર્ણપણે ભરેલા વીએલસીસીને સીધું જેટી ઉપર સુરક્ષિત, ઝડપી, ખર્ચ-કાર્યક્ષમ રીતે બર્થ કરીને ક્રૂડ હેન્ડલિંગ પ્રદાન કરાયું. આ સિદ્ધિ ભારતની વિસ્તરતી ઉર્જા અને વેપાર મહત્વાકાંક્ષાઓ સાથે સુસંગત વિશ્વ-સ્તરીય અને ભવિષ્ય માટે તૈયાર માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે એપીએસઈઝેડ ની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સંપૂર્ણપણે ભરેલા સીધા જેટી બર્થિંગ વખતે અનેક પ્રકારની કાળજી રાખવી પડે છે. આ જહાજોના બર્થીંગ માટે વિશાળ ડ્રાફ્ટ, ડિસ્પ્લેસમેન્ટ અને સહાયક માળખાની જરૂરિયાતના કારણે વૈશ્વિકસ્તરે જૂજ બંદરો પર ઉપલબ્ધ છે. આ બેન્ચમાર્ક સાથે મુન્દ્રા પોર્ટનો વૈશ્વિક ક્રૂડ હેન્ડલિંગ હબના જૂથમાં સમાવેશ થયો છે. તે આંતરરાષ્ટ્રીય દરિયાઈ અને ઉર્જા નકશા પર ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

મુન્દ્રા પોર્ટ આંતરરાષ્ટ્રીય વેપાર અને ઊર્જા સુરક્ષામાં ભારતની વધતી જતી કુશળતાનો પુરાવો છે. તોફાની દરિયાઈ પરિસ્થિતિઓ અને પડકારજનક હવામાનમાં ધ માઉન્ટ ન્યૂ રેનોનનું બર્થીંગ મુશ્કેલ કાર્ય હતું. જો કે, મુંદ્રાની મરીન ટીમ અને પોર્ટ મેનેજમેન્ટે તેમાં કુશળતા, સંકલન અને ઓપરેશનલ શ્રેષ્ઠતા દાખવી. મુન્દ્રા ભારતનું સૌથી મોટું કન્ટેનર હેન્ડલિંગ બંદર પણ છે, તે કન્ટેનર, આયાતી કોલસો અને વાણિજિયક કાર્ગો હેન્ડલિંગની ક્ષમતાઓમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરે છે. ૨૦૨૪-૨૫ માં એક જ વર્ષમાં ૨૦૦ મિલિયન મેટ્રિક ટનથી વધુ કાર્ગોનું હેન્ડલ કરનાર તે ભારતમાં પ્રથમ પોર્ટ હતું. મુન્દ્રા પોર્ટની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા માટે ૨૦૨૪ અને ૨૦૨૫ માટે વિશ્વ બેંકના કન્ટેનર પોર્ટ પર્ફોર્મન્સ ઈન્ડેકસ માં માન્યતા આપવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર-કચ્છ દેશનું ગ્રોથ એન્જિનઃ રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમઓયુ

## રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં વિકાસનો ઝળહળાટઃ ગુજરાતમાં મૂડી રોકાણ માટે વિશ્વભરના ઉદ્યોગપતિઓ ઉત્સુક

## ૧૫ જાન્યુઆરી સુધી યોજાનારા એક્ઝિબિશનનો વધુમાં વધુ લાભ લેવા ઔદ્યોગિક એકમો તથા નાગરિકોને મંત્રી જીતુભાઈ વાઘાણીનો અનુરોધ




**અબતક, રાજકોટ**

ગુજરાતમાં મૂડી રોકાણ કરવા માટે દેશ વિદેશના ઉદ્યોગપતિઓ ભારે ઉત્સુક છે.

રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજીત બે દિવસીય 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ - કચ્છ અને સૌરાષ્ટ્ર'નું સમાપન થયું. આ કોન્ફરન્સ દરમિયાન રૂપિયા ૫.૭૮ લાખ કરોડના રોકાણના ૫૪૯૨ સમજૂતિ કરાર થયા હોવાની જાહેરાત કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ કરી હતી.

કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છને વિકસિત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક નક્કર રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં જ્યારે વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી, ત્યારે તેમને અનેક ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેમના અડગ વિશ્વાસ અને વિઝનને કારણે આજે ગુજરાત અને ભારત વિકાસની હરણફાળ ભરી રહ્યા છે. મંત્રીશ્રીએ ગૌરવ સાથે ઉમેર્યું હતું કે, વિશ્વભરના પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમો જેમને મળવા આતુર હોય છે, તેવા આપણા વડાપ્રધાનની આ રિજનલ કોન્ફરન્સમાં ઉપસ્થિતિ દર્શાવે છે કે તેમના માટે સૌરાષ્ટ્ર અને કચ્છનો વિકાસ કેટલો મહત્વપૂર્ણ છે.

મંત્રીશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાતના ઐતિહાસિક પ્રવાસ અને સફળતાના આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત દરમિયાન માત્ર રૂ. ૬૬ હજાર કરોડના ૮૦ એમ.ઓ.યુ. થયા હતા, તેની સામે આજે રાજકોટના આંગણે યોજાયેલી આ રિજનલ કોન્ફરન્સમાં જ રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમ.ઓ.યુ. સંપન્ન થયા છે. આ આંકડાઓ અને અનેક દેશોની સહભાગીતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પરનો અતૂટ ભરોસો દર્શાવે છે. આત્મનિર્ભર ભારત, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને મેઈક ઈન ઈન્ડિયા જેવા આયામો વડાપ્રધાનના નેતૃત્વમાં સાકાર થઈ રહ્યા છે, જેનો સીધો લાભ ગુજરાતના ઉદ્યોગપતિઓ અને એકમોને મળશે.

વિવિધ ઐતિહાસિક કિસ્સાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, કચ્છ અને સૌરાષ્ટ્રના લોકોની નસેનસમાં ઉદ્યોગ સાહસિકતા ભરેલી છે. સૌરાષ્ટ્રના નાવિકો એક સમયે દુનિયાના દરિયા પર રાજ કરતા હતા.

મંત્રીશ્રીએ સૌરાષ્ટ્રના વિવિધ ક્ષેત્રની ઔદ્યોગિક વિશેષતાઓનો પરિચય આપતા કહ્યું હતું કે, રાજ્યના દરેક વિસ્તારમાં કોઈને કોઈ કૌશલ્ય ભરેલું છે અને તેમાં સૌરાષ્ટ્રનું પ્રભુત્વ છે.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પોરબંદર, દ્વારકા અને સોમનાથ બેલ્ટ દુનિયાનું સૌથી મોટું પ્રવાસન ક્ષેત્ર બનવા જઈ રહ્યું છે. દેશ અને રાજ્યમાં સેમી કન્ડક્ટર ક્ષેત્રની પ્રગતિ અંગે કહ્યું હતું કે, ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૨૭માં સેમી કન્ડક્ટર ક્ષેત્રનું હબ બનશે.

આ તકે તેમણે કચ્છ અને સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોને ન્યૂ એજ ટેક્નોલોજી ક્ષેત્રમાં રોકાણ કરીને આગળ વધવા આહવાન કર્યું હતું.

ઉદ્યોગ સચિવ મમતા વર્માએ સ્વાગત પ્રવચનમાં સૌરાષ્ટ્ર કચ્છની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સને ગૌરવપૂર્ણ ક્ષણ ગણાવતા કહ્યું હતું કે, છેલ્લાં બે દિવસમાં ''સ્કેલ અને સ્કીલ''ના સમન્વય સાથે ઉદ્યોગ સાહસિકોને મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. બીટુબી, બીટુજી, રિવર્સ બાયર્સ સેલર્સ મિટ, ૫૦થી વધુ સેમિનાર સહિતના આયોજન થકી યુવા પેઢીને પણ નવી દિશા મળી છે.

આ તકે ઉદ્યોગ કમિશનર પી.સ્વરૂપે પ્રેઝન્ટેશનના માધ્યમથી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની સફળ યાત્રાની તલસ્પર્શી વિગતો રજૂ કરી હતી.

મારવાડી યુનિવર્સિટીના સ્થાપક કેતન મારવાડીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સે સાબિત કર્યું છે કે ભારત આજે વિશ્વમંચ ઉપર નવી ઊંચાઈઓને આંબી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કોન્ફરન્સમાં ૨૪ દેશના પ્રતિનિધિશ્રીઓ અને ૪૦૦૦ ઉદ્યોગ સાહસિકોની ઉપસ્થિતિ એ ઐતિહાસિક ઉપલબ્ધિ છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે Kutch Saurashtra : Anchoring Gujarat's vision પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ઉત્તમ પ્રદર્શન કરનારા વિવિધ એમ.એસ.એમ.ઈ.ના ઉદ્યોગકારો, હસ્તકલા કારીગરો, ઉદ્યોગ વિભાગનું પુરસ્કાર સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

કોન્ફરન્સ દરમિયાન વિવિધ સેક્ટરોમાં થયેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓ ઉદ્યોગો માટે માર્ગદર્શક સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા મંત્રીશ્રીએ વધુમાં વધુ ઔદ્યોગિક એકમો અને નાગરિકોને આગામી તારીખ ૧૫ જાન્યુઆરી સુધી આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. અંતમાં, તેમણે આશા વ્યક્ત કરી હતી કે જ્યારે ભારત વિશ્વગુરૂના સ્થાને બિરાજશે ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ તેના મુખ્ય ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવશે.

આ તકે રાજ્યના પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' સૌરાષ્ટ્ર કચ્છની ક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરનાર મોટું પ્લેટફોર્મ બની છે.

જ્યારે મારવાડી યુનિવર્સિટીના સંચાલકોનું આભાર સાથે બહુમાન કરાયું હતું.

### વધતી જતી પાવરની જરૂરિયાત સામે ટૉરેન્ટ ગ્રુપનો 'ગ્રીન પાવર' સંકલ્પઃ સુહાગ પ્રજાપતિ



ટૉરન્ટ ગ્રૂપ એ અલગ અલગ પ્રકારના બિઝનેસમાં સહભાગી છે. ફાર્મા, પાવર, ગેસ, રિન્યુએબલ,સ્ટૉરેન્ટ એલેક્ટોલિકલ, કેબલ મેન્યુ ફેક્ચરમાં ઈન્વોલ્વ છે. ત્યારે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું કે કન્ઝ્યુમર ગ્રીન એનર્જી કે રિન્યુએબલ પાવરની માંગ હોય તો એ તેમને આપીએ છીએ. એ સિવાય સરકારનુ જે છે કે રિન્યુએબલ પાવરથી બધાને ઉર્જા મળે તો એના પર વધારે ધ્યાન આપીએ છીએ. તેમની કંપની ટૉરેન્ટ સુરત, ગાંધીનગર એવી રીતે છ થી સાત લાયસન્સી વિસ્તાર છે. ઈન્વેસ્ટમેન્ટ ની વાત કરીએ તો એક હજાર કરોડનું રોકાણ કરેલ છે.

### એસ્સાર બાયો-ફ્યુઅલ પ્રોજેક્ટ માટે રૂ. ૫,૧૦૦ કરોડનું મૂડી રોકાણ કરશે



તસવીરઃ હર્ષ ઝીંઝુવાડીયા

એસ્સાર ફ્યુચર એનર્જી લિમિટેડે રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ગુજરાત સરકાર સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.

આ એમઓયુ હેઠળ, એસ્સાર ફ્યુચર એનર્જી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મોટા પાયે બાયો-ફ્યુઅલ કોમ્પ્લેક્સ સ્થાપિત કરશે, જેની પ્રારંભિક ફીડસ્ટોક પ્રોસેસિંગ ક્ષમતા વાર્ષિક ૧ મિલિયન ટન હશે. આ પ્રોજેક્ટમાં રૂ. ૫,૧૦૦ કરોડનું રોકાણ શામેલ છે અને તે લગભગ ૩૫૦ સીધી રોજગારીની તકો ઉભી કરશે તેવી અપેક્ષા છે. જેની કામગીરી ૨૦૨૯ સુધીમાં શરૂ કરવાનું લક્ષ્ય છે.રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં એસ્સારે ઈંધણ પ્રોજેક્ટ હોલ્ડિંગ્ઝ- ગુજરાત માટે રૂ. ૫.૧૦૦ કરોડનું રોકાણ કરવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.

આ પ્રોજેક્ટને સેઝ યુનિટ તરીકે વિકસાવવામાં આવશે અને તે ઉડ્ડયન, શિપિંગ અને રોડ ટ્રાન્સપોર્ટ માટે સ્વચ્છ ઈંધણ ઉકેલો પ્રદાન કરીને, મુશ્કેલ ક્ષેત્રોને ડીકાર્બનાઈઝ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.દરકોની લિકાની સુધીઆ વિકાસ અંગે ટિપ્પણી કરતા, એસ્સાર ફ્યુચર એનર્જી લિમિટેડના સીઈઓ વિભવ અગ્રવાલે જણાવ્યું હતું કે, ''વિકસિત ગુજરાત -વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝન સાથે સંકલિત, ઊર્જા સ્વતંત્રતા માટે ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ બનાવવા પર રાજ્યના ધ્યાનના ભાગ રૂપે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અને ઊર્જા સંક્રમણમાં ભારતની સફરનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખે છે. અમે ભવિષ્ય માટે તૈયાર, ઓછા કાર્બન ઉર્જા ઉકેલો વિકસાવવા માટે ગુજરાત સરકાર સાથે ભાગીદારી કરી રહ્યા છીએ.

### એક નંગ બનાવતા ૧૦ દિવસ લાગે છે, જે કલાની બારીકાઈ સૂચવે છે : મંજુબેન






વાઈબ્રન્ટ ગુજરાત સમિટના વોકલ ફોર લોકલમાં ભાવનગરથી એક મંજુબેન આવેલ હતા. જેમણે અબતક સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું કે તેઓ આ મોતીના તોરણ અને મોર પચીસ વર્ષથી બનાવે છે. એક નંગ બનાવાતા દસ દિવસ લાગે છે. તેઓ અમેરિકા , દિલ્હી , રાજકોટમાં આ મોર બધી જગ્યાએ વહેંચે છે. તેમણે આ કાર્યક્રમથી સારો એવો પ્રતિસાદ પણ મળ્યો છે.

### કચ્છની દુર્લભ વિરાસત 'રોગાન આર્ટ': એરંડિયાના તેલમાંથી સર્જાતી જાદુઈ કલાઃ પદ્મશ્રી અબ્દુલ ગફુર ખત્રી





કચ્છની અવનવી કલાઓ આપણે જોઈ હશે ત્યારે તેવી જ રીતે રોગન આર્ટ પણ કચ્છનું એક કલાકમાં કૃતિ છે જેમાં અબતક સાથેની વાતચીતમાં પદ્મશ્રી અબ્દુલ ખત્રી એ જણાવ્યું કે તેઓ વર્ષાગત રોગાન આર્ટ સાથે જોડાયેલા છે. અને આ રોગાન આર્ટ દુર્લભ કળા ગણવામાં આવે છે. રોગાન આર્ટ ૮ કરનાર ચાર પરિવાર કચ્છમાં હતા. દુષ્કાળને લીધે ૧૯૮૦ માં આ કામ બંધ થઈ ગયું હતું. રોકાણ આર્ટ એરંડિયા તેલમાંથી બનાવવામાં આવે છે બે દિવસ તેને ગરમ કરીને તેની પ્રોસેસ કરવામાં આવે છે પછી રબર ફોર્મ માં આવી જાય ત્યારે એટલે તેને રોગાન નામ આપવામાં આવે છે.

### મહિલાઓ હવે ખેતરમાં ઉડાડશે ડ્રોનઃ ડો. પૂજન વૈષ્ણવ





વાઈબ્રન્ટ ગુજરાત પ્રદર્શનમાં ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિ.ના સ્ટોલ પર આધુનિક ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ડો. પૂજન વૈષ્ણવે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે,ગ્રામીણ મહિલાઓને ડ્રોન ઓપરેટ કરવાની તાલીમ આપી તેઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવામાં આવી રહી છે ખેડૂતોએ ઝેરી દવાઓના સીધા સંપર્કમાં આવવું પડતું નથી, જેથી ચામડીના રોગો અને અન્ય શારીરિક જોખમોમાં ઘટાડો થાય છે.આમ, રીજનલ કોન્ફરન્સ અને આધુનિક કૃષિ ટેકનોલોજીના સમન્વયથી સૌરાષ્ટ્ર અને કચ્છના આર્થિક અને સામાજિક માળખામાં મોટા પરિવર્તનની અપેક્ષા રાખવામાં આવી રહી

### વોકલ ફોર લોકલ માત્ર નારો નહીં પણ આત્મનિર્ભર ભારતનો સંકલ્પ છેઃ મહિમા



વોકલ ફોર લોકલ ફક્ત એક નારો નથી પરંતુ આપણા વડાપ્રધાનએ આપેલ એક સંકલ્પ છે. ભારતની આત્મ નિર્ભરતાનો સંકલ્પ છે. અબતક સાથેની વાતચીતમાં મહિમા એ જણાવ્યું હતું કે વાઈબ્રન્ટ સમિટ પરથી સ્થાનિક ઉત્પાદન અને વૈશ્વિક દ્રષ્ટી સાથે મળે છે ત્યારે ભારત પોતાની વૈશ્વિક એક ઓળખ બનાવશે. લોકલ ને ગ્લોબલ બનાવીએ એ જ સામાન્ય જનતાનો નિર્દેશ છે. કચ્છના જે કલાકારો છે તેમની મહેનત છે એ રંગ લાવે એવું આપણે કરવું જોઈએ. લોકલ વસ્તુને વધારે અપનાવીએ.

### ૭૦૦ વર્ષ જૂની પરંપરાને વિદેશના લોકો આવકારે છેઃ રાઠોડ વલદેવ મોહનભાઈ

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જે આ લોકલ ફોર વોકલ વાઈબ્રન્ટ ગુજરાતમાં રાખવામાં આવ્યું છે તેનાથી લોકોને ખ્યાલ આવશે કે આપણા દેશની જ વસ્તુઓ ખરીદવી જોઈએ. આ કલાકારી ૭૦૦ વર્ષ જૂની છે અને એ પરંપરાગત રીતે કરતા આવે છે. સુરેન્દ્રનગરના રાઠોડ વલદેવ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું કે તેમને લોકો નો સારો એવો પ્રતિસાદ મળ્યો છે.





વિદેશથી આવેલ લોકો પણ આપણા દેશની લોકલ વસ્તુઓ આપણા કચ્છની કલાની કદર કરે છે. તેના બદલ તેમને આભાર માન્યો હતો.

## 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' સૌરાષ્ટ્ર કચ્છની ક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરનાર મોટું પ્લેટફોર્મ બનીઃ કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા

---

કાયપો છે.... ઢીલ દે ઢીલ દે દે રે ભૈયા

# કાલે પતંગોત્સવઃ આકાશમાં રંગબેરંગી પતંગોની રંગોળી પૂરાશે

## અગાસીઓ શોરબકોરથી ગુંજી ઉઠશે, ઉંધીયું પુરીની જયાફત જામશેઃ સુર્યાસ્ત બાદ આતશબાજી અને રાસ ગરબાની રમઝટ બોલશે

## મકરસંક્રાંતિના પર્વમાં દાન-પુણ્યનું પણ વિશેષ મહત્વઃ પક્ષીઓની સલામતી માટે સવારે અને સાંજે પતંગ ન ઉડાડવા અપીલ

**અબતક, રાજકોટ**

ગુજરાતવાસીઓના સૌથી ફેવરિટ તહેવાર પૈકીના એક એવા ઉત્તરાયણ પર્વની આવતીકાલે બુધવારના રોજ ઉજવણી કરવામાં આવશે. આકાશમાં રંગબેરંગી પતંગોની રંગોળી પુરાશે અગાસીઓ એ કાપયો છે. ઢીલ દે ઢીલ દે દે રે ભૈયા લપેટ જેવા ગગનભેદી નાદથી ગુંજી ઉઠશે ઉંધીયું, પુરી, જલેબી, જીંજરા, ચિકી , શેરડી, બોરની જયાયતો ઉડશે. સુર્યાસ્ત બાદ અગાસીઓ પર રાસ ગરબાની રમઝટ બોલશે ફટાકડાઓ ફુટશે, અમદાવાદ અને સુરતમાં ૧૪મી જાન્યુઆરીએ ઉત્તરાયણની ઉજવણી તો કરાય જ છે ૧૫મી



જાન્યુઆરીએ વાસી ઉત્તરાયણની પણ શાનદાર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષ પતંગ-દોરાના ભાવમાં ૩૦ ટકાનો ઉછાળો આવ્યો છે. ઉત્તરાયણના અંતિમ દિવસોમાં બજારમાં ખરીદીની ભારે જમાવટ જોવા મળી રહી છે. ઉત્તરાયણના દિવસને દાન-પુણ્ય માટે પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે. કાલે ષટતિલા એકાદશી પણ હોવાથી દાનનું મહત્વ વધી જાય છે. આવતીકાલે બપોરે ૩.૦૮ કલાકે સુર્યનારાયણ મકર રાશીમાં પ્રવેશ કરશે.

ગુજરાતના લોકોને ઉત્સવ પ્રિય ગણવામાં આવે છે. ઉત્તરાયણના દિવસે સવારથી સાંજ સુધી પતંગ ઉડાડે છે. સુર્યાસ્ત બાદ અગાસી પર રાસ (અનુ. આઠમા પાને)

### મકરસંક્રાંતિ સાથે ષટતિલા એકાદશીથી વિશેષ મહત્વ



પાપોનુ પ્રાયશ્ચિત કરવાનું વ્રત એટલે ષટતિલા એકાદશી. ષટતિલા એકાદશીનું વ્રત કરવાંથી સર્વ પાપોમાંથી મુક્તિ મળે છે, આ વ્રતની વિધિ આ પ્રમાણે છે : આ વ્રતના દિવસે વ્રતીએ બ્રહ્મચર્યનું પાલન કરવું, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, વગેરે હલકી મનોવૃત્તિઓનો ત્યાગ કરવો એકાદશીના દિવસે પ્રાતઃકાળે ઉઠી સ્નાન-વિધિથી પરવારી ત્યારબાદ સૂર્ય ને અર્ધ્ય આપવું પુરુષોત્તમ નારાયણનું પૂજન કરવું, એટલે શ્રીકૃષ્ણ ભગવાનનું વિધિવત પૂજન કરવુ સુગંધિત દ્રવ્યો સમર્પણ કરવાં અને અર્ઘ્ય આપી પિતૃઓની સદ્ગતિ માટે પ્રાર્થના કરવી. વિષ્ણુ સહસ્ત્ર નામ બોલવા અથવા તો વિષ્ણુ ભગવાનના જેટલા નામ બોલી શકાય તેટલા બોલવા પીપળાનું પૂજન કરી પીપળાની પ્રદક્ષિણા ફરવી વ્રતધારીએ પોતાની શક્તિ અનુસાર તલનું ભરેલું પાત્ર અને અને વસ્ત્ર બ્રાહ્મણને દાનમાં આપવાં. જેટલા તલનું દાન કર્યું હોય તેટલા હજાર વર્ષ પર્યંત સ્વર્ગ - પ્રાપ્તિ થાય છે . ખાસ કરીને આ એકાદશીના દિવસે વ્રત અને દાન કરવાથી જીવનમાં શાંતિ (અનુ. આઠમા પાને)